# મહારાજા નળ

# મહાસતી દમયંતી

પ્રવચનકાર

પ.પૂ.આધ્યાત્મિકદેશનાદાતા આચાર્યદેવ
શ્રીમદ્ વિજયયોગતિલકસૂરીશ્વરજી મહારાજા

## પ્રવચનસાહિત્યશ્રેણી (ગુજરાતી)

૧. સાચા સુખની શોધમાં
૨. જૈનશાસનની દીક્ષા
૩. સંસાર અને મોક્ષની ઓળખ
૪. તારક તત્ત્વની ઓળખ
૫. સજ્જનતા
૬. ક્રોધ કદી કરશો મા
૭. ધર્મપ્રાપ્તિના ઉપાયો
૮. અનુષ્ઠાનની ઓળખ
૯. ભાવે ભાવના ભાવીએ
૧૦. કર્મ હારે ધર્મ જીતે
૧૧. સાત કોડીથી રાજ
૧૨. ક્ષમાદાનના પ્રભાવે
૧૩. મંત્રીશ્વર વસ્તુપાલની સાત યાચના
૧૪. સાધના આપે સફળતા
૧૫. પરિવાર ઘડતર
૧૬. ગૃહાંગણે પૂજ્યોની પધરામણી શા માટે ?
૧૭. ભાવશ્રાવકનો ગુણવૈભવ
૧૮. ભાવનાનું ઝરણું
૧૯. પુણ્યપાપની ચતુર્ભંગી
૨૦. જિનશાસનની અહિંસા
૨૧. થી ૨૩. અધ્યાત્મની દિશા ૧,૨,૩
૨૪. કષાયોની કાલિમા
૨૫. દીક્ષાધર્મની ઓળખ
૨૬. સુપાત્રદાનનો માર્ગ
૨૭. નવપદની ઓળખ
૨૮. નવપદના પ્રભાવે
૨૯. છ આવશ્યકની ઓળખ
૩૦. જૈનશાસનની પ્રભુપ્રતિષ્ઠા
૩૧. સત્ત્વના પ્રભાવે
૩૨. સમ્યક્ત્વના લિંગો
૩૩. તેર દોષોની ઓળખ
૩૪. મહામંત્રીશ્વર પેથડશાહ
૩૫. દોષથી દુઃખ, ગુણથી સુખ
૩૬. મહારાજા નળ અને મહાસતી દમયંતી
૩૭. સમ્યક્ત્વના લક્ષણો
૩૮. ૩૯. યોગમાર્ગની ઓળખ ૧,૨

॥ ॐ ह्रीँ श्री धरणेन्द्र-पद्मावतीपरिपूजिताय श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ॥

॥ श्री मणि-पद्म-જીત-હીર-બુદ્ધિ-તિલક-શાન્તિચન્દ્ર-કનકપ્રભ-સોમચન્દ્રસરિસદ્ગુરુભ્યો નમઃ ॥

॥ પ્રવચનસાહિત્યશ્રેણિ - ૩૬ ॥

# મહારાજા નળ મહાસતી દમયંતી

(શ્રી નળ દમયંતી ચરિત્ર આધારિત પ્રવચનો)

-:: પ્રવચનદાતા ::-

પ.પૂ. આશ્રિતગણહિતચિંતક આચાર્ય ભગવંત

**શ્રીમદ્ વિજયજિનચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**

પ.પૂ. સમતાનિધિ આચાર્ય ભગવંત

**શ્રીમદ્ વિજયસંયમરત્નસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**

પ.પૂ. આધ્યાત્મિકદેશનાદાતા આચાર્ય ભગવંત

**શ્રીમદ્ વિજયયોગતિલકસૂરીશ્વરજી મહારાજા**

-:: પ્રકાશન ::-

સંયમ સુવાસ

ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR
SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382007.
Phone : (079) 23276252, 23276204-05

# મહારાજા નળ મહાસતી દમયંતી

આવૃત્તિ - પ્રથમ  પ્રકાશન : વિ. સં. ૨૦૭૨  નકલ - ૩૦૦૦

-:: પ્રાપ્તિસ્થાન ::-

**"સંયમ સુવાસ"**

**શ્રી શાંતિ-કનક શ્વે.મૂ.પૂ.જૈન સંઘ,** કદમ્બભવનની સામે, ટીમલીયાવાડ,

નાનપુરા, સુરત-૩૯૫૦૦૧. - ફોન : ૦૨૬૧-૩૦૫૯૧૯૧

**સુમતિ જમનાલાલ શેઠ**

''સુવિધા ટ્રેડર્સ'' જુનાગંજ બજાર, મુ.પો. ભાભર,

જિ. બનાસકાંઠા, ઉ.ગુ.-૩૮૫૩૨૦. - મો. : ૯૮૨૪૩ ૦૦૭૯૫

**ભરતભાઈ એફ. સંઘવી**

૫૦૮, સીલ્વર ઓક, મહાલક્ષ્મી ક્રોસ રોડ, પાલડી,

અમદાવાદ-૭. - ફોન : ૨૬૫૮ ૪૪૩૩

**રવીન્દ્ર જિનદત્તભાઈ શાહ (C.A.)**

૨૦૩/નીલય ચેમ્બર્સ, દાળીયા શેરી, મહિધરપુરા, સુરત-૩૯૫૦૦૩.

મો. : ૯૮૨૫૧ ૨૩૩૫૨ - ઓ. ૨૪૫૨૫૦૬/૨૪૫૨૫૧૯

**પ્રકાશ ધીરજલાલ સોનેથા**

એ-૧૦૨, રત્નપુરી, ગૌશાળા લેન, દફ્તરી રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ-૯૭

મોબાઈલ : ૯૮૨૧૧ ૮૧૫૭૦

**અક્ષર સંયોજન :** શ્રી સાંઈ કોમ્પ્યુટર્સ - ૯૧૭૩૭૨૫૯૬૪

**વધુ જાણકારી માટે**

સંયમ સુવાસ - ૯૭૨૬૦ ૪૫૦૦૭

# ર્ણિમ સંયમ પર્વની સંવેદના''

- ગૃહસ્થપણામાં બાપલા જૈન સંઘમાં એક પીઢ અને સક્રિય સુશ્રાવક તરીકે આપ જીવ્યા .....
- એક ધનાઢ્ય પરિવારની દીક્ષાના વરઘોડા જેવું નાનકડું નિમિત્ત પામી પૂ.આ.વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શ્રીમુખે 'છોડવા જેવો સંસાર' 'લેવા જેવું સંયમ' અને 'મેળવવા જેવો મોક્ષ' આ ત્રિપદીનું શ્રવણ કરી વૈરાગ્ય કેળવી ટૂંક સમયમાં જ આપે સજોડે સંયમ સ્વીકારનો નિર્ણય કર્યો....
- વિ.સં.૨૦૨૨ના ફાગણ સુદ ૪ના ધન્યાતિધન્ય દિને આપશ્રીએ 'સૂરિશાન્તિચન્દ્ર' ના પાવન ચરણે જીવન સમર્પણ કર્યું.....
- 'મુનિ જિનચન્દ્રવિજય' તરીકે લગાતાર સવાસાત વર્ષ સુધી ગુરુચરણોની ઉપાસના કરી આપશ્રીએ ગુરુના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું....
- વિ.સં.૨૦૨૯ના જેઠ વદ ૪ ના દિને આપશ્રીના ગુરુવરે આપશ્રીના જ ખોળામાં મસ્તક ઢાળીને સહજ સમાધિ પ્રાપ્ત કરી.....
- વિશેષ યોગ્યતાઓ જોઈને વડીલોએ આપશ્રીને ગણિ-પંન્યાસ-આચાર્યપદ પર આરૂઢ કર્યા....
- નિર્મલ સંયમજીવનનો લગાવ અને પ્રભુએ બતાવેલા માર્ગે ચાલવાની મક્કમતાને કારણે સૌના વિશ્વાસનું ધામ આપશ્રી બન્યા.....
- આપશ્રીની અનુપમ સાધનામાંથી ઉભા થયેલા નિર્મલ પુણ્યે શાસનની શાનને દિગંતમાં પ્રસારી.....
- ૯૧ વર્ષની અતિજૈફ વયે પણ આપશ્રી યુવાનને શરમાવે તેવી સાધનામાં રત છો.....
- વડતળે દીક્ષિત બનેલા આપશ્રી આજે ૧૮૦થી વધુ શ્રમણ-શ્રમણીવૃંદ માટે વડતુલ્ય બની રહ્યા છો .....

હે આશ્રિતગણહિતચિંતક પરમ પૂજ્ય આચાર્યદેવેશ

**શ્રીમદ્ વિજય જિનચન્દ્રસૂરીશ્વરજી મહારાજા!**

આપના ૫૦ વર્ષીય સંયમજીવનની અનુમોદનામાં

આ નાનકડું પુષ્પ આપને અર્પણ કરી

અમો ધન્યતા અનુભવીએ છીએ.

## ::- પ્રકાશકીય ::-

આશ્રિતગણહિતચિંતક સૂરિદેવશ્રીના પ્રશિષ્યરત્ન આધ્યાત્મિક-દેશનાદાતા સૂરિભગવંતના પ્રવચનો પુસ્તરૂપે પ્રકાશિત કરી વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવામાં અમો નિમિત્ત બનીએ છીએ. તેનો અપાર આનંદ છે.

આ પુસ્તકમાં વિ.સં. ૨૦૭૦માં અમદાવાદ ચાતુર્માસ વખતે દર રવિવારે શ્રીનળ અને દમયંતીના જીવનને કેન્દ્રમાં રાખીને અપાયેલા પ્રવચનો પ્રકાશિત થઈ રહ્યા છે.

આ પુસ્તકના મુદ્રણમાં સહયોગ આપવા બદલ અમે નવનીત એજ્યુકેશન લીમીટિડના આભારી છીએ.

આ જ રીતે પૂજ્યપાદશ્રીના પ્રવચનો વધુને વધુ લોકો સુધી પહોંચાડવામાં અમો નિમિત્ત બનીએ અને તે દ્વારા પરમપદ બનીએ એ જ એક અભિલાષા.

લિ. સંયમ સુવાસ

-:: ખાસ વિનંતિ ::-

આ પુસ્તક વંચાઈ જાય પછી આપને જરૂર ન હોય તો
પ્રાપ્તિસ્થાનના સરનામે પરત મોકલાવશોજી.
જેથી અન્યના ઉપયોગમાં આવી શકે.

## 'સંયમ સુવાસ' પ્રકાશનના કાયમી લાભાર્થી પરિવારો

### ❋ આધાર સ્તંભ ❋

શ્રી હરગોવનદાસ દલીચંદભાઈ લાલણ પરિવાર - રામપુરા (એટા)
શ્રીમતી પ્રેમીલાબેન બાબુલાલ મણિયાર પરિવાર - હ. શૈલેષભાઈ ભાભરતીર્થ
શ્રીમતી ચંપાબેન જયંતીલાલ દાનસુંગભાઈ અજબાણી પરિવાર - ધાનેરા
શ્રી મગનલાલ ડોસજીભાઈ પટેલ પરિવાર - મડાણા (ગઢ)
શ્રીમતી મુક્તાબેન રમેશચન્દ્ર ફોફાણી પરિવાર - તેરવાડા
શ્રીમતી લીલાબેન નગીનદાસ અજબાણી પરિવાર - ધાનેરા
શ્રી ધવલચંદ છગનલાલજી ઘમંડીરામજી કાનુગો પરિવાર - સાંચોર
શ્રીમતી જીવીબેન સિરેમલજી લખમીચંદજી ચંદન પરિવાર - સાંચોર
શ્રીમતી મંજુલાબેન મુલચંદભાઈ નાગડા પરિવાર - કચ્છ કોટડી મહાદેવપુરા
શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી
શ્રી નંદપ્રભા જૈન તીર્થભૂમિ ટ્રસ્ટ
શ્રીમતી ચંપાબેન દલીચંદભાઈ પારેખ પરિવાર, હ. ફાલ્ગુની વીરેન્દ્ર પારેખ
શ્રીમતી રીખુબેન ફોજાલાલ ખુબચંદભાઈ સંઘવી પરિવાર - ભાભરતીર્થ

### ❋ સહાયક ❋

શ્રીમતી પ્રભાબેન પ્રભુલાલભાઈ શાહ પરિવાર - સમી હ. પ્રેમીલાબેન નવીનચંદ્ર
શ્રી ચીમનલાલ પોપટલાલ સંઘવી પરિવાર - પીલુચાવાળા
શ્રી ઉમેદચંદભાઈ રૂપચંદભાઈ સંઘવી પરિવાર - સણવાલ
શ્રીમતી દિવ્યા દેવેન્દ્ર ફોફાણી પરિવાર - તેરવાડા, હ. યશ-રિદ્ધિ
શ્રી બાબુલાલ વરધીચંદ મહેતા પરિવાર - સાંચોર હ. ભાવિકકુમાર
શ્રી ચંદુલાલ કચરાલાલ શાહ પરિવાર - માલણ
શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી - દાદર
શ્રી ગુરુભક્તો તરફથી - મુંબઈ
શ્રીમતી રંગુબેન લક્ષ્મીચંદજી હંસાજી શાહ પરિવાર - વાંકડીયા વડગામ
શ્રી રમેશચંદ્ર કેશવલાલ સિરોઈયા પરિવાર - ધાનેરા
શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી - ડીસા
શ્રી તેજરાજજી સરેમલજી મહેતા પરિવાર - સાંચોર
શ્રીમતી હંસાબેન દલપતભાઈ શેઠ પરિવાર - દાંતીવાડા
શ્રીમતી પુનીબેન અરિતલાલ વર્ધમાનભાઈ મહેતા પરિવાર - તેરવાડા
પૂ.શોભનતિલકવિજયજી મ.સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે, શ્રીમતી જ્યોત્સનાબેન અશોકકુમાર પરીખ - વાવ
શ્રી અમૃતલાલ સોભાગચંદભાઈ કોઠારી પરિવાર-તેરવાડા હ. સુર્યાબેન હીંમતલાલ કોઠારી

## ❋ શુભેચ્છક ❋

શા. જવાનમલ દરગીચંદ મુળાજી સુરાણી પરિવાર - જાખડી
શ્રીમતી કમલાબેન ભીમરાજજી રતનચંદ મંડલેશા પરિવાર - મુંડારા (રાજ.)
શ્રીમતી શારદાબેન રસિકલાલ અમૃતલાલ ફોફાણી પરિવાર - તેરવાડા
શા. તેજપાલ પૂનમચંદ માધાણી પરિવાર - માલવાડા
શ્રીમતી વિરાબેન સોભાગચંદ ભુરાલાલ અંગારા પરિવાર, હ. ભરતમામા-ધાનેરા
શ્રી જૈન વિદ્યાર્થી મંડળ-સુરત, હ જિનદત્તભાઈ કાંતિલાલ રાતડીયા
શ્રીમતી વિમલાબેન વસંતલાલ સંઘવી (શાહ) પરિવાર - ભાભર તીર્થ
શ્રીમતિ શાંતાબેન અમૃતલાલ સોભાગચંદ કોઠારી-તેરવાડા. હ. ચંદ્રિકાબેન હસમુખભાઈ કોઠારી
શ્રી એક સદ્ગૃહસ્થ - અમદાવાદ
શ્રી સંઘવી હંજારીમલ પરખાજી પરિવાર - માલવાડા
સા. સ્નેહલતાશ્રીજી મ.ના સંયમ જીવનની અનુમોદનાર્થે શ્રી કમાલીયા વિમળાબેન પૂનમચંદ પરિવાર - ધાનેરા
શ્રી બાપુલાલ મોતીલાલ શાહ પરિવાર - ગેલડા (કચ્છ)
શ્રીમતી હંસાબેન વિનોદભાઈ સુતરીયા પરિવાર
શ્રી પુખરાજજી વિજયરાજજી મહેતા પરિવાર - પીંડવાડા
શ્રી અરવિંદભાઈ રતિલાલ દોશી પરિવાર - વઢવાણ
શ્રી રતિલાલ ચીમનલાલ ફોફાણી પરિવાર - તેરવાડા
શ્રીમતી કલાબેન રસિકલાલ ફોફાણી પરિવાર - તેરવાડા
પૂ. હેતતિલકવિજયજી મ.સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે, શ્રીમતી ઉર્મીબેન મદનલાલ સંઘવી પરિવાર - ભાભર તીર્થ
શ્રીમતી શાંતાબેન પ્રભુજી બૂર્ડ પરિવાર - સાંચોર
શ્રીમતી મુક્તાબેન જવાનમલ દરગીચંદ સુરાણી પરિવાર - જાખડી
શ્રીમતી રમીલાબેન નવિનચંદ્ર આકોલીયા પરિવાર - ભાભરતીર્થ
શ્રીમતી ઈન્દિરાબેન રમેશચંદ્ર શાહ - ભાભરતીર્થ
શ્રીમતી કમળાબેન રમણીકલાલ વીરચંદભાઈ કોઠારી - મુંબઈ
માતૃશ્રી સવિતાબેન જમનાલાલ જીવતલાલ શેઠ પરિવાર - ભાભરતીર્થ

પૂજ્યપાદ સૂરિભગવંતના પ્રવચન શ્રવણ દ્વારા પ્રભાવિત થયેલ આ પુણ્યવંત પરિવારોએ ખૂબ સદ્ભાવથી આ પ્રવચન પુસ્તકના પ્રકાશનનો લાભ લીધો છે. તેમની આ ભાવનાની ભૂરિ ભૂરિ અનુમોદના...

લિ. સંયમ સુવાસ

# મહારાજા નળ મહાસતી દમયંતી

(શ્રી નળ દમયંતી ચરિત્ર આધારિત પ્રવચનો)


❀ પ્રવચનદાતા ❀

કથામર્મદર્શી પ.પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્

**વિજયયોગતિલકસૂરીશ્વરજી મહારાજા**


❀ સ્થળ-અવસર ❀

અમદાવાદ ચાતુર્માસ વિ.સં. ૨૦૭૦



# પ્રવચન-૧

અનંતોપકારી અનંતજ્ઞાની ત્રણ જગતના નાથ પરમતારક પરમાત્માએ સકળ જીવોનું કલ્યાણ થાય એવી ભાવના ભાવી, એ ભાવનાના પ્રભાવે તીર્થંકરનામકર્મ બાંધ્યું અને તીર્થંકરનામકર્મના ઉદયે વિશ્વના તમામ જીવોનું સુખ જેમાં સમાયેલું છે એવા મોક્ષમાર્ગની દિવ્ય ભેટ જગતને અર્પી. મોક્ષમાર્ગ એટલે સુખનો માર્ગ. આ માર્ગમાં અવતરનારને અંદરનું વાસ્તવિક સુખ પ્રાપ્ત થાય છે તો ભૌતિક સુખની તો શું વાત કરવી ? મોક્ષમાર્ગની આરાધના કરનારનો કેવો વિકાસ થાય છે અને જો મોક્ષમાર્ગને બાધક પ્રવૃત્તિ થઈ જાય તો કેવી કફોડી હાલત થાય છે. આ બંને અવસ્થાને સૂચવતા ચરિત્રની વાત કરવી છે.

## શ્રુતની ચતુર્વિધતા :

પ્રભુએ આપણને અદ્ભુત શ્રુત અર્પ્યું છે. જો કે વર્તમાનમાં શ્રુત ઘણું ઓછું વિદ્યમાન છે, છતાં આપણા માટે ઘણું છે. જેટલું શ્રુત વિદ્યમાન છે એમાંથી આપણે આપણું કલ્યાણ સાધી શકીએ તેમ છીએ. વર્તમાન શ્રુત ચાર વિભાગમાં વહેંચાયેલું છે : જીવનું અસ્તિત્વ અને જડની અસરો શું હોય ? જડના કારણે જીવ સાથે કેવી ઘટનાઓ ઘટે છે ! એવું જેમાં સમજાવ્યું છે તે દ્રવ્યાનુયોગ. વિશ્વમાં ક્યાંય ન જડે તેવું મેથેમેટીક્સ જૈનશાસનનું છે. એની ગણત્રી ને વિચારણા ભેજામાં ન ઉતરે તેવી સૂક્ષ્મ છે. જૈનશાસનમાં તો પૂર્વાચાર્ય ભગવંતોએ જણાવ્યું જ છે કે એક સેકંડના અસંખ્ય ટૂકડા થાય. જ્યારે વૈજ્ઞાનિકોએ સર્ચ કરીને ૫૦ વર્ષ પૂર્વે કહ્યું કે એક સેકંડના ૧૦૦ ટૂકડા થાય તો લોકો માનતા ન હતા, આજે ૧૦૦૦ ટૂકડા પાડી શક્યા. આટલા વર્ષે ૧૦૦૦૦ સુધી પહોંચ્યું, અસંખ્ય સુધી તો પહોંચવાનું જ નથી છતાં તમને એમાં વધારે શ્રદ્ધા છે. પ્રભુ તો સર્વજ્ઞ છે, એમણે આખા વિશ્વનું ગણિત બતાવ્યું છે. અનુયોગ = સૂત્રના અર્થ ને જણાવે

તે પદાર્થોના ગણિતની જેમાં વાત હોય તે ગણિતાનુયોગ. દુનિયાના નાસ્તિકે પણ સ્વીકારવો પડે તેવો લોજિકલી - તર્કપૂર્ણ સુખનો માર્ગ જેમાં બતાવ્યો છે તે ચરણકરણાનુયોગ. નાસ્તિક, આત્મા ન માને, ચેતના તો માને ને ? તે સુખમય ચેતના પ્રગટ કેવી રીતે થાય, તેનું સાંગોપાંગ વર્ણન એમાં કર્યું છે. આસ્તિક તો એ વાતો સાંભળીને ફિદા થઈ જાય. અનંતકાળથી મારો આત્મા સુખી થવા માટે તનતોડ મહેનત કરી ચૂક્યો છે. આ ભવમાંય મહેનત કરવામાં કાંઈ બાકી નથી રાખ્યું છતાં મન એમ નથી કહેતું કે બસ હું સુખી થઈ ગયો અને એવું દેખાતું પણ નથી કે નજીકના ભવિષ્યમાં હું સુખી થઈ જઈશ. તો હવે એક જીંદગી પ્રભુના માર્ગે મહેનત કરી લઉં એવું નથી થતું ? આ ચરણકરણાનુયોગ સમજી લો, જાતને પ્રભુવચન સાથે ટેલી કરી લો તો પ્રતીતિ થશે કે આના વિના મારે જે સુખ જોઈએ છે તે મળવું શક્ય નથી. એવું અદ્ભુત તત્ત્વ, એવી સમજ, એવું જબરદસ્ત ચિંતન જેમાં છે તે ચરણકરણાનુયોગ. છેલ્લે આવે છે કથાનુયોગ. માણસ કોઈનું પ્રેક્ટિકલ જીવન જુએ, એની પરોપકારિતા - નિઃસ્વાર્થતા વિગેરે ગુણગરિમા સાંભળે તે વધુ અસરકારક બને છે. પ્રેક્ટિકલ પ્રસંગો જાણીને જો હૃદય હોય તો અસર થયા વિના ન રહે તે માટે ચોથો વિભાગ છે કથાનુયોગ. આમાં અનેક મહાપુરુષોનાં ચરિત્રો બતાવ્યા હોય. એ અનેકાનેક ચરિત્રોમાંથી આપણે નળ-દમયંતીનું ચરિત્ર વિચારવું છે.

## પ્રભુ પર ભરોસો હોય તો...:

***સભા : ચાર અનુયોગમાંથી વધુ ઉપકારક અનુયોગ ક્યો ?***

આંખ-કાન-નાક-મોઢું એમાંથી વધુ ઉપકારક કોણ ? બધું જ ને ! તેમ ચારે ચાર અનુયોગ ઉપકારક છે.

***સભા : ગણિતાનુયોગ કેવી રીતે ઉપકાર કરે ?***

અનંતાની વચ્ચે મારો નંબર ક્યાં લાગ્યો ? એ ગણિત સમજાય તો આ ભવની કિંમત સમજાઈ જાય. કોનું પ્રમાણ વધુ ને કોનું ઓછું એ અલ્પબહુત્વ ખબર પડે. એક અબજમાં એક પ્રધાનમંત્રી બને પછી એને સીટની ચિંતા કેટલી ? તો જૈનશાસનનું ગણિત ભણ્યો હોય તો ખબર પડે કે ચૌદ રાજલોક

જીવોથી ભરેલો છે. તેમાંથી મનુષ્ય કેટલા ? શક્ય જ નથી આ ભવ પામવો. મનુષ્યભવની દુર્લભતા બતાવતા શાસ્ત્રકારો ફરમાવે છે કે આખા જંબૂદ્વીપના તમામે તમામ ખેતરોના અનાજનો ઢગલો કરવાનો. એક આ તમારા અમદાવાદના ઘરોનું અનાજ ભેગું કરીએ તો કેવડો ઢગલો થાય ? તો ખાલી અમદાવાદ, મુંબઈ, ભારતદેશ કે ભરતક્ષેત્ર નહીં પરંતુ આખા જંબૂદ્વીપના ધાન્યનો ઢગલો અને એમાં એક મુટ્ઠી સરસવના દાણા મીક્સ કરવાના પછી સો વર્ષની ડોસીએ એ દાણા છૂટા પાડવાના, આ શક્ય છે ? કોઈ કાળે શક્ય નથી, એવું લાગે છે ને ? ભગવાન કહે છે - એ કદાચ શક્ય છે પણ મનુષ્યભવની પ્રાપ્તિ નહીં. પ્રભુને જો સર્વજ્ઞ માનતા હોઈએ તો શું કરવું જોઈએ ?

પ્રભુને પૈસાદિ કાંઈ જોઈતું નથી તમારી પાસેથી, માત્ર તમારું ભલું કરવું છે. આવા પ્રભુની વાત પર ભરોસો હોય તો કાંઈ વિચારવું પડે ? આપણી કલ્પના બહારના એ ધાન્યના ઢગલામાંથી મુઠ્ઠીભર સરસવના દાણા વીણવા હજુ શક્ય છે, પણ એકવાર વેડફી દીધેલો આ ભવ ફરી પ્રાપ્ત કરવો શક્ય નથી. પ્રધાનમંત્રીની પોસ્ટ પર આવ્યા પછી દેશના ભલાના કામ કરે તો ફરી સીટ મળે તેમ અહીં પણ ધર્મ કરે, વિશ્વના તમામ જીવોની પ્રીતિ કેળવે તો માનવભવ મળે. મનુષ્યભવની આટલી કિંમત ગણિતાનુયોગથી સમજાય. ગણિતાનુયોગ ઘણી વિચારણા કરાવી આપે - કેટલું જીવવાનો ? આયુષ્ય કેટલું ? દેવલોક, નરક, તિર્યંચની આગળ મનુષ્યનું આયુષ્ય કેટલું, એ ગણિત ખબર હોય તો એક વ્યક્તિ પાપ ન કરે. તમને કહેવામાં આવે કે પાંચ મિનિટ મઝા કરી લે પછી સો વર્ષની લાઈફ આંદામાન નીકોબારના ટાપુમાં કાળાપાણીની સજા થશે તો તમે મઝા કરો ? ના, તો જ્ઞાની એ જ કહે છે કે ૨૫-૫૦ વર્ષની જિંદગી મળી છે, જે કરવું હોય તે છૂટ જ છે પણ પરમાત્માના વચનથી જુદું કામ કર્યું તો પછીના લાખો, કરોડો, અબજો કે અસંખ્ય વર્ષ કાળાપાણીની સજાથી વધુ ખરાબ પરિણામ આવશે.

જ્ઞાનીની આ વાત ન બેસતી હોય તો જીવસૃષ્ટિ જોઈ લો. કીડી-મંકોડા કેવી રીતે જન્મે ને મરે છે ! તમે વાણિયા છો, જમા - ઉધારના હિસાબ પાકા હોય. ઉધારનું પલ્લુ નમે તેવું કામ કરાય ? જૈનશાસનના ગણિતની ખબર હોય

તો એક સેકંડ ખરાબ વિચાર ન કરો. એક સેકંડના અસંખ્ય સમયને એક સમયમાં અસંખ્ય વર્ષ ચાલે તેવું નુકશાન કરનારું કર્મ બંધાય. જો એક ખરાબ વિચારનું આવું પરિણામ આવવાનું હોય તો કોણ આવી મૂર્ખામી કરે ? તમે કોઈના પ્રત્યે અણગમો કર્યો તો અસંખ્યવાર અસંખ્ય વર્ષ સુધી અણગમો મળશે. ભૂંડ બને તો જિંદગીભર અણગમો જ મળે. આ વાત સમજાય તો ગણિતાનુયોગની કિંમત સમજાય.

*સભા : અણગમો પેદા થાય તેવું વર્તન સામેની વ્યક્તિ કરે તો ?*

ગરબડ બીજા કરે તો હેરાન તમે કેમ થાઓ છો ? હેરાન થવું કે ન થવું, તમારા ચિત્ત પર આધારિત છે. તમારું ચિત્ત એ સ્વીકારે છે. માટે દુઃખી થાઓ છો; બાકી નાનો દીકરો લાત મારે તો'ય અણગમો નથી થતો. જ્યાં અણગમો કરવો હોય ત્યાં જ કરો છો. સ્વાર્થ હોય ત્યાં થાય અણગમો ? કોઈ ગ્રાહક ગમે તેમ બોલતો હોય તો પણ અણગમો ન થાય, સ્વાર્થ સધાતો હોય તો જરાપણ અણગમો ન થાય.

## કથાશ્રવણમાં લેવા યોગ્ય કાળજી :

નળ-દમયંતીના ચરિત્રની વિચારણા કરવી છે. ચરિત્રના પાત્રોની સાચી મૂલવણી કરવી અઘરી છે. એક એક પ્રસંગ પરથી વ્યક્તિનું આખું જીવન નક્કી કરવાનું હોય. ધર્મ પામ્યા પહેલાની કુમારપાળમહારાજાની વાત છે. સિદ્ધરાજ જયસિંહના કાળની આ વાત છે : ત્યારે એવું કહેવામાં આવેલું કે સિદ્ધરાજમાં ૯૮ ગુણ ને ૨ દોષ છે અને કુમારપાળમાં ૨ ગુણ ને ૯૮ દોષ છે, આ સાંભળીને કુમારપાળને ગુસ્સો આવ્યો. પછી કહ્યું કે તમારામાં પરદારાસહોદર અને શૂરવીરતા આ બે ગુણ બીજા ૯૮ દોષોને ઢાંકી દે છે. સિદ્ધરાજના બે દોષ ૯૮ ગુણને ઢાંકી દે છે; માટે કથાપાત્રોને સમજવા કઠિન છે. કથામાં કોઈ વ્યક્તિનું પૂરેપૂરું જીવન છે. એમાં સારું પણ આવે, ખરાબ પણ આવે. હેયોપાદેયનો વિવેક આપણે કરવાનો છે. ગ્રહણ કરવા યોગ્ય અને છોડવા યોગ્યનો વિવેક કર્યા વગર અનુકરણ કરવા ગયા તો વધુ નુકસાન થશે. એમણે આવું કર્યું છતાં પતન ન થયું તો આપણે કરવામાં શું વાંધો ? એવું ન વિચારાય, કેમ કે ભરતમહારાજા ૬૦૦૦૦ વર્ષ

લડાઈ કરે તો'ય એ જ ભવે મોક્ષ ને તંદુલીયો મત્સ્ય માત્ર વિચારથી ૭મી નરકે જાય ! આવું પણ બને, માટે વિવેકપૂર્વક વાંચવું પડે. બહારની પ્રવૃત્તિ અને અંદરના ભાવોમાં તફાવત છે. અંદરના ભાવો કેવા હતા તે ફળ કેવું આવ્યું, તેના પરથી નક્કી થાય. ખરાબ પરિણામ આવ્યું તેની દેખીતી સારી પ્રવૃત્તિ પણ ખરાબ જ હતી. ભલે કોઈ વ્યક્તિ ચણ નાંખવાની સારી પ્રવૃત્તિ કરતો હોય પણ જ્યારે ખબર પડે કે આ પારધી છે, કબૂતર પકડે છે તો કહીશું ને કે આનું હૈયું ખરાબ હતું. માટે પ્રવૃત્તિ પણ ખરાબ જ હતી.

કથાશ્રવણમાં બે વસ્તુનું ધ્યાન રાખવાનું છે : સમજપૂર્વક અનુકરણ કરવું અને પાત્રોને ન્યાય આપવામાં ગરબડ ન થાય તેનું ધ્યાન રાખવું. રાવણની વાત સાંભળીને ગુસ્સો આવે પણ ખબર છે તેનું વ્યક્તિત્વ કેવું છે ? સીતાનું રક્ષણ કરે તેવી એક પણ વ્યક્તિ હાજર નથી, કોઈ રોકનાર નથી, રાગથી વિવશ છે, એક પ્રક્રિયામાં મન ચોંટતું નથી, છતાં એની ઇચ્છા ન હોય તો ભોગની ઇચ્છાથી સ્પર્શ નહીં કરું એવી પોતાની પ્રતિજ્ઞામાં સ્થિર છે. ૨૪ કલાક બેચેન રહેવાની તૈયારી છે, પણ પ્રતિજ્ઞાનો ભંગ કરવાની તૈયારી નથી. શાંતિ-ચેન હણાઈ ગયા છે છતાં નિયમની રેખા ઓળંગી નથી. તમે નક્કી કર્યું હોય કે પ્રામાણિકપણે ધંધો કરીશ ને કમાણી ઓછી થાય તો ? વિચાર આવે ખરો કે રોટલીને પાણી વાપરીને જીવીશ ! ઓછું કમાયા તો શું જીવી નહીં શકો ? મરી જશો ?

***સભા : સાહેબ ! આલોચનાનો રસ્તો છે ને !***

હોસ્પિટલનો રસ્તો છે જ ને ! કરો એક્સિડન્ટ ? અને આવું વિચારનારને ગાડી ચલાવવા દેવાય ? ન ચલાવવા દેવાય, નહીં તો બીજાને મારે, તેમ આલોચનાનો રસ્તો છે, પણ કોના માટે ? કર્મવશ, સંયોગવશ, કાંઈ થઈ ગયું તો સાવ મરી ન જાય માટે પાટાપીંડી છે, બચાવવા માટે છે; બાકી 'આલોચના લઈ લઈશું.' આવી બેફિકરાઈવાળા માટે બચવાનો કોઈ રસ્તો નથી, એની આલોચનાનો કોઈ અર્થ નથી. જાણીને એક્સિડન્ટ કરે છતાં કદાચ બચી જાય તેમ બને, અહીં તો નિયમ તોડે એટલે ચારિત્રમોહનીય બંધાય જ. માટે ચરિત્ર વાંચતા ધ્યાન રાખવું પડે. રાવણને ખરાબ કહેતા પહેલા ટેલી કરો કે એવો નિયમ મારામાં છે ? ચરિત્રમાં બધા પ્રસંગ આવે, જીવન છે એટલે ઘટના બધી બને

તેમાં હેય-ઉપાદેયનો વિવેક કરતાં જજો. કેટલી વસ્તુ મારા જીવનમાં નહીં આવવી જોઈએ અને કેટલી લાવવી જોઈએ તે ધ્યાનમાં રાખીને સાંભળજો; નહીં તો ઉત્તમ પાત્રોની નિંદા કરીને આપણે સંસાર વધારશું.

***સભા : રાવણને ખબર તો હતી આ પાપ છે, આનાથી નુકસાન થાય, છતાં આવું કેમ... ?***

રાવણની વાત પછી કરીએ, તમને ખબર છે કે અનીતિ કરવાથી પાપ લાગે, બીજાને દુઃખ આપવાથી દુઃખ આવે તે ખબર છે, છતાં કેમ કરો છો ? તમે જાતમાં બચાવ કરો છો કે સંયોગવશ રહેવાતું નથી. એવો જ જવાબ બીજાના વિષયમાં સમજવો. જાતમાં બચાવ નહીં કરવાની વૃત્તિ રાખવી અને બીજાને કર્મવશ સમજવો. કથામાંથી શું લેવાનું એ સમજી લો બરાબર ! પેલા બાળક જેવું નહીં કરતા. નાનો બાળક દવા નહોતો લેતો એટલે એની મમ્મીએ પેંડામાં મિક્સ કરીને આપી પછી પૂછ્યું - બેટા ! પેંડો ખાધો ? હા, મમ્મી ! પણ ઠળિયો ફેંકી દીધો. દવા = સીધું તત્ત્વ. એ જ આપવું છે. સંસારથી બચાવી જ લેવા છે. સંસાર ગમે જ નહીં તેવું કરવું છે. સંસાર પ્રત્યેની કુણી લાગણી ખતમ કરાવવી છે. કમસેકમ હૈયાથી સંસારથી ન્યારા થઈ જાઓ એવી ઇચ્છા છે પરંતુ બધા એવા નથી હોતા કે સીધી કડવી દવા લઈ લે. કડવી દવાથી ઉબકો ખાય, વધારામાં ઉલટી કરે, માટે કથા દ્વારા તત્ત્વ આપવું એ સુગરકોટેડ દવા છે. આગળ - પાછળ સાકર લગાવી છે પણ લેવાનું શું છે ? દવા = તત્ત્વ. ચરિત્રમાં આવશે એ મહાપુરુષ આવું ઉત્તમ જીવન જીવ્યા તો એ સાંભળીને વિચારજો કે એ જીવી શકે તો હું કેમ ન જીવી શકું ? અને કોઈનાથી કંઈક ગરબડ થાય તો મારે પાણી આવતા પહેલા પાળ બાંધી દેવી છે. એમને તો ખબર નહોતી, મને ચરિત્રથી ખબર પડી ગઈ તો મને પાણી ખેંચી ન જાય માટે સાવધાન બની જાઉં ! દોષ જાણી સાવધાન બનવા અને ઉત્તમપુરુષોના પગલાને અનુસરવા ચરિત્ર સાંભળવું છે.

## ચરિત્રનો પ્રારંભ :

ભરતક્ષેત્ર, કોશલાનગરી, નિષધરાજા ને સુંદરારાણી, એમને બે દીકરા નળ અને કૂબેર. બીજી બાજુ કુંડિનનગરના રાજવી ભીમરથ, પુષ્પદંતીરાણી, તેને

દમયંતી નામની દીકરી. આ ચરિત્રનાયકો છે. દમયંતી જન્મી ત્યારથી એના કપાળમાં એવું તિલક હતું કે જાણે રાત્રે પણ બીજો સૂર્ય હોય તેવો પ્રકાશ થતો. દમયંતીના પુણ્યબળે ભીમરાજાનો પુણ્યપ્રભાવ વધ્યો. જે લોકો પુણ્ય - પરલોકને નથી માનતા તેમને પૂછવું છે કે એક જ મા-બાપના બે સંતાનોમાં એક મૂર્ખ, બીજો હોંશિયાર, એક જીદ્દી, બીજો વિનયી, કેમ ? પરલોક ન માનવો હોય તો જવાબ તો આપવા પડે ને ! જન્મેલા બાળકને દૂધ પીતા કેવી રીતે આવડ્યું ? રમકડું જોઈને રડતો કેમ બંધ થઈ જાય છે ? જે નાસ્તિક છે એને ચેલેન્જ છે કે આ ઘટના પ્રુવ કરી આપ ! પાંદડા હલતા દેખાય તો કહીશું પવન આવ્યો, દેખાતો નથી, અદૃષ્ટ છે છતાં અનુભવ કરીને આપણે એને નામ આપ્યું પવન !; તેમ પૂર્વભવ અદષ્ટ છે. પરંતુ જીવનમાં બનતી ઘટનાઓના આધારે પૂર્વભવ કેવો હશે, એ નક્કી કરી શકાય છે. અને પરલોક માનશો તો પુણ્ય-પાપને માન્યા વગર પણ નહીં ચાલે.

આ દમયંતીનો જીવ પૂર્વભવથી પ્રકૃષ્ટ પુણ્ય લઈને આવ્યો છે. જન્મતાની સાથે બધું અનુકૂળ વાતાવરણ છે. એટલું જ નહીં, એના પુણ્યથી પિતાનો પ્રભાવ વધે છે. તમે દિવસ-રાત મહેનત કરીને જે ન મેળવી શકો તે આને જન્મતા મળ્યું છે. રાજકુળમાં જન્મી છે. એક હાથમાંથી બીજા હાથમાં જાય છે. બધા ચાહે છે કે મારા હાથમાં ક્યારે આવે ? આજે સંતાનોને જમ જેવા મમ્મી - પપ્પા મળે, કેમ ? કારણો વિચારશો તો પરલોક, પુણ્ય - પાપ સમજાઈ જશે. દમયંતીનો અનેકના લાડકોડ હેઠળ ઉછેર થાય છે. યોગ્ય વયે એને શિક્ષણ આપવાનું શરૂ થયું. વર્તમાનમાં તો ભેજુ જ ખલાશ થઈ ગયું છે. દોઢ વર્ષના બાળકને શિક્ષણ અપાવે. નીતિશાસ્ત્ર લખે છે : પાંચ વર્ષ સુધી બાળકનું લાલનપાલન કરવું, એને ખુશ રાખવો. તે કાળ વિકાશનો છે, એની માથે કોઈ પણ પ્રકારનો બોજ ન નંખાય. તે વખતે લાલનપાલનથી જે વિકાસ થાય તે જિંદગીભર કામ લાગે. તમે તે જ વખતે ગોંધી રાખો તેથી એનો જોઈએ તેવો વિકાસ ન થાય પછી જીવનમાં એક ઘટના બને તો એનું મન સહન ન કરી શકે અને એટલે જ હવે દુનિયામાં આઈ.ક્યુ ટેસ્ટ નથી થતા. ઈ.ક્યૂ ટેસ્ટ થાય છે. તેનું મન કેટલું જીરવી શકે છે ?

પોઝિટીવ છે કે નહીં ? પ્રભુશાસનને પામેલ વ્યક્તિની દૃષ્ટિ ક્લિયર હોય છે, એની સમજ બહુ સ્પષ્ટ હોય છે જેના પ્રભાવે કેવી પણ ઘટના બને, મન પ્રસન્ન રાખી શકે. દુનિયાને છેવટે ફરી-ફરીને પ્રભુતત્ત્વ ઉપર આવવું પડ્યું કે ટેસ્ટ આઈ.ક્યૂ.નો નહીં, ઈ.ક્યૂ.નો હોય. ઇમોશનલ પરિસ્થિતિની કેટલી અસર થાય છે ! એના પર જીવનો વિકાસ ડિપેન્ડેડ છે અને મનને સ્વસ્થ રાખવાનો ઉપાય છે : ભગવાનનું તત્ત્વ. પહેલવાનને ન તો રોગ આવે, ન તો વાતાવરણની અસરે ઇન્ફેક્શન લાગે, કેમ કે પ્રતિકારક શક્તિ છે. શરીરને મજબૂત કરવા જીમ છે તેમ મનને સ્વસ્થ કરવા, મનને મજબૂત કરવા જિનાલય છે. મનની સ્વસ્થતાથી આત્માની સ્વસ્થતા પ્રાપ્ત થાય ને આત્મા સ્વસ્થ હોય તો જીવન સ્વસ્થ જીવી શકો. અહીં એટલું સમજજો કે હું ભૌતિકવિકાસની વાત નથી કરતો. એનો રસ્તો દુનિયાને બતાડું તો ભયંકર પાપ લાગે. આ જૈનોની સભા છે. તેમનું મન સ્વસ્થ હશે તો ધર્મ તરફ આગળ વધશે, એ જ એક માત્ર આશય છે; બાકી મન સ્વસ્થ બનાવીને ખોટા ધંધા કરો તો તેમાં મને જરા'ય રસ નથી. ખોટા ધંધા કરીને મેળવેલા પૈસા ટકાવવા પણ તમારા હાથની વાત નથી. એ તો જવાના સ્વભાવવાળા છે. ભેગા કરતાં વર્ષ લાગે ને જતાં એક સેકંડ ! માટે પ્રભુતત્ત્વ સમજીને આત્માના વિકાસ માટે પ્રયત્ન કરજો.

## શિક્ષણનો ઉદ્દેશ શો હોય ? :

દમયંતીને યોગ્ય સમયે શિક્ષણ શરૂ કરાવ્યું. શિક્ષણ લેવાનો ઉદ્દેશ શો ? તમે બાળકને શિક્ષણ કેમ અપાવો ? તમારા મનમાં શું હોય ?

***સભા : ભણીને પૈસા કમાય.***

આ ઉદ્દેશથી શિક્ષણ અપાવશો તો એ શિક્ષણ રાક્ષસો પેદા કર્યા વિના નહીં રહે. શિક્ષણ સંસ્કારલક્ષી હોવું જોઈએ, પૈસાલક્ષી નહીં. પૈસો વગેરે તો પુણ્ય પ્રમાણે મળવાના છે. શિક્ષણનો ઉદ્દેશ તો સજ્જન બનવું એ હોવો જોઈએ. પરિવાર, સમાજ, દેશ માટે સારું કરે એવું જ્ઞાન આપે, સંસ્કાર આપે તે માટે શિક્ષણ છે. પૈસા મેળવવાના લક્ષ્યથી ભણાવશો તો એની ઘેલછાથી પરિવારને પણ બાજુએ મૂકશે. પૈસા મેળવવાની ભૂખ શું નહીં કરાવે ? **જ્ઞાન તો ગુણ**

**છે તેનો ઉપયોગ સંસાર માટે થાય તો ગુણોનો નાશ થઈ જાય. શિક્ષણ આપવું પડે, શિક્ષણ સાથે અમારો વિરોધ નથી પણ શિક્ષણ સાચી દિશાનું હોવું જોઈએ, સારા લક્ષ્યથી હોવું જોઈએ ને સાચી રીતભાતથી હોવું જોઈએ. જે શિક્ષણ આત્મા-પરમાત્મા, પુણ્ય-પાપ, પરલોક-પરમલોકને ભૂલાવે તે શિક્ષણ કહેવાય ?** શિક્ષણ તે રીતે અપાવું જોઈએ ને તે રીતે લેવું જોઈએ કે સ્વ-પરના આત્માનું ભલું થાય.

## મેકોલે શિક્ષણપદ્ધતિ પાછળનો નાપાક ઈરાદો :

આ આર્યદેશની મહત્તા એ જ છે કે ત્યાં ઘર-ઘરમાં આવી લાયકાત રહેલી હોય. આર્યકુલમાં જન્મતાની સાથે પરોપકાર શીખવાડવામાં આવતો. આર્યકુલમાં જન્મ પામેલની વિચારધારા એ જ હોય કે મારો પરોપકાર ક્યાં સધાય ? જેણે કંઈ ન આપ્યું હોય તેનો પણ ઉપકાર કરવા તૈયાર હોય, એવો વ્યક્તિ ભૌતિકજગતમાં સર્વશ્રેષ્ઠ ઉપકારી એવા મા-બાપ માટે તો શું ન કરે ? ઉપકારીઓની ભક્તિ અને પરોપકાર જ્યાં તાણેવાણે વણાયેલા હોય તે આર્યદેશ અને જ્યાં રોમેરોમમાં સ્વાર્થ વણાયેલો હોય તે અનાર્યદેશ, તમારો નંબર ક્યાં ? આર્યદેશમાં જન્મેલાઓની મનોદશા પણ વર્તમાનમાં સ્વાર્થનિષ્ઠ બની ચૂકી છે. આનું કારણ તમને જેનો બહુ જ લગાવ છે એવું મેકોલે શિક્ષણ છે. તમે તમારી જાતે તમારા પગ ઉપર કુહાડો મારવાનું કામ કરો છો. હોંશેહોંશે આ શિક્ષણ અપાવીને તમે તમારા દીકરાઓને તમારા દુશ્મન બનાવી રહ્યા છો. તમે ફક્ત આજુબાજુવાળાને જોઈને જીવ્યા કરો છો પણ એના પરિણામને વિચારવા તૈયાર નથી.

આ શિક્ષણની શરૂઆત કરનારાઓની માનસિકતા શું છે, એ જાણો તો ખબર પડે કે કેટલા બદઇરાદાથી આ શિક્ષણ પદ્ધતિ શરૂ થઈ છે ! ભારતદેશની આબાદીના મૂળમાં રહેલી પ્રાચીન સંસ્કૃતિ અને આધ્યાત્મિક વારસાને નેસ્તનાબૂદ કરીને ભારતદેશને પોતાના કબજામાં લેવાના બદઆશયથી લોર્ડ થોમસ મેકોલે નામના વ્યક્તિએ આ નવી શિક્ષણપદ્ધતિ લાદવાનો નિશ્ચય કર્યો અને એના એ નાપાક ઇરાદાને દર્શાવતું એક વક્તવ્ય, જે એણે ૧૮૩૫ની સાલમાં સંસદમાં રજૂ કર્યું હતું -

"भारत भर में मैं उत्तर से दक्षिण, पूर्व से पश्चिम घूमकर आया, लेकिन कहीं पर भी मुझे' अेक भिखारी या चोर नहीं दिखा । जिस देश में इतनी समृिद्ध और नैतिकता हो, प्रामाणिकता और ऊंचे आदर्शवाली प्रजा जो; तो मुझे नहीं लगता कि हम कभी भी ऐसे देश पर कबजा कर पाऐंगे – सिवाय की हम इस देश की नींव समान संस्कृति व आध्यात्मिकता की विरासत पर हमला कर उसे चकनाचूर कर दें । संस्कृति और आध्यात्मिक पर हमला करने की मेरे पास अेक तरकीब है कि इस देश की संस्कृति व प्राचीन शिक्षण – पद्धति को बदल दें, जिससे भारत के लोग यह मानने लगे कि जितनी अंग्रेजी और परदेशी संस्कृति ज्यादा उतनी स्वदेशी से बेहतर और ऊंची , ताकि वे लोग अपनी नजर में अपने आप को तथा अपनी संस्कृति को नीची मानने लग जाये । इस तरह हम जैसा चाहते है वैसे हि वे बन जायेंगे, और फिर हमारा ही राज चलेगा...।"

આવા મલિન ઇરાદાવાળી શિક્ષણ પદ્ધતિમાં લોર્ડ મેકોલે સફળ બન્યો, કેમ કે તમારા લોકોનો સાથ મળ્યો. આ શિક્ષણે તમારા સંતાનોને સ્વાર્થનિષ્ઠ, નિર્દય, તીવ્રકષાયવાળા, વિશ્વાસઘાતી, સ્વતંત્રમતિ બનાવ્યા. તમે સમજુ ને સાવધાન નહીં બન્યા તો પરિણામ હજુ કેટલું ખરાબ આવશે, તે વિચારી શકાય તેમ નથી. મૂળભૂત સંસ્કારોનું જ ઠેકાણું ન હોય ત્યાં ધર્મની વાત કેવી રીતે કરવી ? દમયંતીએ તો આલોક, પરલોક અને પરમલોક સુધી પહોંચાડનારું શિક્ષણ મેળવ્યું છે. એની ઘણી વિશેષ વાતો આપણે કરવાની છે, વિશેષ અવસરે...

# પ્રવચન-૨

અનંતોપકારી અનંતજ્ઞાની ત્રણ જગતના નાથ પરમતારક પરમાત્માએ સકલ જીવોના હિત માટે મોક્ષમાર્ગની સ્થાપના કરી છે. આ મોક્ષમાર્ગ તાત્ત્વિક છે, તર્કપૂર્ણ છે, લોજિકલ છે. જિજ્ઞાસાથી સમજે તો દુનિયાના કોઈપણ માણસે સ્વીકારવો જ પડે તેવો આ માર્ગ છે. કોઈને પણ શાંતિ, સુખ, આનંદ, પ્રસન્નતા જોઈતી હશે તો આ મોક્ષમાર્ગને જાણ્યા, સમજ્યા, અપનાવ્યા વિના છૂટકો નથી. સુખ-શાંતિ માટે પ્રભુના માર્ગ સિવાય બીજો કોઈ રસ્તો નથી. આપણને પણ આત્મોત્થાનની ઇચ્છા જાગે, જે લોકો હિંમત હારી ગયા છે તેમને ઉલ્લાસ પેદા થાય તે માટે શાસ્ત્રોમાં મોક્ષમાર્ગના આરાધક અને વિરાધકના દૃષ્ટાંત આપ્યા છે. જેણે મોક્ષમાર્ગની આરાધના કરી તેનું શું થયું અને વિરાધના કરી તેનું શું થયું, એના જ્ઞાન માટે જ આપણે નળ-દમયંતીચરિત્ર શરૂ કર્યું છે. આ ચરિત્ર એવું છે કે જેમણે ક્યાંક આરાધના કરી તો જે ચડતી થઈ છે તે જોવા મળશે અને ક્યાંક કષાયવશ ભૂલ કરીને મોક્ષમાર્ગના આરાધકોને તકલીફ આપી તો શું પરિણામ ભોગવવાનું આવ્યું તે પણ આમાંથી જાણવાનું છે. ચરિત્ર માત્ર વાંચી નથી જવાનું, એમાં આવતા પ્રત્યેક પ્રસંગોને દરેક ઘટનાઓને જીવન સાથે મેચ કરવાની છે અને જ્યાં ચૂકીએ ત્યાં સાવધાન બનવાનું છે.

## સમ્યગ્જ્ઞાનનો પ્રભાવ ! :

આપણે ગત રવિવારે જોયું કે દમયંતી રૂપથી, લાવણ્યથી, બુદ્ધિથી, પુણ્યથી બધા કરતાં વિશિષ્ટ છે. ભીમરથરાજાએ એનો જ્ઞાનાભ્યાસ શરૂ કરાવ્યો. ટૂંક સમયમાં સકલ કલાની પારગામી બની ગઈ. આ પણ સમજવાની વસ્તુ છે કે કેટલાંકને મહેનત કરી - કરીને મથીએ તો'ય ન સમજાય ને કેટલાંકને સમજાવવા જઈએ તો એની પાસેથી સમજ મળી જાય. બધાના આત્મા સરખા

છે, છતાં આવો ફરક કેમ ? વિચારક બનો તો પ્રભુતત્ત્વ સમજાયા વિના ન રહે, પરંતુ વર્તમાનના લોકો વિચારવાની તસ્દી જ લેતા નથી. નિર્વિચારકમનોદશા એ સૌથી મોટો સડો છે. થોડા વિચારક બનો અને પ્રત્યેક ઘટનામાં 'કેમ' 'કેમ' પૂછતા જાઓ, જ્યાં સુધી સંતોષ ન થાય ત્યાં સુધી 'કેમ' પૂછવાનું તો છેલ્લે પ્રભુની વાત સ્વીકાર્યા વિના ચાલે એવું નથી. દમયંતી શું ભણીને આવી, એ પિતાને જણાવ્યું, એવી રજૂઆત કરી, એવા દષ્ટિકોણ આપ્યા કે પિતા ત્યાં ને ત્યાં સમ્યગ્દર્શન પામ્યા. જ્ઞાન આને કહેવાય. જે જ્ઞાનનું ફળ સમ્યગ્દર્શન અને વિરતિ હોય તે જ જ્ઞાન વાસ્તવમાં જ્ઞાન છે. પદાર્થોને કેવી રીતે જોવા જેથી વધુ હિતકારક થાય ! તેનું નામ સમ્યગ્દર્શન છે. તત્ત્વજ્ઞાન અને એના પ્રભાવે સમ્યગ્દર્શન જેની પાસે છે તેને બહારની ઘટના દુઃખી કરી શકતી નથી. એ દરેક ઘટનાઓનો સામનો સ્વસ્થતાપૂર્વક કરી શકે છે. દમયંતીના આ જ્ઞાનનું ફળ આપણને એના જીવનમાં ડગલે ને પગલે દેખાશે. આ આત્માઓએ જ્ઞાન દ્વારા પોતાના જીવનને સાત્ત્વિકતાથી એવું સમૃદ્ધ બનાવ્યું હોય કે જીવનમાં ગમે તેવી આપત્તિ આવે, તેઓની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા સ્ખલિત થતી નથી.

## સંસાર અને ટેન્શન સમાંતર રેખા :

દમયંતીનો જ્ઞાનાભ્યાસ પૂર્ણ થયો. વય વધતી જાય છે. રૂપરૂપનો અંબાર છે. પિતાને ચિંતા થાય છે કે હવે વળાવવી પડશે. વળાવવી ક્યાં ? ટેન્શન વગર જીવાય એ શક્ય છે સંસારમાં ? હૈયામાં સંસાર કેટલો ભરેલો છે તેનું બેરોમીટર એ કે ટેન્શન કેટલું થાય છે ? આજે મોટો વર્ગ ડિપ્રેશનમાં જઈ રહ્યો છે. પથારીમાં પડતા તરત ઉંઘ આવે એવા જવ્વલે મળે, કેમ કે સંસાર ટેન્શનથી ભરેલો છે. **સંસાર છે તો ટેન્શન થયા જ કરવાનું. સંસાર અને ટેન્શન એ એક સિક્કાની બે બાજુ છે. એક ટેન્શન પૂરું થાય ત્યાં બીજું આવી જ જાય. સંસાર અને ટેન્શન સમાંતર રેખા છે.**

***સભા : ધર્મ કરવાનું મન હોય ને ન થઈ શકે તો ટેન્શન ન થાય ?***

એ ટેન્શન નહીં, વેદના છે. ધર્મ કરવા ન મળે ત્યારે એ વિચારે કે એવા

કર્મો બાંધીને આવ્યો છું કે ધર્મ કરી શકું એવા સંયોગો નથી. એની એને વેદના હોય છે, ટેન્શન નથી હોતું. તમે ભેળસેળ કરી છે. ત્રિષષ્ટિમાં કલિકાલસર્વજ્ઞશ્રી લખે છે કે અતિદુઃખ અને અતિસુખ ઉંઘનું કારણ છે. તમને દુઃખમાં ઉંઘ આવે ? ના, તમે ટેન્શન = દુઃખ કહો છો. ટેન્શન હોય તો ઉંઘ ઉડી જાય અને દુઃખ હોય તો ઉંઘ આવી જાય. ટેન્શનમાં માણસ હતાશ થઈ જાય છે. એને કોઈ રસ્તો જડતો નથી. અને ધર્મ ન કરી શકે એના દુઃખમાં તો માણસ વિચારે કે પ્રભુવચન મુજબ આગળ વધીશ તો કર્મ ટળશે અને ઉત્તરોત્તર ધર્મ સારો થઈ શકશે પરિણામે પરમપદ પામીશ. તમારે તો દુઃખ અને ટેન્શન પર્યાયવાચી થઈ ગયા છે; બાકી સંસારમાં સમ્યગ્દષ્ટિ સૌથી વધુ દુઃખી છે એમ કહેવાય પણ ટેન્શન લેશમાત્ર ન હોય. દુઃખી એટલા માટે કે એ વિરતિ લેવા માટે ઝંખતો હોય ને અવિરતિ એને સંસાર તરફ ખેંચી જાય. ટેન્શન અને દુઃખનો ભેદ સમજાયો ? ટેન્શન એટલે સંસાર, દુઃખ એટલે સંસાર જ એવું નહીં.

***સભા : કેટલાંક અભવ્યાત્માઓને ટેન્શન નથી છતાં સંસાર તો છે ને ?***

ના, જે અભવિમાં ટેન્શન નથી દેખાતું, તેમનામાં આભાસિક ધર્મ આવ્યો છે માટે ટેન્શન નથી દેખાતું. સંસાર અંદર ઉંડાણમાં છે તો ટેન્શન પણ અંદર આત્મામાં છે. આભાસિક ધર્મ આવે તો પણ જીવનમાં શાંતિ આવે. નાસ્તિક પણ સમતાનો આસરો લે છે. જો શાંતિ જોઈતી હોય તો લેટ ગો કરવું જ પડે, ધર્મનો આસરો લેવો પડે. આના પરથી પણ ડાહ્યો માણસ વિચારે કે આભાસિક ગુણોમાં'ય આટલો આનંદ છે તો વાસ્તવિકમાં તો કેવી શાંતિ, કેવી મઝા ને કેવો આનંદ હોય ! પણ સંસાર જીવને શાંતિથી જીવવા ન દે !

***સભા : ધર્મ કરવો છે ને નથી કરી શકતો એના ટેન્શનમાં ડિપ્રેશ થઈ જાય તે શું સમજવું ?***

એ અહંકારની નિશાની છે. બીજા ચડિયાતા દેખાય છે એનું ટેન્શન છે. બધા કરી શકે છે ને હું નહીં ! સમ્યગ્દષ્ટિ તો વિચારે કે ભગવાને યથાશક્તિ કરવાનું કહ્યું છે. કુરગડુમુનિ વિચારે કે મારે તપનો જબરદસ્ત અંતરાય છે માટે

નથી થતું પરંતુ એના કારણે મારો મોક્ષ નહીં થાય તેવું નથી. યથાશક્તિ કરીશ એટલે મારું કલ્યાણ થવાનું જ છે. આવી ક્લિયારિટી કેમ આવી ? અહંકાર ગયો માટે. અહંકાર પ્રવેશેલો છે તેને કાઢવા માટે જ આ પ્રવૃત્તિઓ છે. સંસારને હૈયામાં પેસવા ન દેવો એ આપણો નિર્ધાર હોવો જોઈએ. સંસારમાં તો અમે પણ છીએ, કેમ કે બે જ પ્રકારના જીવો છે : સંસારી અને મુક્ત. સિદ્ધાત્મા સિવાયના બધા જ સંસારમાં તો છે જ પણ પ્રભુતત્ત્વ સમજેલ વ્યક્તિ સંસારમાં રહે, સંસારને પોતાનામાં પેસવા ન દે. ૨૫ વર્ષનો દીકરો મૃત્યુ પામે તો કહે : મહેમાનને વળાવી આવ્યો. દુ:ખ લાગે પણ ટેન્શન ન થાય. કર્મ આવું પણ કરે ! કર્માનુસાર ઘટના તો બનવાની જ છે. જે ઘટનામાં દુનિયાના જીવોને કદાચ એટેક આવી જાય, તેમાં સ્વસ્થ રહી આત્માને હિતકર માર્ગ કાઢે તે સમ્યગ્દષ્ટિ.

## સમ્યગ્દષ્ટિની સંસારને જોવાની રીતિ :

અહીં દમયંતીને યોગ્ય કોઈ ન મળ્યું માટે સ્વયંવર રચાયો. આ કથા ચાલે છે એ વાત ભૂલતા નહીં. કથામાં બધું આવવાનું, એમાંથી આપણે શું લેવાનું તે વિચારી લો. કથામાં એટલા પણ પેસી નહીં જવાનું કે બધું ભૂલી જવાય. સમ્યગ્દષ્ટિના હાથમાં જે આવે એ સમ્યક્શ્રુત બની જાય, જે કરવા જેવું લાગે તે લેવાનું. સમ્યગ્દષ્ટિ કથામાં આવતી લગ્નની વાતને કેવી રીતે જુએ ? એક્સિડન્ટમાં પગનું હાડકું તૂટ્યું હોય ને પાટો બંધાવ્યો પછી ડૉક્ટર કહે - હવે બેલેન્સ નહીં રહે માટે ઘોડીના ટેકે ચાલ. ચાલવાની કેપેસિટી ન હોય તો ઘોડી છોડતો નહીં, નહીં તો બીજું હાડકું ભાંગશે. ઘોડી વગર ચાલવા જઈશ તો પણ પડી જઈશ આથી ઘોડીના ટેકે ચાલજે ને બતાવતો રહેજે, જ્યારે લાગશે કે હવે તું ઘોડી વગર ચાલી શકે તેમ છે તો છોડાવી દઈશ. હવે કદાચ તમે પૈસાવાળા હો તો ઘોડીમાં ડાયમંડ ફીટ કરાવો પણ એ લાગે કેવી ? કિંમતી હોય, સોનાની હોય, રત્નથી મઢેલી હોય છતાં લાગે કેવી ? ખબર છે ટેકે ચાલવું સારું નહીં, આ પરાધીનતા છે. તાકાત આવે તો આજે છોડી દઉં. આમ તો ક્યાંય પણ જાય ઘોડીથી અલગ રહેતો નથી, ઉભા થવું છે તો સૌથી પહેલા ઘોડીને યાદ કરે છતાં પૂછવામાં આવે કે સૌથી વધુ કોને ચાહે ? તો કહેશે કે ઘોડીને ? ઘોડીને પાસે

ને પાસે જ રાખે છતાં કહો કે દિલમાં શું છે ? તો એમ જ કહેશે ને કે ભગવાનને પ્રાર્થના કરું છું ક્યારે છૂટે ? અત્યારે મજબૂરી છે, એના ટેકા વગર ચાલી શકું તેમ નથી પણ ઇચ્છા તો એ જ હોય ને કે જલ્દી છૂટી જાય ! આમાં તમને સમજાયું કાંઈ ? પ્રભુતત્ત્વને પામેલ વ્યક્તિ સંસારના તમામ પદાર્થોને આવી રીતે જુએ કે મારી નબળાઈ છે, આત્મા નબળો પડ્યો છે માટે પદાર્થ વગર જીવી શકતો નથી. તાકાત આવે તો એક પદાર્થને અડવું નથી. સમ્યગ્દષ્ટિની પદાર્થને જોવાની રીત આવી હોય. લગ્નને નબળાઈ છે એમ વિચારે, લગ્ન થયા એટલે મજા પડી ગઈ આવું ન વિચારે.

## ચાહે બધા, મળે પુણ્ય મુજબ :

દમયંતીના સ્વયંવરમંડપમાં નિષધરાજાના બંને દીકરા-નળ અને કૂબેર આવ્યા છે. બીજા પણ અનેકાનેક રાજકુમારો આવ્યા છે. સ્વયંવર મંડપ પૂરો ભરાઈ ગયો. દમયંતી મંડપમાં પ્રવેશી પછી એક-એક રાજકુમારનો એને પરિચય કરાવવામાં આવ્યો. પરિચય કરાવે એમાં સદ્ભુત ગુણોનું વર્ણન હોય તમારી જેમ અસદ્ભુત ગુણોનું વર્ણન ન હોય. આજે તો દેશમાંથી રૂપિયા મોકલે ને કહે : ૫0000 કમાય છે, ફોટો પડાવતી વખતે સ્માઈલ આપે ને આખો દિવસ મોઢું ચડેલું હોય ! જો તમારો ફોટો જોઈને પરણે તો પાછળથી પસ્તાવું જ પડે ને ! પ્રામાણિકતા જેવો સામાન્ય સદાચાર પણ નષ્ટ થયો છે. અહીં બધા રાજકુમારોના સદ્ભુત ગુણો બતાવે છે. બધાના મનમાં એમ જ છે કે દમયંતી મને મળે. ચાહે બધા, પણ મળે પુણ્ય મુજબ, આ તમને ખબર છે ? આટલી ખબર હોય તો સંસારમાં રડવું જ ન પડે. ન મળે તો વિચારે : જેનું જેવું પુણ્ય. કર્મ પ્રમાણે જ બહારની સામગ્રી મળે. આ સિદ્ધાંત ન બેસે તો સાધુ બન્યા પછી પણ ગુરુ આને કેમ વધુ બોલાવે ? એવા વિકલ્પો થાય.

***સભા : પણ ગુરુ બધાને સરખા બોલાવે તો...***

સરખાની વાત કરશો તો નિગોદમાં જવું પડે ! નિગોદ સિવાય ક્યાંય સરખું ન હોય. શેઠ મેનેજરને વધુ બોલાવે, ક્લાર્કને વધુ બોલાવે કે પ્યુનને ? પોતાની ભૂમિકા સમજતા શીખવું પડે. ભૂમિકા પ્રમાણે જ મળવાનું છે, માટે પાવર કાઢી

નાંખવો જોઈએ. મળતું જાય તેમ પાવર વધતો જાય, આવા પુણ્યોદયને હું પાપોદય માનું છું. અહીં બધા રાજકુમારો ચાહે છે પરંતુ દમયંતી બધાને છોડી છોડીને નળના સિંહાસન પાસે આવી અને નળને વરમાળા પહેરાવી. આ જોઈ અનેક રાજકુમારોનું માથું ફર્યું. એક રાજકુમારે તો તલવાર કાઢી ! : તું શેનો પરણે છે ? પહેલા મારી તલવારનો જવાબ આપ પછી પરણજે. આ કેવી વાત છે ! આપણને બેસતી નથી ને ? વાર્તામાં નથી બેસતી, પરંતુ આપણા જીવનમાં ? વ્યવસ્થાપકોએ પાંચ કાર્યકરોમાંથી બેના બહુમાન કર્યા, પણ આપણું ન કર્યું તો ગુસ્સો આવે ને ! ફરિયાદ કરોને !

***સભા : ધર્મના કામ પોતાના માટે કરીએ છીએ.***

વાહ ! ઢોલકા વગાડો. એવા જીવો મારા માટે દર્શનીય છે. પરંતુ વર્તમાનની સ્થિતિ વિકટ છે. મુંબઈમાં તો ધર્મસ્થાનોમાં ઇલેક્શન ચૂંટણી થાય, સીલેક્શન નહીં. કાર્ય કરવા કે માનપાન માટે ? આ માનપાન માટે તો મારામારી થયેલી છે. એકવાર મુંબઈમાં આવું જ બન્યું હતું, હું હાજર હતો ઉપાશ્રયમાં, મને થયું કે શું શાસનસેવાનો ભાવ છે ? એવો ભાવ હોય તો શાસનના લાખો કામો થઈ જાત ! અત્યારે શાસનસેવાના જેના એવા ભાવ હોય તો આવજો. ખૂબ જ કાર્યો છે અહીં નળે તલવાર ખેંચી. નળ વિચારે છે : જેના પુણ્યથી મળ્યું તેનો સ્વીકાર કરવો જોઈએ ને હવે તો પરસ્ત્રી થઈ છતાં તારે જોઈએ છે તો લડવા તૈયાર થઈ જા ! દમયંતી વિચારે છે મારા નિમિત્તે આ પ્રલય શરૂ થયો, શું હું કમભાગી છું ?

જો હું શ્રાવિકા હોઉં, જો મને પ્રભુને વિષે ભક્તિ હોય તો આ બંનેનું કુશલ થાઓ, આટલું બોલે છે ત્યાં દેવતાઓ આવી જાય છે. લડાઈ બંધ કરાવે છે દમયંતીને પોતાના પર કેટલો કોન્ફીડન્સ છે ! તમને કોન્ફીડન્સ છે કે હું પરમાત્માનો શ્રાવક છું ? નળના પુણ્ય-શક્તિ-સામર્થ્યને છેવટે બધાએ સ્વીકારવું પડ્યું. દમયંતીના નળ સાથે લગ્ન થયા.

હવે દમયંતીને કરીયાવર આપીને વિદાય આપવાની છે તે પૂર્વે માતા-પિતા હિતશિક્ષા આપે છે. તમે શું હિતશિક્ષા આપો ? કંઈ પણ તકલીફ પડે તો ફોન

કરજે, એવું જ કહોને ? દમયંતીને હિતશિક્ષા આપે છે :

**"व्यसनेपि भवेर्वत्से! पतिवर्त्मानुवर्तिनी ।**
**पतिमेव परं प्राहुर्दैवतं हि मृगीदृशाम् ।।"**

પતિની છાયા, પતિનો પડછાયો બનીને જીવજે. ગમે તેવી આપત્તિ આવે વફાદાર રહેજે. નારીઓ માટે પતિ જ પરમદેવતા છે. કર્મના કારણે કોઈ પણ ઘટના બની શકે છે. દરેક વખતે ધારણા મુજબ નથી બનતું. આજે તો ઘણાને કર્મનો ઉદય હોતો નથી પણ ગેરવર્તનના કારણે કર્મોને ઉદયમાં લાવે છે, સમજુ લોકો સદ્‌વર્તન કરીને કર્મને ખપાવી દે છે. આપણો નંબર શેમાં ? આપણને સદ્‌વર્તન કરતાં આવડે તો ગમે તેવા કર્મના ઉદયમાં પણ સફળતા મળે. આપણે આપણું કર્તવ્ય બજાવીએ તો સામેવાળાએ ઝુકવું જ પડે. મા' રુદ્રસોમા સ્વકર્તવ્ય એવી રીતે બજાવે છે કે આખા પરિવારને દીક્ષા સુધી પહોંચાડી શકે. મયણા કહે - ચાલો, જિનાલય તો શ્રીપાળ ના ન પાડી શકે - આ તાકાત સદ્‌વર્તન અને સ્વકર્તવ્યપાલનની છે. આપણે પણ સ્વકર્તવ્ય બજાવવા દ્વારા એ કક્ષા સુધી પહોંચીએ. હવે દમયંતી પરણીને જાય છે ત્યાં શું પરિસ્થિતિ સર્જાય છે તે અવસરે...

# પ્રવચન-૩

## એવો ફરક કેમ ? :

અનંતોપકારી અનંતજ્ઞાની ત્રણ લોકના નાથ પરમતારક પરમાત્માએ સર્વજીવોને તારવાની ભાવનાના પ્રભાવે તીર્થંકરનામકર્મ બાંધ્યું અને એના પ્રભાવે આ વિશ્વમાં ધર્મશાસન વહેતું મૂક્યું. આ ધર્મશાસનની કિંમત કેટલી તે સમજાવવા પ્રભુએ રોજના ૬ કલાક દેશના આપી. જગતના જીવો જે દુઃખી થયા, થાય છે ને થવાના છે તેના મૂળમાં તેઓ ધર્મશાસન ન પામ્યા એ છે. જીવવિચારમાં કહે છે :

"एवं अणोरपारे संसारे सायरंमि भीमंमि ।
पत्तो अणंतखुत्तो जीवेहिं अपत्तधम्मेहिं ।।"

જીવે ધર્મ ન મેળવ્યો માટે અનંતા મરણોએ મરવું પડ્યું. ધર્મશાસન ન પામે તો કેવો કાળો ઇતિહાસ સર્જાય અને ધર્મશાસન પામે તો સીલસીલાબંધ કેવા ઉજળા ઇતિહાસનું નિર્માણ થાય એની સમજ આપતી હજારો નહીં, કરોડો કથાઓ ગુંથવામાં આવી છે. આ કથાઓ એટલે કોઈ કાલ્પનિક વાતો નથી પરંતુ રીયલ બનેલું વ્યક્તિનું જીવન છે. કથા = ભૂતકાળમાં બનેલું કહેવા દ્વારા જણાવવું તે. એ કથાઓ દ્વારા, દષ્ટાંતો દ્વારા આપણને માર્ગ મળે કે કેવી રીતે જીવું તો મને નુકસાન ન થાય ! આજે પણ આંખ ખોલીને વિશ્વને જુઓ તો ઘણો બોધપાઠ મળે તેમ છે. એકની પાસે બુદ્ધિ છે, એકની પાસે નથી. એક પાસે પૈસો છે, બીજા પાસે નહીં. એકને અનુકૂળ પરિવાર મળ્યો છે, બીજાને નહીં. બુદ્ધિ, પૈસા, પરિવારનું સુખ છે એવો પણ માણસ બીજાને જોઈને ઇર્ષ્યાથી બળે છે અને બીજી બાજું કો'કની પાસે એવું કોઈ જ સામર્થ્ય નથી છતાં ઇર્ષ્યાની પીડા નથી; મનુષ્ય બધા જ છે, છતાં આવા ફરક કેમ ? કેટલાક વગર દુઃખે દુઃખી થયા કરે અને

કેટલાક અતિદુ:ખની પરિસ્થિતિમાં'ય સ્વસ્થ હોય, આવા અનેક દૃષ્ટાંતોથી નાસ્તિકો પણ વિચારક બને તો વાસ્તવિકતા સમજી શકે. આ બધી ઘટનાઓના એનાલિસિસથી એક જ નિદાન થાય છે કે **જેના હૃદયમાં ધર્મશાસન આવ્યું તેની પ્રગતિ થઈ અને જે લોકો એ ધર્મશાસનને હૃદયમાં ન પધરાવ્યું તેની બરબાદી થઈ !** તમે લોકો ઘટનાને રડો છો પણ તપાસો તો ખરા કે ઘટના બને છે કેમ ? ચારે બાજુ બલ્બ મૂક્યા છે પણ ચાલુ નથી થતા તો વિચારે તો ખરા ને કે કેમ ચાલું નથી થતા ? તપાસ કરે તો ખબર પડે કે કરંટ નથી. મૂળ તપાસવું પડે. **ઘટના બદલવા કરતાં ધર્મશાસન હૈયે લાવી દો તો કામ થઈ જાય. ઘટના બદલવી તમારા હાથમાં નથી, શાસન હૈયે વસાવવું તમારા હાથમાં છે. બુદ્ધિ, શક્તિ, સામર્થ્યનો ઉપયોગ ઘટના બદલવામાં ન કરો, શાસનને હૈયે વસાવવા કરો.**

## જેવું કરે તેવું મળે :

દમયંતીના હૈયે ધર્મશાસન વસેલું છે એના પ્રભાવે જીવનમાં ઘટના કોઈપણ બની, એની સ્વસ્થતા હણાઈ નથી. આપણે એના ચરિત્રને નિહાળવું છે. ગત રવિવારે આપણે જોયું કે સ્વયંવરમાં અનેક રાજકુમારો હતા, એમાં દમયંતીએ નળને વરમાળા પહેરાવી. આમાં કયો પક્ષપાત છે ? જેનું પુણ્ય હતું તેને મળ્યું. આપણી સાથે જે કોઈ પણ ઘટના બને તેમાં આવું જ હોય છે, છતાં આપણે કોઈના પર આરોપ આપીને પાપ બાંધીએ છીએ. બીજા બધા રાજકુમારો આવેલા હતા, કેમ ? દમયંતી મને મળે એવી ઇચ્છાથી આવ્યા હતા, તમારી પણ ઇચ્છા શું ? બધું સારું મને મળે, ઇચ્છા કેટલી પણ પ્રબળ હોય, પ્રયત્ન ગમે તેટલા કરો, મળવાનું તમારી ઇચ્છા કે પ્રયત્ન પર આધારિત નથી, પુણ્ય પર આધારિત છે. અહીં આવેલા રાજકુમારોમાં કોઈ ૨૫૦૦ કિ.મી. દૂરથી આવ્યો હશે, કોઈ ૫૦૦૦ કિ.મિ. દૂરથી આવ્યો હશે, આટલો પુરુષાર્થ કર્યો એટલે એને મળી જ જાય ? ના, વધુ મહેનતથી વધુ મળે એવું નથી પરંતુ સિદ્ધાંત એવો છે : **ખોટું કામ કર્યું હોય તો ન મળે, સારું કામ કરે તો મળે. ખોટું કામ કરે તો પાપ બંધાય એનાથી દુ:ખ આવે. વિશ્વની આ વ્યવસ્થા છે કે જેવું કરે**

**તેવું મળે.** પ્રભુવીર ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં રાણી ઉપર અણગમો કરે તો એ જ રાણી કટપૂતના બનીને ઉપસર્ગ કરે, રિઝલ્ટ ચોક્ખું છે. દરેક વ્યક્તિ પત્ની કે વહુ કેવી લાવવા ઇચ્છે ? સારામાં સારી. એ આવવાથી મારા ઘરમાં તકલીફ ઘટવી જોઈએ, છતાં સર્વે કરી લો ! તકલીફ વધી એવા દાખલા વધુ મળશે ને ? કેમ આવું ? કારણ વિચારતા નથી ને ઘટનાને રડ્યા કરો છો. કારણ તપાસશો તો દુઃખનાબૂદીનો માર્ગ મળી જશે.

## દોષ કરતા દોષ પ્રત્યેની કુણાશ વધુ ખરાબ છે :

અહીં નળને વરમાળા પહેરાવી એટલે બીજા બધા રાજકુમારો તો ઇર્ષ્યાથી બળવા લાગ્યા પણ નળના ભાઈ કુબેરને'ય ઇર્ષ્યા પીડે છે કે મને ન મળી ! તમારે આવું બને તો ? આપણે વાર્તાની એકએક વસ્તુને જીવન સાથે ટેલી કરવી છે, બાકી વાર્તા તો એક દિવસમાં પૂરી થઈ જાય. આપણે વાર્તા પૂરી નથી કરવી, વાર્તા દ્વારા જીવનમાંથી સંસાર પૂરો કરવો છે. જીવનમાં પરિવર્તન લાવવા માટે એક કથા પણ ઇનફ છે, વિચારક બનો તો. એ પણ માણસ છે, એણે આવું કર્યું તો દુઃખ આવ્યું તો મારા જીવનમાં એવું ન થવું જોઈએ, જેના કારણે દુઃખ આવે; પરંતુ આજે લોકો મૂર્ખામી કરે છે. જે ઘટનાથી દુઃખી થયા હોય તે જ ઘટનાને ફરી રીપીટ કરે, તેવા કાર્યો ચાલુ રાખે. કુબેરને ઇર્ષ્યા આવી પણ નળ બળીયો છે માટે કાંઈ કરી શકે તેમ નથી.

તમારે ભાઈ-ભાઈના ઝઘડા થાય, કેમ ? ભાગ પડતા હોય ત્યારે બળીયો દબાવી જાય, આવું જ હોય ને ? પણ વિચારવું જોઈએ કે ભોગવવાથી મહાન બનાય કે ત્યાગ કરવાથી ? લેવલ કોનું ઉંચું ? દબાવે એનું કે છોડે એનું ? રામને લાખો વર્ષ પછી પણ યાદ કરીએ, કારણ ? રાજગાદી માટે ઝઘડો કર્યો હોત તો નામ શાસ્ત્રના પાને આવત ? પોતે હક્કદાર છે, સમર્થ છે, પ્રજાના પ્રીતિપાત્ર છે, બધી રીતે યોગ્ય છે, છતાં રાજ્યગાદીનો સ્વેચ્છાએ ત્યાગ કર્યો માટે જ મહાન બન્યા ને ? આપણું વ્યક્તિત્વ કેવું ? ત્યાં રામ અને ભરત વચ્ચે રાજ્યગાદી નહીં સ્વીકારવાનો ઝઘડો થાય, આપણે ભોગવવાના ઝઘડા થાય કે ત્યાગના ? એ બધી સ્વાર્થવૃત્તિના કારણે આપણું વ્યક્તિત્વ ખરાબ થઈ ગયું છે. ઘણા કહેતા

હોય છે કે મારું કોઈ સાંભળતું નથી પણ ભઈલા ! તારું વ્યક્તિત્વ એટલું જોરશોરથી પોકારે છે એટલે કે તારા વ્યક્તિત્વની છાપ સામેવાળાના મનમાં પડેલી છે તે જ અસર વર્તાય છે તેથી તારું બોલેલું સંભળાતું નથી. માટે આપણે ફરિયાદ કરવા કરતાં વ્યક્તિત્વ બદલવાનું કામ કરવું જોઈએ. સદ્ભાવનાથી બધી ખરાબી દૂર થાય, વ્યક્તિત્વ સારું બનાવી શકાય.

દઢપ્રહારીનું વ્યક્તિત્વ કેટલું ખરાબ હતું ! કઈ હદે ખરાબ હતું ! છતાં સદ્ભાવના કેળવી તો કામ થઈ ગયું ને ? આપણું વ્યક્તિત્વ એટલું ખરાબ તો નથી ને ? તો આપણું કલ્યાણ કેમ ન થાય ? **આપણે એટલા ખરાબ નથી પણ એક ખરાબી એ છે કે દોષો ભલે ઓછા સેવીએ છીએ પરંતુ દોષો પ્રત્યેની કુણાશ રહેલી છે. આ દોષો પ્રત્યેની કુણી લાગણી આપણને મારનારી છે. એ કાઢ્યા વિના સફળતા નહીં મળે.** પ્રશ્ન દોષની નથી, દોષનો કુણાશનો છે, બાકી દોષો વગરનું જીવન તો એકમાત્ર પરમાત્માનું જ હોય, એ ઉત્તમોત્તમની કક્ષામાં છે પરંતુ દોષ હોવા છતાં દોષ પ્રત્યેની કુણાશ ન હોય એ'ય ઉત્તમ છે. **અંતરમાં દોષ પ્રત્યે દ્વેષ પેદા થાય તો આજે નહીં તો કાલે દોષો જવાના અને હૈયામાં દોષો પ્રત્યેની કુણાશ છે તો આજે નહીં દેખાતા દોષો કાલે આવી જવાના.**

***સભા : દોષોની કુણાશ એટલે ?***

તમારો દીકરો અને પાડોશીનો દીકરો, કુણાશ ક્યાં ? તેમ આપણી ભૂલ હોય તો સંયોગો આવા હતા માટે આવું કરવું પડ્યું અને બીજાની ભૂલ હોય તો, આવું કરાય જ કેમ ? આ દોષોની કુણાશ છે; બાકી દોષોનો દ્વેષ હોય તો આંખ જેવા બની જવાનું. આંખ સાવધાન છે. કચરો પેસી ન જાય માટે પટપટ થયાં કરે, સતત સાવધાની રાખે, છતાં કચરો અંદર જતો રહે તો પાણી ટપકે અને ન નીકળે ત્યાં સુધી આંખ નમેલી રહે. કદાચ જરૂર પડે તો ડોક્ટર પાસે જઈને કચરો કઢાવો ને ? પછી આંખ પોતાને જ્યાં માફક આવે ત્યાં ચોંટી જાય અને માફક ન આવે ત્યાંથી રીટર્ન થઈ જાય. સૂર્ય સામે ગયેલી દષ્ટિ પાછી આવે ને ગ્રીનરી સામે ચોંટી જાય. આંખના આ પાંચ ગુણો આત્મા માટે અપનાવીએ તો દોષો પ્રત્યેનો દ્વેષ સાચો.

**(૧) દોષો જીવનમાં પેસે નહીં તેની સજાગતા**

**(૨) દોષ પેસી જાય તો ચેન ન પડે.**

**(૩) દોષ ગુરુને ન જણાવે ત્યાં સુધી જાત અપરાધી લાગે**

**(૪) આત્માને ગુણોનું પ્રદાન કરાવે તેવા સાથે જ જોડાણ રાખે**

**(૫) આત્માને દોષી બનાવે તેવાનો કોન્ટેક્ટ ન રાખે.**

## ભોગ એ જીવન નથી, જીવનનો એક પાર્ટ છે :

અહીં દમયંતીના નળ સાથે લગ્ન થયા ને વિદાય આપતી વખતે માતા-પિતા એને હિતશિક્ષા આપે છે. તમે તો માત્ર ભોગ માટે જ પરણો છો ને ? એના માટે પરણવાની ક્યાં જરૂર છે ? ભોગ તો એનો એક પાર્ટ છે, નબળાઈ છે, તાકાત આવે તો બ્રહ્મચર્યનું જ પાલન કરવાનું છે. એટલી તાકાત નથી તો આ મર્યાદા બાંધી પરંતુ એનો મતલબ ભોગ એ જ જીવન નથી, જીવનનો એક પાર્ટ એ ભોગ છે. જેને આ વસ્તુ નથી સમજાતી ને ભોગપ્રધાન જીવન જીવે છે એ પરિવારમાં આવતા કર્તવ્યો પણ નથી બજાવી શકતો. જેને પારિવારિક કર્તવ્યો બજાવવાનું પણ મન નથી એ ધાર્મિક કર્તવ્યો કેવી રીતે બજાવશે ? આજે પારિવારિક કર્તવ્યમાં પણ પ્રશ્ન ઉઠાવે કે ભાઈ ન કરે તો મારે કેમ કરવાનું ? દેરાણી ન કરે તો હું શું કામ કરું ? ભોગ - સ્વાર્થ સિવાયના જીવનના પાર્ટ સમજ્યા ન હોય માટે આવા સવાલો થાય. જેમ શરીરના પાર્ટ ઘણા હોય હાથ, પગ વિગેરે એમાં એક પાર્ટમાં ગરબડ થાય તો બીજા બધા પાર્ટ ભેગા મળીને એને સાચવી લે તેમ પરિવાર, સમાજ એ બધા પાર્ટ છે, કંઈ પણ તકલીફ આવી તો એ પાર્ટ સાચવી લે પણ આજે એ વસ્તુ ભૂલાઈ ગઈ છે, પરિવાર જેવું લાગતું જ નથી માટે કહે છે કે હું મારી રીતે જીવી લઈશ અને માટે જ આજે એક ઘરમાં પવિત્રતા ટકી નથી, એક ઘરમાં વિશ્વસનીયતા જેવી વસ્તુ મળતી નથી.

વર્તમાનમાં તમે લોકોએ શિક્ષણ ખૂબ આપ્યું પરંતુ જીવન કેવી રીતે જીવવું એનું શિક્ષણ ન આપ્યું આથી ભણે પણ જીવવું કેવી રીતે એ ન આવડે. તમને આવડે કેવી રીતે જીવવું ? તમે જે જીવન જીવો છો એ જીવન જીવવાની કળા પણ તમારી પાસે છે ? ચાદર પ્રમાણે પગ પહોળા કરાય પણ તમે શું વિચારો ?

લોનથી બધું મળે જ છે ને ? પછી ચાદર બહાર પગ જાય ને મચ્છર કરડે તો રાડ પાડો. આજના લોકોની માનસિકતા આ જ છે ને ! એ અમેરિકાની પેન લઈ આવ્યો તો પપ્પા ! મને પણ આવી પેન લાવી આપો. એની સ્કૂલ બેગ આ કંપનીની છે તો મારે પણ એ જ કંપનીની જોઈએ. આ બધી માથાકૂટ છોડી એવું ભણાવો કે એ તમારા માટે, પરિવાર માટે, સમાજ માટે ઉપકારક બને. જો કે આ બધું ઘડતર કરવાનું કામ તમારું છે. તે પણ અમારે કરવાનું ? દીકરો જન્મે તો પેંડા વેચે પણ તેમને ખબર નથી કે દીકરાના જન્મની સાથે મા-બાપનો પણ જન્મ થાય છે તો જીવનમાં શું ફેરફાર લાવવાનો, પૂર્વે પતિ-પત્ની રૂપે જીવતાં હતાં. હવે માતા-પિતા તરીકે જીવવાનું છે. દરેક વર્તનની બાળક પર અસર પડવાની છે. માટે ખરાબ અસર પડે તેવું વર્તન ન કરાય. એ સમજાવવાનું અમારું કામ નથી, અમારું કામ તો ધર્મ સમજાવવાનું છે છતાં અમારે 'તમે મા-બાપ બન્યા તો શું ફરક પડે જીવનમાં' એ શીખવવું પડે. માત્ર ભરણપોષણ કરવું એ તમારું કર્તવ્ય નથી, સંસ્કારો આપવા એ કર્તવ્ય છે. દૂધ પીવરાવવાનું કામ તો કૂતરી પણ કરે છે, એટલું જ કામ તમારું નથી, આત્માની ચિંતા કરવી, એનું જીવન સંસ્કારિત બનાવવું એ જવાબદારી છે.

***સભા : સાહેબ ! ટાઈમ નથી.***

બુટ્ઠી કુહાડીથી લાકડા કાપવા મથતા કઠીયારાને કોઈએ કહ્યું કે ભાઈ ! કુહાડીની ધાર કાઢીને પછી લાકડા કાપ. ત્યારે એ કહે છે કે મારી પાસે ધાર કાઢવાનો ટાઈમ નથી એ જ રીતે ટાઈમ નથી એમ કહે છે આ ભાઈ. શાંતિથી જીવવું છે ને ? એના માટે'ય સંસ્કાર આપવા પડશે. ખાવા માટે લુખો રોટલો હોય છતાં શાંતિથી જીવી શકાય જો તમારી પાસે સંસ્કાર છે, ધર્મ છે તો. પુણિયાશ્રાવકને પત્ની કહે - 'ચિન્તા શું કામ કરો છો ? સાધર્મિક ભક્તિ કરવી છે તો એક દિવસ તમે ઉપવાસ કરજો એક દિવસ હું ઉપવાસ કરીશ અને આપણે રોજ એક સાધર્મિકની ભક્તિ કરશું' પૈસા નથી એની રાડ નથી પાડી. ને તમારી પત્ની તમને શું કહે ? 'રવિવારે હોટલમાં જવું છે, વેકેશનમાં ફરવા જવું છે, શું કરો છો તમે ? રૂપિયા કમાઓ ! બધા કેટલા કમાઈ ગયા ! તમે તો એવા ને

એવા રહ્યા.' આર્યદેશની સ્ત્રી એવી હોય કે અનીતિથી લાવેલા રૂપિયાની ૧૦૦૦ની સાડી એને ન ખપે, અનીતિ કરીને પતિની દુર્ગતિ થાય એની ચિન્તા હોય. સાદી સાડીથી ચલાવી લે. આજની પત્નીને પતિનો પ્રેમ ક્યાં છે ? એને તો સાડીનો પ્રેમ છે, હોટલનો પ્રેમ છે.

***સભા : સંસ્કાર આપવાની બાબતે આટલા ઉંધા જતા રહ્યા તો હવે સુધારો થઈ શકે ?***

મુંબઈના બદલે દીલ્હી જવાની ગાડી પકડી, હવે સુધારો થઈ શકે ? હા થઈ શકે પણ થોડી વાર લાગે. જેટલા ઉંધા ગયા તેટલા રીવર્સ આવવું પડે. આર્યદેશમાં એવું શિક્ષણ અપાતું કે ભૌતિક જગત્ કર્માનુસારે ચાલે છે. એમાં આપણું કાંઈ ચાલવાનું નથી. ઇચ્છા કે પુરુષાર્થ ગમે તેટલો હશે, થવાનું કર્મ પ્રમાણે જ, માટે ભૌતિક વસ્તુને ધ્યાનમાં લઈને ધર્મનો ત્યાગ ના કરશો. **આપત્તિ - સંપત્તિ અસ્થિર પદાર્થ છે. ધર્મ સ્થિર પદાર્થ છે. અસ્થિર માટે સ્થિરનો ત્યાગ કરવા ગયા તો બંને ખોવાનો અવસર આવશે. બાવાનાં બે'ય બગડશે ! સ્થિરનો તમે ત્યાગ કર્યો, અસ્થિર તમારો ત્યાગ કરશે.**

આર્યદેશનું શિક્ષણ, આર્યદેશના સંસ્કાર, આર્યદેશની રીતિનીતિ - બધું વિશિષ્ટ હતું. આજથી ૫૦ વર્ષ પૂર્વે લગ્ન માટે શું જોવામાં આવતું ? વ્યક્તિને નહીં પણ એની ૭ પેઢીને જોતાં, કેમ ? વિચારણીય છે. ૭ પેઢી સુધી એકસરખી પરિસ્થિતિ ન ચાલે, કર્મયોગે સંપત્તિ અને વિપત્તિ આવી હોય છતાં કોઈએ એવું કોઈ કામ ન કર્યું હોય કે કલંક લાગે ! કુલ લજવાય તેવું જેના જીન્સમાં ન ઉતર્યું હોય ત્યાં આંખ મીંચીને દીકરી પરણાવતા, તો પ્રશ્ન નહોતો આવતો, અત્યારે રૂપ અને પૈસા જોઈને પરણે છે તો કર્મસંયોગે રૂપ અને પૈસો જતો રહ્યો તો ? પૈસા જતા રહે અને સફેદ કોઢ થઈ જાય તો જિંદગી બરબાદ ને ? કેમ કે એ જોઈને પરણ્યા હતા ને એ તો અસ્થિર છે; આથી સ્થિર એવા ધર્મના સદાચારો જોઈને પરણે તો એ તો ટકવાના જ છે પછી બહારની પરિસ્થિતિ બદલાય તો'ય શાંતિથી જીવી શકે.

***સભા : દમયંતીએ સ્વયં જ પસંદગી કરી ને ?***

એમાં હું કહી ગયો કે તપાસ કરતા દમયંતીને અનુરૂપ વરની પ્રાપ્તિ ન થઈ માટે સ્વયંવર રચાયો. એમાં આમંત્રણ કોને ? કુળવાન રાજકુમારને ! સાથે મા-બાપ એમ પણ સમજતા હતા કે અમારી દીકરી ધર્મી છે, પુણ્યશાળી છે, માટે એની પસંદગી અમારા કરતાં સારી હોય. વ્યક્તિના વૈશિષ્ટ્યના કારણે પૂર્વે આ રસ્તો અપનાવાતો. જેમ વસ્તુપાલ - તેજપાલ અનુપમાને પૂછીને કરતા, બીજી બાજું નીતિશાસ્ત્ર લખે છે : સ્ત્રીના આધારે જે ઘર ચાલે તે બરબાદ થાય, કેમ કે સ્ત્રી સાહસિક હોય છે તો પછી અનુપમાને પૂછીને કરનારા વસ્તુપાલ - તેજપાલ બાયલા હતા ? ના, તે વધુ ગુણવાન હતી માટે; તેમ તે - તે કન્યાનું વ્યક્તિત્વ, રૂપ - લાવણ્ય, પુણ્ય, ગુણીયલતા વિગેરે એવું અનુપમ હોય માટે માતા-પિતા સ્વયંવરનો રસ્તો અપનાવે.

***સભા : આવી પુણ્યશાલી વ્યક્તિને પણ તકલીફ કેમ આવી ?***

ક્યાં આવી છે ? હવે આવશે ને ? અચ્છા, વાર્તા કડકડાટ છે તો એમ વિચારો કે પુણ્યશાલી વ્યક્તિને પણ પૂર્વે ગરબડ કરી હોય તો તકલીફ આવે જ, તો આપણાં જેવા કે જેમાં ગરબડ જ ગરબડ ભરેલી હોય એને તો સુતરાં તકલીફ આવવાની જ, તો ફરિયાદ શેની ? અહીં આવે તો પણ એ જ વાત, સાહેબ ! બહુ તકલીફ છે પણ ભઈલા ! તકલીફ ન હોય તો શું હોય ? સમુદ્ર = પાણી જ પાણી, સંસાર = તકલીફ જ તકલીફ ! જેમ સમુદ્રમાં બહુ પાણી છે એમ ન બોલાય કેમ કે ત્યાં તો પાણી જ હોય ને ! એમ સંસારમાં બહુ તકલીફ છે એમ બોલાય ? કેમ કે ત્યાંતો...! બેફામ જીવન જીવનારને એવું જ થાય, ન થાય ત્યાં સુધી આશ્ચર્ય સમજો.

## તમારામાં અને મુનિમાં ફરક ક્યાં ? :

અહીં હિતશિક્ષા આપીને દમયંતીને મા-બાપે વિદાય આપી. નળ દમયંતીને લઈને પોતાના દેશ તરફ જવા માટે નીકળ્યો. કોશલાનગરી બહુ દૂર છે. જતાં-જતાં સૂર્યાસ્ત થયો, રાત પડી, ગાઢ અંધકારના કારણે આગળ રસ્તો દેખાતો નથી. આગળ જતું સૈન્ય અટકી ગયું છે ત્યારે દમયંતીએ પોતાનું કપાળ લુછ્યું ને તિલક સૂર્યની માફક પ્રકાશ ફેલાવા લાગ્યું. કાયમી વીજળી, સ્વાધીન પ્રકાશ

દમયંતી પાસે હતો. એ પ્રકાશના કારણે ક્ષણાર્ધમાં અંધકાર નષ્ટ થયો. કર્મસત્તાએ ધર્મસત્તાને સરંડર થવું જ પડે. દમયંતીના પુણ્યપ્રતાપે ગાઢ અંધકારમાં સૂરજ જેવો પ્રકાશ થયો. તમે ગમે તેટલી ગોઠવણ કરી હોય પણ એક જગ્યાએ કનેક્શન તૂટે તો પણ પૂરું ને ! છતી લાઈટોએ અંધારું થઈ જાય ને ! અહીં પ્રકાશ થયો, સૈન્ય સડસડાટ ચાલવા લાગ્યું, આગળ જતાં એક મુનિભગવંતના દર્શન થયા. મુનિના દર્શનથી રૂવાંટાં ખડા થાય ને ? કેવા વિશિષ્ટ વ્રતોના પાલક છે ! એવું બહુમાન થાય ને ? તમે તો સ્કૂટર પર જતા હો ધમધમાટ... મુનિ હડફેટમાં ન આવે તો નસીબ!!

આ મુનિભગવંત એવા વિશિષ્ટ સત્ત્વના ધારક હતા, કાઉસગ્ગધ્યાનમાં રહેલા હતા ને હાથી ઝાડ સમજીને ખણજ ખણવા માટે પોતાનું ગણ્ડસ્થલ ઘસે છે. મુનિ સહેજ પણ ખસ્યા કે હલ્યા નહીં. જેમ તમે, બાળક લાત મારે, વાળ ખેંચે તો સહન કરો છો ને ? સહન કરો છો એવું પણ ન લાગે, ઉલ્ટાનો આનંદ આવે. આ મહામુનિ ધ્યાનથી જરાય ચલિત ન થયા. ગણ્ડસ્થલમાંથી નીકળતો મદ મુનિના શરીર પર ચોંટ્યો, એની સુગંધથી આવેલા ભમરાઓ મુનિને દંશ મારવા લાગ્યા. મુનિ પોતાના ધ્યાનમાં મસ્ત છે, કેવી મોક્ષની તાલાવેલી હશે ! તમને જેમ પૈસાની તાલાવેલી છે તો શેઠના ઠપકા સહન કરો ને ? એ ખખડાવે તો'ય હાજી ને અપમાન કરે તો'ય હસતા રહેવાનું ! શરીરના દંશ સહેલા કે મનના ? ઘરાક ગાળ આપે તો'ય હસે, ઉપરથી ઠંડુ પીવરાવે. તમને માન-અપમાન વેઠતાં, સમતા રાખતાં જોરદાર આવડે ને ? પત્ની અને દીકરા જે રીતે ખખડાવે, ગાળ આપે, છતાં હસતાં ને હસતાં, જબરદસ્ત કર્મનિર્જરા કરો ને ?

***સભા : તો પછી અમારું બહુમાન કરવું જોઈએ ને ?***

હા, પણ શેનાથી ? ચપ્પલના હારથી, કેમ કે આવો ત્રાસ છે, છતાં ભગવાન પાસે જવાનું મન નથી થતું. ફૂલના હારથી બહુમાન તો એનું હોય કે જેના ગુણોથી- મઘમઘાયમાન જીવનથી અનેકને સુગંધ મળતી હોય ! આ મહામુનિને ભમરા કરડે છે છતાં ગણકારતા નથી. જેમ તમારા માટે મધુબિંદુનું દૃષ્ટાંત અપાય છે ને ! એક મધના ટીંપા માટે કેટલી મધમાખીના ડંખ ખાવા પડે ? તમે મધુબિંદુ માટે ડંખને ના ગણકારો, આ મુનિવર મોક્ષ માટે ડંખને નથી

ગણકારતા. આ દશ્ય જોઈ નળ વિગેરે રથમાંથી ઉતરી મુનિભગવંત પાસે ગયા ને તેમના શરીર પરથી મદ વિગેરે સાફ કર્યું, મુનિને નિરુપદ્રવ કર્યા, છતાં ભમરા કરડતા હતા એ દશા અને હમણાંની અવસ્થા - બંનેમાં મુનિવર એકસરખી મનોદશાના ધારક છે ! તમે આશ્ચર્ય નહીં પામતા, કેમ કે તમે પણ સામેવાળો ગાળ બોલીને રૂપિયા આપે કે ગમે તે રીતે આપે, રૂપિયા મળે તો સમદષ્ટિ જ છો ને ? તમારી અને મુનિની સમદષ્ટિમાં ફરક નથી, ફરક માત્ર એટલો છે કે મુનિ મોક્ષ માટે સમદષ્ટિવાળા છે, તમે સંસાર માટે, ભોગ- સુખો માટે !

મહામુનિને ભમરા કરડે તો'ય નોપ્રોબ્લેમ, ન કરડે તો'ય નોપ્રોબ્લેમ ! આવા મુનિવરને ઉત્તમ તીર્થની જેમ ભાવથી વંદન કરીને આગળ નીકળ્યા. કોશલાનગરીના પરિસરમાં પ્રવેશીને નળ, દમયંતીને પોતાની નગરી બતાવે છે. દમયંતી જિનાલયોથી મંડિત નગરી જોઈને અતિ આનંદિત થઈ ગઈ. દમયંતી જિનાલયો જોઈને ખુશ - ખુશ થઈ, તમને દુઃખ થાય છે ને ? કેટલાં જિનાલયો બને છે ! હોટલ અને થિયેટરો વધે તો તમને વાંધો નથી.

***સભા : જિનાલયો સચવાતા નથી.***

એક વ્યક્તિ દસ દુકાન હોય તો સાચવી લે.

***સભા : ઓનલાઈન.***

હા તો અહીં પણ ગોઠવી દો વ્યવસ્થા તો દસ નહીં સો સચવાશે. સંપ્રતિ મહારાજા દિવસ ઉગે ને એક જિનાલય બનાવે અને તમે લોકો કમસેકમ એ જિનાલયોને સાચવી પણ ન શકો ? પ્રભુ-પ્રભુના જિનાલયની કિંમત સમજાય તો જ આ બધું શક્ય બને.

***સભા : એક બાજુ મહામુનિ ઉપસર્ગને સામે ચાલીને વધાવે ને બીજી બાજુ આ લોકો ઉપસર્ગ દૂર કરે તો વિરોધ નથી આવતો ?***

આને વિરોધ ન કહેવાય, જિનશાસનની આ જ તો ખાસીયત છે કે તપસ્વીને કહે ત્યાગ કર અને ભક્તિ કરનારને કહે ૧૦૦ આઈટમ બનાવ. તમને વેસ્ટ દેખાય છે ને ? પણ તમને ખબર નથી આ બંનેને મોક્ષે મોકલવાનો રસ્તો છે. મહામુનિઓ ક્યારે'ય ઇચ્છે નહીં કે ભક્તિ કરો ! જે ઇચ્છે તેનામાંથી

મહામુનિપણું હલી જાય અને ભક્તિ કરવાવાળો કર્યા વગર રહે નહીં, કેમ કે એને ખબર છે કે આમની ભક્તિ મને ભવસાગરથી તારનારી છે - આવું ઉભયપક્ષે હોય તો બંનેનું કલ્યાણ થાય.

## ભાવપ્રાણોને બચાવવા છે તો... :

દમયંતીને લઈને નિષધ - નળ વિગેરે પોતાની નગરીમાં પહોંચ્યા. નળ-દમયંતીનું દામ્પત્યજીવન સુખપૂર્વક પસાર થઈ રહ્યું છે. એક વખત પર્વતો પર અને સરોવરોમાં ક્રીડા કરવા જાય છે ત્યાં જ્યારે એકાંત હોય ત્યારે નળ વાજિંત્ર વગાડે છે ને દમયંતી નૃત્ય કરે છે. સતી સ્ત્રી પોતાની કળા પતિ અને પરમાત્મા સિવાય બીજે ક્યાંય ન બતાવે. ગ્રન્થકારશ્રી 'એકાન્તમાં' એમ કહીને ઘણું સૂચન કરવા માંગે છે. સ્ત્રી કિંમતી ચીજ છે. કિંમતી વસ્તુને લારી પર ફેરવો તો લૂંટાઈ જાય. હું આ વાતનું વિશ્લેષણ ઘણી વાર એટલા જ માટે કરતો હોઉં છું કે આમાં ખૂબ ગંભીર બનવાની જરૂર છે. બીજ જેટલું પવિત્ર હશે, ફસલ તેટલી સારી થવાની છે. બીજ કહે : હું અંદર દટાઉં ? એ મારાથી નહિ બને, તો ફસલ ઉગે ? ધાન્ય ઉગે ? સમાજને ભૂખે મરવું પડે.

આજે નવી વાતો આવે છે કે સ્ત્રી-પુરુષને સમાન હક્ક ! જો એવું જ હોય તો જે મોર્ડન સ્ત્રીઓએ પુરુષનો વેશ અપનાવ્યો તો તેમણે પોતાના પતિને સ્ત્રીનો વેશ પહેરાવ્યો ? આ જ માનસિક ગુલામીનું સૂચન છે. સ્ત્રીની જેમ પુરુષ પરણીને સાસરે જાય તો ? સમાન હક્કની વાત કરો છો તો આ બધી બાબતોમાં કેમ નહીં ? અને સમાન હક્ક હતો જ પણ પોત-પોતાના સ્થાનમાં. ઘરમાં સ્ત્રીનો ને બહાર પુરુષનો હક, તેથી રથ બરાબર ચાલતા હતા, હવે રથના બંને પૈડા એક બાજુ આવી ગયા, રથ નમ્યો ને એમાંથી કીચુડ-કીચુડ અવાજ આવવા લાગ્યો, અનુભવો છો ને એ અવાજને ? આ સમાન હક્કની વાતો કરી કરીને પવિત્રતાને નષ્ટ કરવાનું કામ થઈ રહ્યું છે. હવે તો વૈજ્ઞાનિક પણ માને છે કે મનમાંથી પવિત્રતા ગઈ માટે બ્લડમાં વિકૃતિ આવી. આનાં કારણે જે સંતતિ પેદા થાય તે પણ તેવી જ નમાલી જન્મે. આનાથી કોઈ એક વ્યક્તિને નુકસાન નથી, પૂરા વિશ્વને નુકસાન છે. તેથી જ સ્ત્રીરૂપ બીજ બચાવવાની જરૂર છે. અત્યારે આ બધી વાતો આઉટ ડેટેડ લાગે છે પણ ખરેખર અતિ ચિંતાનો વિષય છે.

પૂર્વે કેવા સત્ત્વશાલી લોકો આ દેશમાં હતા અને આજે પ્રજા કેવી નબળી - નમાલી પાકે છે ! કેવો ધરખમ ફેરફાર જોવા મળે ! જે વિશ્વવ્યવસ્થા ગોઠવાયેલી હતી તે તોડવાનું મહાપાપ કર્યું છે. સંરક્ષણીય ચીજને જાહેર બજારમાં લાવીને ભયંકર નુકસાની સર્જી છે. અનાદિકાલીન વાસનાઓને ઉત્તેજિત કરવાના નિમિત્ત પૂરાં પાડીને પવિત્રતા નાબૂદ કરી છે. પુરુષવર્ગે તો બહાર નીકળવું જ પડે, ત્યાં સ્ત્રી પણ આવે તો શું થાય ? ટી.વી. વીડીયો, મોબાઈલના કારણે મન વાસનાઓથી ભડકે બળતું હોય એમાં ચાન્સ મળી જાય પછી શું બાકી રહે ? મનની પવિત્રતા તો બરાબર, તનથી પણ પવિત્રતા ટકી છે ? આખી જિંદગીમાં મનમાં'ય બીજો વિચાર ન કર્યો હોય તેવી સતીઓ થઈ ગઈ, તેના નામ લેવાય, તેમના નામનું સ્મરણ પ્રતિદિન સાધુ પણ કરે.

પવિત્રતા ટકાવવી હોય તો એકાંત - અંધકાર ટાળવા જોઈએ. અમને પણ એકાંત - અંધકાર ટાળવાનું કહ્યું છે. એકલા ક્યાંય જતા નહીં અને અંધકારમાં બેસતા નહીં પણ તમારા આ મોબાઈલે બધી છૂટ આપી દીધી. તમારી બેદરકારી અને બેકાળજીનાં કારણે એના છાંટા અમારા સુધી પણ પહોંચવા લાગ્યા. મોબાઈલે તમને શ્રાવકપણામાં ટકવા ન દીધા, અમને સાધુપણામાં રહેવા ન દીધા ! તેનું મહાપાપ જે જોડાયેલા હશે, જે નિષેધ નહીં કરે તેને પણ લાગશે. એ મહાપાપથી બચવું હોય તો નક્કી કરો કે હું એમાં સહભાગી કે ટેકેદાર નહીં બનું. દહેરાસર - ઉપાશ્રયમાં મોબાઈલ ઓફ કરીને જ જઈશ. જીવનશૈલી મુજબ મોબાઈલ રાખવો જ પડશે તો વ્યવહારિક-વ્યાપારિક કાર્યોથી આ વધુ ઉપયોગ નહીં કરું ને સાધુ પાસે ન પહોંચે તેની પૂરી કાળજી રાખીશ - આટલું કરશો તો તમે'ય બચશો ને સાધુ પણ બચશે અને તો મોક્ષમાર્ગ ટકશે.

આ વાત એટલા માટે કરી કે તે કાળે દમયંતીએ એકાંતમાં પતિ સામે જ નૃત્ય કર્યું અને તમે લોકો ગર્વ ધરો કે મારી દીકરી ડાન્સર છે. લગ્નની પાર્ટીમાં અનેક લોકોની સામે નાચ કરે. પહેલા સ્ત્રીનો રોલ નટ જ ભજવતો; કેમકે સ્ત્રીને લોકોની પણ વચ્ચે ન જવાય એટલી સમજ એમનામાં'ય હતી ! તમારી જે સ્થિતિ હોય તે પણ મારી તમને ખાસ ભલામણ છે કે અમને બચવા દો.

ઉપાશ્રયમાં મર્યાદાપૂર્ણ વસ્ત્રો પહેરીને આવો. ધર્મબિંદુમાં પૂ. હરિભદ્રસૂરિમહારાજા ધર્મમાં પ્રવેશ પામતા પૂર્વે ઉદ્‌ભેટવેશનો ત્યાગ કરવાનું ફરમાન કરે છે અને ઉદ્‌ભેટવેશની વ્યાખ્યા કરે છે કે ટૂંકા વસ્ત્રો, આછા વસ્ત્રો, શરીરચુસ્ત વસ્ત્રો, ભડકરંગના વસ્ત્રો અને ઉઘાડું માથું રાખવું આ ઉદ્‌ભટવેશનું લક્ષણ છે. માણસ બનવું હોય તો'ય ઉદ્‌ભટવેશનો ત્યાગ કરવો જોઈએ, તો ધર્મી બનવું હોય કે ધર્મસ્થાનમાં આવવું હોય, એને તો સુતરાં ઉદ્‌ભટવેશનો ત્યાગ કરવો પડે. તમે ત્યાગ ન કરી શકો તો તમે જાણો પણ મહેરબાની કરીને ઉપાશ્રયમાં એવા વેશ પહેરીને પ્રવેશ ન કરો, કેમ કે અમારે સાધુઓના ભાવપ્રાણ બચાવવાના છે. અમારી મુશ્કેલી એ છે કે તમને આવવા દઈએ તો'ય તકલીફ અને ન આવવા દઈએ તો'ય તકલીફ ! માટે સમજુ બનો તો સારું, દ્રવ્યપ્રાણની હિંસા કરતાં ભાવપ્રાણોની હિંસામાં વધુ પાપ છે. સ્વ-પરના ભાવપ્રાણોને બચાવવા એ આપણા સૌનું કર્તવ્ય છે. એ કર્તવ્ય અદા કરનારા બનીએ એ જ ઇચ્છા.

# પ્રવચન-૪

અનંતોપકારી અનંતજ્ઞાની ત્રણ જગતના નાથ પરમતારક પરમાત્માએ વિશ્વના જીવોના કલ્યાણ માટે શાસનની સ્થાપના કરી છે. સૌ પ્રથમ યુગાદિદેવ આદિનાથ પ્રભુએ ધર્મશાસનની સ્થાપના કરી ત્યારબાદ ત્રેવીસ પરમાત્માએ શાસન સ્થાપ્યું. તેમાં ચોવીસમાં પરમાત્મા ચરમતીર્થપતિ આસન્નોપકારી પ્રભુવીરના શાસનમાં આપણે વર્તી રહ્યા છીએ. શાસનની સ્થાપના સાધુધર્મથી જ થાય છે, સાધુ વગર શાસન ચાલી શકતું નથી. જે દિવસે સાધુતાની પૂર્ણાહુતિ તે દિવસે શાસનની પૂર્ણાહુતિ ! શાસન = જીવને ભવસાગરથી તરવાનો માર્ગ. અનાદિકાળથી જીવ જે દુ:ખોથી, દુ:ખના કારણભૂત પાપો - દોષોથી બંધાયેલો છે તેનાથી છૂટવાનો માર્ગ. આ અવસર્પિણીમાં એ માર્ગની આરાધના કરીને અસંખ્ય આત્માઓ મોક્ષે ગયા. એ આત્માઓના ચરિત્ર જાણીએ તો આપણને પણ માર્ગની આરાધના કરવાનો તલસાટ જાગે માટે આપણે આ ચરિત્રનો પ્રારંભ કર્યો છે.

## સંસ્કારસિંચનનું કામ મા-બાપનું :

નળ-દમયંતીના ચરિત્રમાં આપણે જોયું કે દમયંતી એકાંતમાં નળની સામે નૃત્ય કરે છે. વર્તમાનની પરિસ્થિતિ વિકટ છે. માણસાઈની ભૂમિકાની સામાન્ય વાતો આજે જૈન જેવા વિશિષ્ટ કુલોમાંથી પણ નષ્ટ થવા લાગી. હું તમને પૂછું - જગતને ખુશ કરવા માટે નૃત્ય કરે તેને સજ્જનલોકો પણ શેની ઉપમા આપે ? દુનિયાને ખુશ કરવાની નથી હોતી, પરમાત્માને અથવા સંસારમાં બેઠા હોય તેથી પતિને, આ બેને જ ખુશ કરવાના હોય, છતાં જગતના ચોકમાં પોતાની કળા બતાવનાર દીકરીના માબાપ બે મોંઢે વખાણ કરે ! આજે શિક્ષણ પણ એ જ શીખવે છે કે સમાન હક્ક હોવો જોઈએ તો સ્ત્રીને કેમ પૂરી રાખવાની ? તમે

ઘર બંધ કરીને અંદર બેઠા હો તો પૂરાયા કહેવાઓ ? ના, સંરક્ષણ કહેવાય. શિયાળાના દિવસોમાં મા' પોતાના બાળકને રજાઈ ઓઢાડે તે તેને ગુંગળાવી નાંખવા ? ના, એનાં શરીરને બચાવવા, ઉનાળામાં સ્કીનના રક્ષણ માટે કેટલાં પેક થઈને નીકળે ! તેમ શીલના રક્ષણ માટે ઘરમાં રાખવામાં આવે તે દબાવી દેવા નહીં, બચાવી લેવા માટે છે; છતાં આ વાત બેસતી નથી તેથી ઇનોસન્ટ નાની ઉંમરની કન્યાનો કેવી રીતે યુઝ કરવામાં આવે છે ! કેટલા વ્યભિચારો વધ્યા છે !

નીતિશાસ્ત્રમાં પણ લખ્યું છે કે સ્ત્રી રક્ષણીય છે, જનેતા છે, એ જેટલી સુરક્ષિત તેટલી પ્રજા સત્ત્વશાલી પાકે. સ્ત્રીએ ઘરમાં રહીને પરિવારને સંસ્કારી બનાવવાનો છે. સ્ત્રી પણ ગૌરવ લઈ શકે કે મારો પરિવાર એવો સંસ્કારિત છે કે શરમાવું પડે તેવું કામ અમારા પરિવારમાં ન જ હોય.' અમારે આ વિષયની વાતો કરવાની હોતી નથી, આ મૂળભૂત સંસ્કારો તો જૈન પરિવારમાં હોય જ, અમારે ચારિત્રધર્મની વાતો કરવાની હોય પણ વર્તમાન પરિસ્થિતિ એટલી કફોડી છે કે ધર્મ પામવાની ભૂમિકા પણ ખલાશ થવા માંડી છે માટે અમારે નીચી કક્ષાની વાત કરવી પડે છે. આ આર્યદેશ તો એવો હતો કે શીલના રક્ષણ માટે જાન આપી દે, એમને મન જીવન કરતાં'ય શીલની કિંમત વધુ હતી. આજે શિક્ષણ, સાધનો અને તમારા સૌની બેદરકારીના કારણે પરિણામ શું આવ્યું ? જૈનોની દીકરીઓ પણ ગમે તેની સાથે ભાગી જાય, જૈનકુળની પ્રાપ્તિ એ તો અછેરા જેવું છે તેવા કુળને છોડીને બીજે જવાનું મન થાય ? ખરેખર તમારે સૌએ સજાગ ને સાવધાન બનવાની અત્યંત જરૂર છે. સંસ્કાર જ સાથે લઈને જવાના છે, એ જ કાયમી મૂડી છે, કરોડોની મિલકત પણ અહીં જ મૂકીને જવાની છે, માત્ર સંસ્કાર સાથે લઈને જવાના છે, તેના પ્રત્યે બેદરકાર બનશો તો આ ભવ અને પરભવ બંને બગડશે માટે આ બાબતે થોડા ગંભીર બનીને વિચારણા કરજો.

જેને આખી જિંદગીમાં નળ સિવાય બીજાનો વિચાર પણ નથી આવ્યો તેવી મહોરછાપ કલિકાલસર્વજ્ઞશ્રીએ મારી છે તેવી દમયંતી પણ એકલી મહેલની બહાર ન નીકળે, પતિની છાયામાં જ રહે અને વર્તમાનમાં ? પુરુષવર્ગને તો

બહારના કાર્યો રહેવાના જ, હવે સ્ત્રીવર્ગને પણ બહાર મોકલો તો બરબાદી થવાની જ ને ! અનાદિકાલીન વાસનાઓ તો પડી જ હોય એમાં આવા પ્રબળ નિમિત્તો મળે પછી નુકસાન ક્યાં પહોંચે એ સમજી શકાય તેવું છે. આ બધી બેકાળજીઓના કારણે જ પ્રજા કેવી પાકી ? હજુ તો ૫૦ વર્ષ પૂર્વે પ્રામાણિકતાનું ધોરણ કેટલું હાઈલેવલનું હતું ! મોંઢે સોદો થયો હોય તો'ય ફરે નહીં અને આજે દસ્તાવેજો ફરી જાય, કેમ આ સ્થિતિ ? નૈતિકતા, પ્રામાણિકતા, સાત્ત્વિકતા કેમ ખલાશ થઈ ગઈ ? આજે પરણે ને ત્રીજા મહિને છૂટાછેડા ! એ ભોગના ઉદ્દેશથી જ પરણે માટે ભોગ ન પોષાય તો છૂટા. દસ વાર પરણે તો'ય છેવટે એકલા ને એકલા જ હોય, એ અનાર્યપદ્ધતિ છે. જેની સંસ્કૃતિ બેજોડ છે એવો આર્યદેશ પણ વર્તમાનમાં એ દિશામાં જઈ રહ્યો છે.

## સાધુનું કર્તવ્ય શું ? :

***સભા : આમાં મુખ્ય કારણ શિક્ષણ છે તો શિક્ષણ માટે એવી વ્યવસ્થા ઊભી ન કરાય ?***

કોણ ના પાડે છે ? પરંતુ તમે અમને એમાં ઇન્વોલ્વ થવાનું કહેતા હો તો અમારે ના થવાય. અમે જો સામાજિક શિક્ષણમાં પડીએ તો અમારા સાધ્વાચારો ચૂકાય, કેમ કે આ વ્યાવહારિક શિક્ષણ છે. એ અને આના જેવા પ્રશ્નોવાળા તમારા વ્યવહારોમાં અમે પડશું તો અત્યારે જે નુકસાન છે તેનાથી હજારોગણું વધી જશે. તમારે તમારા પરિવારોના સંસ્કારોને બચાવવા પુરુષાર્થ કરવો જોઈએ.

***સભા : જૈનત્વ નાશ પામતું હોય તો આપે ઇન્વોલ્વ ન થવાય ?***

જૈનત્વ એટલે ? અર્થ-કામ ભૂંડા માનવા એ જૈનત્વ છે. તેની વાત હું કરું જ છું, પછી સંસાર કેવી રીતે ચલાવવો એ બધી જવાબદારી તમારી છે. એમાં અમે ઇન્વોલ્વ થઈશું તો અર્થ-કામ છોડવાનો ઉપદેશ કોણ આપશે ? અને હું તો કહું : શિક્ષણ પણ પછી પહેલા સંસ્કાર છે. આજે પણ એવા મા-બાપ

છે જે એવા સંસ્કારોનું સિંચન કરે છે કે સંતાનો સંસાર છોડવા તૈયાર થઈ જાય તો તમે તમારા સંતાનો પાસે ખરાબ આદતો છોડાવી ન શકો ? બધું જ થઈ શકે, પણ ભોગ આપવાની તૈયારી જોઈએ. સંસ્કાર આપવાનું કામ તમારું છે, ભાષાનું જ્ઞાન આપવાનું કામ શિક્ષકનું છે. અને અર્થ-કામ છોડાવાનું કામ અમારું છે. હવે અમે જો શિક્ષણ, આયુર્વેદ કે જ્યોતિષ વિગેરેમાં પડીએ તો અર્થ - કામ ભૂંડા કહેવાનું કામ કોણ કરશે ? નીતિથી કમાયેલો પણ અર્થ અમારે તો છોડાવાનો છે. આ તો વાત નીકળી માટે સમજાવીએ કે તમે તમારા પરિવારને સંસ્કારી બનાવો. નવી શિક્ષણસંસ્થા ઉભી થશે તો'ય પહેલું શિક્ષણ મા-બાપથી મળવાનું છે.

જો શિક્ષણ-અર્થોપાર્જનનો ઉપાય અમારે બતાવવાનો હોય તો અર્થ ત્યાગનું કામ કોણે કરવાનું ? અમારે તો વધુ કડક ને મજબૂત થવું પડે તેવો કાળ છે. નહીં તો તમે અમને ઘરે, ઓફિસે, ફેક્ટરીમાં, તિજોરીમાં વાસક્ષેપ નંખાવા લઈ જાઓ તેમ છો ! જો અમે મર્યાદામાં ન રહીએ તો સાધુપણું ખતમ કરી નાંખે તેવી પ્રજા છે. તમારી શેહશરમમાં રહીએ તો ક્યાંય પહોંચી જવાય ! અમને આવીને સમજાવે કે મહારાજસાહેબ ! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોવા પડે સાથે તર્કો લઈને આવે કે ભગવાનની દેશના સવાસો યોજન સુધી સંભળાતી, તમારું એક હજાર માણસને'ય નથી સંભળાતું તો આપે વિચારવું જોઈએ, આપની વાણીનો બધાને લાભ મળવો જોઈએ.

*સભા : ભાવ તો સારો જ છે ને ?*

ડોશી જેવો. રોજ બકરાને પાણી કોણ પીવરાવશે ? કૂવામાં નાંખી દઉં તો રોજ પાણી મળે ને બકરાને નાંખ્યું કૂવામાં ! ભાવ તો ડોશીનો'ય સારો જ છે ને ? ખરેખર ભગવાનના માર્ગને સમજવાની જરૂર છે. દરેક વ્યક્તિ પોત-પોતાની જવાબદારી અદા કરે તો જ શાસન સુવ્યવસ્થિત ચાલે ને ભવ્યાત્માઓને તરવાનું આલંબન મળે. જે પોતાની જવાબદારી ચૂકશે તે શાસનને આરાધવાનો લહાવો નહીં લઈ શકે. શાસન તો અવિરત ચાલવાનું છે પણ જે ચૂકશે તે ગુમાવશે.

## પ્રભુ આદિનાથની ઉજળી પરંપરા :

અહીં ઘટના એવી બની છે કે એક વખત ગુરુભગવંત પધાર્યા છે, નિષધરાજા પરિવાર સહિત વંદનાર્થે ગયા છે, ત્યાં ગુરુભગવંતની દેશના સાંભળે છે, દેશના સાંભળ્યા પછી વિચારક લોકોને વૈરાગ્ય થયા વિના ન રહે. જો કે જૈન તો જન્મથી વૈરાગી હોય, માટે નાનકડાં નિમિત્તે એમનો વૈરાગ્ય ઉત્કટ બની જાય. નિષધરાજાને ગુરુભગવંતની વાણી સાંભળીને થયું કે દીક્ષા વગર મનુષ્ય ભવ નકામો જશે, પરલોક બગડશે માટે દીકરો રાજ્યના પાલન માટે સમર્થ છે તો દીક્ષા અંગીકાર કરીને હું મારા જનમારાને સફળ કરું ! આવી વિશિષ્ટ ભાવના ભાવીને સદ્ગુરુને વિનંતિ કરી કે દીકરાને રાજ્ય સોંપીને દીક્ષા લેવા આવું છું, ત્યાં સુધી આપ સ્થિરતા કરજો. પ્રભુ આદિનાથથી આ પરંપરા ચાલુ હતી. પ્રભુ પછી ભરતચક્રવર્તી, તેની પાટે જેટલા રાજા આવ્યા તે બધા દીક્ષા લઈને મોક્ષે ગયા. અસંખ્ય પાટપરંપરા સુધી આવું ચાલ્યું. પછી એક રાજા દીક્ષા લઈને અનુત્તર દેવલોકમાં ગયા. અનુત્તર એટલે જ્યાંથી મનુષ્ય બની નિયમા દીક્ષા લઈ મોક્ષે જાય. પછી પાછા અસંખ્ય રાજાઓ મોક્ષે ગયા ને એક અનુત્તરમાં - આવું પણ અસંખ્યવર્ષ સુધી ચાલ્યું ! કેવી ઉજ્જ્વળ પરંપરા ! મારા પિતાએ દીક્ષા લીધી, દાદાએ લીધી, દાદાના પિતાએ, એમના પિતાએ તો મારે પણ... તમારે'ય જોરદાર પરંપરા ચાલે છે ને ? મારા પિતાએ મરતે દમતક પેઢી ચલાવી, દાદાએ પણ ચલાવી તો મારે પણ... એવું છે ?

*સભા : દીક્ષા વિના કોઈ રસ્તો છે ?*

ભૂખ શમાવવાનો ખાધા વિના કોઈ રસ્તો ખરો ? તો વૈરાગ્ય વિના સુખી થવાનો પણ કોઈ રસ્તો નથી.

*સભા : સંસારમાં રહેવા છતાં વૈરાગ્ય આવે ને ?*

હા, વૈરાગ્ય સંસારમાં જ આવે પણ વૈરાગ્ય એટલે શું ? સંસારમાં રસ ન રહેવો એ વૈરાગ્ય છે. એવો વૈરાગ્ય જૈનકુલમાં જન્મેલાને હોય જ, બાકી ભોગમાં જ જીવવાનું હોય તો મનુષ્ય અને પશુમાં ફરક શું છે ? આર્યદેશ તો એવું માનતો કે ઘરમાં મરવું તે કલંક છે. સફેદ વાળ આવે છતાં સંસારમાં બેઠો

છું ? તેવી ગ્લાનિનો અનુભવ થતો, આજે લાકડીના ટેકે'ય ઓફિસ જાય, ૮૦ વર્ષનો ડોસો ટી.વી. જોવા બેસે ! આ દેશના લોકો આત્માની ચિંતા કરનારા હતા, કેમ કે આત્મા સિવાયની તમામ ચીજ અશાશ્વત છે. આ બધું જ છોડી પરલોકના પંથે સંચરવાનું નક્કી છે. કેવી રીતે મરવું છે ? મર્યા પછી બધા રડે તે રીતે કે જયજયનંદા સાથે ગુલાલ ઉડાડે તે રીતે ? ફૂટેલા ઢોલથી કે બેન્ડવાજા સાથે ? વિચારીને કહેજો પછી નળ-દમયંતીના ચરિત્રમાં આગળ વધશું.

# પ્રવચન-૫

અનંતોપકારી અનંતજ્ઞાની ત્રણ લોકના નાથ પરમતારક પરમાત્માએ મોક્ષમાર્ગની સ્થાપના કરીને આ વિશ્વ ઉપર અનહદ ઉપકાર કર્યો છે. આ મોક્ષમાર્ગની જેણે આરાધના કરી તે જીવો સંસારથી મુક્ત બની પરમપદને પામ્યા ને જે જીવોએ અનાયાસે પણ મોક્ષમાર્ગની વિરાધના કરી તે બીચારાઓની મહા રખડપટ્ટી થઈ અને કલ્પી ન શકાય તેવા દુઃખનાં ભાજન બન્યા. આપણો આત્મા પણ કેટલાંય ભવોથી અને આ ભવમાં પણ જન્મ્યા ત્યારથી પારાવાર વિટંબણાને સહન કરતો રહ્યો છે. કેમ ? મોક્ષમાર્ગની આરાધના નથી કરી. બાકી **મોક્ષમાર્ગની આરાધના કરનારને વિંટબણા આવે એ વાતમાં કોઈ માલ નથી ને મોક્ષમાર્ગની વિરાધના કરનારને વિટંબણા ન આવે એવું ક્યારે'ય બનતું નથી.** સુખ-શાંતિ-સ્વસ્થતાનું મૂળ મોક્ષમાર્ગની આરાધના છે. મોક્ષમાર્ગની આરાધના વિના શારીરિક, માનસિક, આત્મિક, સાંયોગિક એક પણ પ્રકારની શાંતિ પ્રાપ્ત થવી શક્ય નથી. આત્મા શાશ્વત હોવાથી પોતે કરેલી મોક્ષમાર્ગની વિરાધનાના ફળ આવવાનો ટાઈમ કદાચ વહેલા મોડો થાય પણ ભોગવવાનું તો એણે પોતે જ છે. આત્મા એનો એ જ છે, એ માત્ર જગ્યા બદલે છે. જેમ તમે ગામડામાંથી અહીં આવો તો તમે બદલાઈ નથી જતા, તમે એના એ જ છો, કદાચ ત્યાં દુઃખી હતા તે ભૌતિક રીતે સુખી થયા, એમાં પણ જેટલા આવ્યા એ બધા સુખી ન થયા. જીવ બધા સરખા છે પણ આત્માએ કરેલ મોક્ષમાર્ગની આરાધના ને વિરાધનાનો એ પ્રભાવ છે.

## નિષધરાજાને વૈરાગ્યનો પ્રાદુર્ભાવ :

આપણે છેલ્લા કેટલાક રવિવારથી જે ચરિત્ર વિચારી રહ્યા છીએ તેમાં આરાધના અને વિરાધના બંનેનો પ્રભાવ જોવા મળશે. આપણે જોયું કે

નળરાજકુમારના પિતા નિષધરાજાએ એક દેશના સાંભળી ને એમને લાગી ગયું સાધના કર્યા વિના અહીંથી મર્યા તો નુકસાન ખતરનાક છે. જે ધર્મના આધારે આપણે છીએ એને જ ભૂલી જઈએ છીએ. શરીરમાં કરોડો નસો છે, એક બંધ થાય ને સીધા કોમામાં ! મુંબઈમાં એક બહેન છે, શરીરમાં એક રોગ ન હતો, પૂજા કરવા જતા હતા, દાદરામાં બેસી ગયા, ચક્કર આવ્યા ને નસ ફાટી ગઈ, કોમામાં જતા રહ્યાં ! તો આપણી નસ કેમ ન ફાટી ?

*સભા : પુણ્ય.*

આ બોલવા પૂરતું જ છે બાકી તો તમે પાપ કરો જ નહિ અને પુણ્યનાં જ કામ કરો ! તમે તો પાપ કરીને દુનિયાની ચીજો મેળવવા મથો છો. વિશ્વમાં કોઈને નાની પણ તકલીફ કે એક પણ ચીજનું દુઃખ જોઈતું નથી છતાં કેમ આવે છે ? કારણ-કાર્યની વિચારણા કરવી જોઈએ. તત્ત્વચિંતન કરો તો દુઃખનાબૂદીનો પ્રોપર માર્ગ તમને મળશે. વિચારો, ઘટના એક જ બની હોય પણ એની અસર બધાને જુદી જુદી થાય, કેમ ? એક જ પરિવારના પાંચ સભ્યોને જુદી અસર કેમ ?

*સભા : માનસ અલગ અલગ છે.*

ગજબ છે ! તમારો જ પરિવાર, તમારી જ સાથે રહે ને માનસ અલગ ! રહેવાનું ભેગા ને માનસ અલગ હોય, ચાલે ? અમારે તો બધાનું માનસ એક જ : 'કષાયોનો નાશ કરો અને ગુણવાન બનો !' આના સિવાય બીજું કોઈ માનસ નહીં. ૫૦ ભેગા થાય તો'ય તકલીફ નહીં, કેમ કે માનસ એક છે. અહીં નિષધરાજાનું ચિત્ત વૈરાગ્યથી વાસિત બન્યું, કેમ કે એમણે દેશના સાંભળીને ચિંતન કર્યું કે આ માનવભવની ફળશ્રુતિ દીક્ષામાં છે, એના વિના જિંદગી નકામી છે. તમને ક્યારે'ય લાગ્યું કે દીક્ષા વિના જિંદગી નકામી છે ? નિષધરાજાએ વિચાર્યું કે આત્માનું બળ મજબૂત કરીને જાઉં જેથી નબળી અવસ્થા ન આવે. જે લઈને જવાનું હોય તેને જ મજબૂત બનાવવું પડે, તમે શું લઈને જવાના, બંગલો ? માટે જ એને મજબૂત બનાવો છો ને ! પરિવાર, પૈસા કે શરીર સાથે આવવાનું છે ? ના, છતાં ચોવીસ કલાક એની જ આળપંપાળ છે ને !

નિષધરાજા વિચાર કરીને અટકી નથી જતા, તત્કાલ નિર્ણય કર્યો છે. તમને લોકોને જે યોગ્ય લાગે, કરવા જેવું લાગે, હું કરી શકું તેમ છું એવું લાગે પછી વિચારવા બેસો ! દેશનામાંથી આવીને નળને કહી દીધું કે રાજ્યગાદી તારે સંભાળવાની છે, તું આજથી કોશલાનગરીનો રાજા અને નાનો દીકરો કૂબેર યુવરાજપદ સંભાળશે. નિષધરાજા કોઈ નાનીસૂની હસ્તી નથી, રાજ્ય-સામ્રાજ્યના સ્વામી છે તેનો ત્યાગ કરે છે. શું તત્ત્વની સ્પષ્ટતા હશે કે હું છોડું છું તેનાથી વધુ મેળવું છું. આ સામ્રાજ્ય કરતાં મોટું સામ્રાજ્ય મેળવવા જઉં છું. તમને મુંબઈથી કોઈ આફ્રિકા, અમેરીકા કે દુબઈ જાય તો લાગે કે વિશેષ કમાણી કરવા જાય છે તો દીક્ષા લે એના માટે લાગે કે વિશેષ પ્રાપ્ત કરવા જાય છે ? દીક્ષિત થયેલા આત્માઓ નિયમા મોક્ષે જ જાય, કાલાદિનો સાથ ન હોય તો વૈમાનિકમાં જાય. અહીંનું રાજા-મહારાજા કે ચક્રવર્તીનું પણ સામ્રાજ્ય દેવલોક આગળ તો ગટર જ છે, તમારું સેન્ટ તો દેવતાઓને ગંધ મારે છે માટે દીક્ષા લેનારને ભૌતિક આબાદી તો થવાની જ છે પણ આધ્યાત્મિક આબાદી'ય એવી ઉન્નત હોય છે. દેવલોકમાં આવી ટોચની ભૌતિક આબાદી વચ્ચે પણ એ લેપાય નહીં, એ માણવા જેવી લાગે નહીં. તાકાત વધુ પેદા કરીને ઝડપથી મોક્ષે જવું છે એ લક્ષ્ય અકબંદ રહે છે. જેમ મુસાફર રાત્રે સૂઈ જાય, કેમ ? હવે એને ચાલવું નથી ? ના, તાકાત વધુ પેદા કરીને વધુ ઝડપથી ચાલવા માટે આરામ કરે તેમ મોક્ષના સાધકને મળતા દેવલોકને પણ શાસ્ત્રકારોએ વિસામો કહ્યો છે.

*સભા : ત્યાં વિરતિ તો નથી ને ?*

હા, ત્યાં ભવના કારણે વિરતિના પરિણામ પોસિબલ નથી પણ સમ્યગ્દર્શન છે, એના પ્રભાવે એક લક્ષ્ય દઢ હોય છે કે અહીં શક્તિ-સામર્થ્ય પેદા કરીને બીજા ભવમાં નિરતિચાર ચારિત્ર પાળીને મોક્ષે જવું છે.

*સભા : શું શક્તિ પેદા થાય ?*

આપણે આંખે દેખાય તેટલું જ વિચારી શકીએ. સચ્ચારિત્રનું પાલન કરીને દેવલોકમાં ગયેલા આત્માઓમાં એવી શક્તિનો સંચાર થાય છે કે હવે પછીનું સંયમ એમને મોક્ષ અપાવશે. તમે સ્નાત્રમાં બોલો છો ને - "સરાગથી સંયમ આચરી

વચમાં એક દેવનો ભવ કરી...'' સાધનામાં બાધક ન બને એવા ભૌતિક ફળની પ્રાપ્તિ થઈ તે આત્મિક રીતે સાચો ધર્મ કર્યો હતો તેનું સૂચન છે. આત્મહિતના લક્ષ્યથી કરેલા ધર્મનું ફળ સાધના આગળ વધારે તેવા ભૌતિક સુખો છે. ધર્મ કરતી વખતે એનું લક્ષ્ય ના હોય, જેમ વિષ્ટા માટે ખાવાનું ના હોય, ખાઓ એટલે વિષ્ટા થવી એ એનું ફળ છે. વૈદ્યો પહેલું પૂછે કે પેટ સાફ આવે છે ? જો પેટ સાફ આવે તો ખાધેલું શક્તિ પેદા કરે. આરોગ્ય છે કે નહીં એનો નિર્ણય પેટ સાફ આવે છે કે નહીં એના પરથી થાય, તેમ ધર્મથી ભૌતિકફળ મળવું, એવું એટલા માટે કહેવાય કે આવું ફળ મળ્યું છે તો એણે કેવો ધર્મ કર્યો હશે ! અગ્નિ, ધૂમાડા માટે નહીં, રસોઈ માટે છે, આગ પેટાવો એટલે ધૂમાડો થાય ખરાં તેમ ધર્મ ભૌતિક સુખો માટે નથી કરવાનો પણ વિશિષ્ટ ધર્મ કરો એટલે ભૌતિક સુખો મળે ખરા ! વૈદ્ય પૂછે કે પેટ સાફ આવે છે ? તો મૂરખ હોય એ એમ કહે કે પેટ સાફ આવે માટે ખાવાનું ? ના, ખાવાનું શક્તિ માટે પણ પેટ સાફ આવે તો નક્કી થાય કે શક્તિ આવી છે તેમ સાધનામાં સહાયક ભૌતિક સુખો મળ્યાં હોય તો સમજાય કે કેવો જોરદાર ધર્મ કર્યો હશે ! વિષ્ટાની કોન્ટેટી વધુ હોય તો જોરદાર ખાધું છે એમ ન કહેવાય, વિષ્ટા કેવી છે, એના આધારે ખાધેલું કેવું પચ્યું છે, તે નક્કી થાય તેમ ખૂબ ભૌતિક સુખો મળ્યા છે તો નક્કી ના થાય, સાધનામાં બાધક ન બને તેવી ભૌતિક ફળ મળે તો નક્કી થાય.

## સુપુત્રનું કર્તવ્ય શું ? :

નિષધરાજાએ નિર્ણય કર્યો, રાજ્યગાદી સોંપવાનું કાર્ય અદા કર્યું ને ગુરુભગવંત પાસે જઈને દીક્ષા લીધી. દીક્ષા લઈને સાધના કરી ને જીવન સફળ કર્યું. આ બાજુ નળરાજા રાજ્યનું પાલન કરી રહ્યા છે પણ બધું એકસરખું ચાલે તો સંસાર શાનો ? સંસાર જ એનું નામ જ્યાં હલચલ ચાલુ હોય. નળરાજાનો નાનો ભાઈ જે યુવરાજ બન્યો છે તે કુબેરને બળતરા થાય છે, ઇર્ષ્યાથી એનું હૈયું સળગી રહ્યું છે, મોટાભાઈનો પ્રભાવ વધી રહ્યો છે તે સહન નથી થતું. જેમ જેમ નળરાજાનો પુણ્યપ્રભાવ વધે છે તેમ તેમ આની પીડા વધે છે. ભાઈની પ્રગતિમાં'ય બળતરા થાય ? તમારે તો આવું નહીં થતું હોય ને ?

***સભા : પિતાજી ચાર ભાગ પાડીને ગયા હોય ને એક ભાઈ ૨૫ના બદલે ૩૦ ટકા લઈ લે તો બરાબર નહીં ને ?***

હા, એ બરાબર નહીં પણ જો પિતાજીએ જ મોટાભાઈને ૩૦ ટકા ને તમને ૨૫ ટકા આપ્યા તો વાંધો નહીં ને ? વાંધો તો નહીં ઉલ્ટાનું એમ થવું જોઈએ ને કે પિતાજી ! આપની મૂડીનો એક રૂપિયો મારે ન જોઈએ. આપે મને મોટો કર્યો એ જ ઘણું છે, હવે મારે બધું આપના ચરણે ધરવાનું છે. આપે અમારા માટે ઘણાં પાપો કરીને કમાણી કરી, હવે સુકૃત કરીને ધર્મમૂડી મેળવી લો ! સપૂત હોય એ આવું જ કહે ને ? મા-બાપ ધર્મ ન કરે ને દુર્ગતિમાં જાય તે સુપુત્રને ગમે ? એ એમ જ કહે - 'આપે ઘણું કર્યું, હવે અમે અમારા પુણ્યથી જીવશું. કરેલા પાપોને પખાળવાનો અવસર છે, હવે આપ સુકૃત કરી લો !' આવી માનસિકતા હોય તે સુપુત્ર કહેવાય. જેણે બાપાનું લઈ લેવાની વૃત્તિ છે તે કપૂત છે. ધર્મની વાત તો દૂર, માર્ગાનુસારી કક્ષામાં લખ્યું છે કે કુલવાન દીકરો જેવો સક્ષમ થાય એટલે પિતાજીને વિનંતિ કરે કે આપ નિવૃત્ત થઈ જાઓ, હું આપની જવાબદારી પૂર્ણ કરીશ, આપ ધર્મ કરો, પરલોકને સુધારી લો. સંસારનો કીડો થઈને મરે તેનો પરલોક બગડી જાય. પોતાના મા-બાપની તેવી સ્થિતિ ન થાય, એવી જ ભાવના હોય ને દીકરાની ? એવા દીકરા ન હોય તો તેવાને જન્મ આપીને ફાયદો શું ? સિંહણને એક બચ્ચું થાય તો નિરાંતે સૂઈ જાય અને ગધેડીને દસ જન્મે તો'ય ભાર ઉપાડે ! તમારો નંબર કયા દીકરામાં ? આજની સ્થિતિ તો એવી છે ને કે મા-બાપ સાથે રહેવાનું જ નહીં ! આ આર્યદેશ તો એવો હતો કે મા-બાપને પોતાના શરીરની ચામડીના જોડા બનાવીને પહેરાવવાના હોય તો'ય વિચાર ન કરે તો જૈનની તો કક્ષા કઈ હોય ? એને તો ભૌતિક પદાર્થમાં રસ જ ન હોય, પિતાની મૂડી તો ન લે, પોતે કમાઈને લાવે તે'ય પિતાના ચરણોમાં ધરે. શાસ્ત્રોની અને ચરિત્રોની વાતો જીવનમાં ઉતરી જાય તો કામ થઈ જાય.

**ઇર્ષ્યાની આગ ! :**

કૂબેર યુવરાજપદ પર આરૂઢ છે છતાં ચેન નથી પડતું. ખતરનાક છે આ ઇર્ષ્યા ! દુર્યોધનમાં ઘણા ગુણો હતા પણ એક ઇર્ષ્યાએ એને બરબાદ કરી મૂક્યો !

વડીલોની ભક્તિ, પ્રજાવત્સલતા, ન્યાયપ્રિયતા વિગેરે અનેક ગુણો એનામાં હતા. જે વ્યક્તિએ એવું હલકટ કામ કર્યું હતું કે બધા વડીલોને એવું થયું કે આ કુલાંગાર પાક્યો, એ જ દુર્યોધને બાર વર્ષમાં વડીલોનું કેવું દિલ જીત્યું ! પ્રજાને એટલી સાચવી લીધી કે પ્રજા પાંડવોને ભૂલી ગઈ. વડીલોનો વિનય એવો કર્યો કે તેઓ અસત્યના પક્ષે લડ્યા, આવો પણ દુર્યોધન એક પાંડવોની ઇર્ષ્યાથી આખી જિંદગી બળી-બળીને જીવ્યો ને મરીને છઠ્ઠી નરકે ગયો. આ કુબેર પાસે અઢળક સંપત્તિ છે, સાહેબી છે છતાં મિત્રો પાસે સંતાપ જ રજૂ કરે છે. આટલું છે છતાં સંતાપ !

**ઇર્ષ્યા એવી આગ છે કે બહાર દેખાય નહીં પણ દેખીતી આગ કરતાં વધુ બાળે.** ઇર્ષ્યાનું આલોક અને પરલોકનું ફળ સાંભળીને જો પ્રભુ ઉપર વિશ્વાસ હોય તો નાની પણ ઇર્ષ્યા કરવાનું મન ન થાય. સારું કામ મેં કર્યું ને પ્રશંસા બીજાની થાય તો'ય ઇર્ષ્યા નથી કરવી. બહારનું બધું જ કર્મને અધીન છે. એના માટે આત્માને નુકસાન નથી પહોંચાડવું એવી સદ્ભાવના જાગે તો બચે, બાકી બીજાનું જોઈને જીવ પીડા જ પામ્યા કરે. બીજાનું સારું જોઈને આનંદ પામતા શીખો, નહીં તો ઇર્ષ્યા બરબાદ કરી મૂકશે. એક ઇર્ષ્યામાંથી આખા મહાભારતનું સર્જન થયું ! વિચારો, ઇર્ષ્યાની ભયાનકતા ! હું બોલી ગયો કે દુર્યોધન મરીને છઠ્ઠી નરકે ગયો પણ છઠ્ઠી નરક એટલે ? ૫-૧૦ દિવસ ૪ ડિગ્રી તાવ ચાલે તો'ય જીવ અદ્ધર થઈ જાય છે, ત્યાં અસંખ્ય વર્ષ સુધી સતત તીવ્ર તાવ આવા એક નહીં લાખો રોગો જન્મે ત્યારથી મરે ત્યાં સુધી હોય. છક્કા છૂટી જાય તેવી વાત છે. એક જ ઇર્ષ્યાનું આવું ભયંકર પરિણામ સાંભળીને કયો સમજુ વ્યક્તિ ઇર્ષ્યાને અધીન બને ?

**યથા રાજા તથા પ્રજા ! :**

નળરાજા તો ગતભવથી પુણ્યપ્રકર્ષ લઈને આવ્યા છે. નળરાજા પુણ્યપ્રાગ્ભારના સ્વામી તો હતા જ, ત્રણ ખંડ જેટલા સામ્રાજ્યના સ્વામી પણ હતા સાથે સમગ્ર ગુણોથી સંપૂર્ણ એમનું જીવન હતું. એ પ્રજાના સુખે સુખી હતા ને પ્રજાના દુઃખે દુઃખી હતા. એટલા જ માટે ગ્રન્થકારશ્રી લખે છે કે નળરાજાના અનુશાસનમાં જીવનારા લોકો કેવા હતા ?

"कलुषः कुटिलः कुण्ठः कितवः क्रोधनः कुधीः ।
कृतघ्नः कृपणः क्रूरः कठोरः कोऽपि नाभवत् ।।"

એ નગરીમાં કલુષ, કપટી, મૂર્ખ, ઠગારો, ક્રોધી, દુષ્ટ બુદ્ધિવાળો, બીજાએ કરેલા ઉપકારને ભૂલી જનાર, લોભી, નિર્દય અને કઠોર કોઈ હતું નહીં. આગળ વધીને નળરાજાએ પ્રજામાં દાનના સંસ્કારોનું કેવું સિંચન કર્યું હતું ! એની પ્રશંસા પંડિત પુરુષોએ કરી છે કે –

"नाक्षराणि पठता किमपाठि विस्मृतः किमथवा पठितोऽपि ?।
इत्यमर्थिचयसंशयदोलाखेलनं खलु चकार नकाराः ।।"

એ નગરીમાં કોઈ પણ માણસ પાસેથી યાચકને 'નથી' એવું સાંભળવા નહોતું મળતું આથી યાચકો એમ વિચારતા કે શિક્ષણમાં શિક્ષકે આ લોકોને 'નકાર' શીખવ્યો જ નથી ? અથવા તો 'નકાર' શીખીને ભૂલી ગયા છે ?! જે નગરીમાં પ્રજા પણ આવી છે, એ પ્રજાનો પાલક નળરાજા કેવો હશે ! ખરેખર **"યથા રાજા તથા પ્રજા ।"** તમે તમારા પરિવારમાં, કુટુંબમાં, સમાજમાં કે સંઘમાં સારામાં સારું પરિણામ લાવવા માંગતા હો તો તમે સારા બની જાઓ, પરિવારાદિ સારો બન્યા વગર રહેશે નહીં. તમારા દીકરાને વિનયી બનાવવો છે તો તમે તમારા વડીલોનો વિનય કરતા થઈ જાઓ. તમે કુટુંબને પરોપકારી બનાવવા ઇચ્છો છો તો તમે નિઃસ્વાર્થી બની જાઓ. તમે સમાજમાં સદાચાર ટકાવવા માંગો છો તો તમે તમારા જીવનમાં ટોપ ક્વોલિટીના સદાચારને આચરો. તમે સંઘને દેવ-ગુરુ-ધર્મનો વધુ ને વધુ અનુરાગી બનાવવા ચાહતા હો તો તમે દેવ-ગુરુ-ધર્મને સરંડર થઈ જાઓ. નળરાજાનું પોતાનું જીવન એવું અદ્‌ભુત હતું માટે પોતાના આશ્રયે રહેલી પ્રજા પણ એવી જ ઉત્તમ છે.

## ...એ પણ ચડતીની નિશાની :

હવે એક વખત મંત્રીઓએ નળરાજાને કહ્યું – આપ નિષધરાજા કરતાં પણ વધુ સામ્રાજ્યના સ્વામી બન્યા છો પરંતુ એક તક્ષશિલાનો કદંબરાજા આપની આજ્ઞા સ્વીકારવા તૈયાર નથી. સારી વ્યક્તિને પણ માન-લોભાદિ તો સતાવે માટે યુદ્ધની તૈયારી કરી. કદંબરાજાને પણ બહુ પાવર છે કે નળરાજા સમજે છે શું ?

પણ કોની જીત સંસારમાં સદા ટકી છે ! છતાં જગતના જીવો સંસારમાં જ જીત મેળવવાની હંમેશા મહેનત કરે છે. આ બંનેના મહાસૈન્યો સામસામે ગોઠવાઈ ગયા. લોભ છે છતાં નળના જીવનમાં વિવેક પ્રજ્વલિત છે, એ કદંબરાજાને કહે છે કે જીત-હારનો સવાલ આપણાં બંને વચ્ચે છે તો આ લોકોને વ્યર્થ શું કામ મારવાના ? બંનેએ વાત મંજૂર રાખી અને એ બંને વચ્ચે જ દ્વન્દ્વયુદ્ધ શરૂ થયું. ઘણાંની એવી ફરિયાદ હોય છે કે ધર્મમાં આવ્યા તો ઉલ્ટાનું મનમાં દ્વન્દ્વ શરૂ થયું તો મારે કહેવું છે કે એમ જ હોય ને ! કારણ કે આજ સુધી મોહની નિદ્રામાં હતાં. માટે કોઈ પ્રશ્ન નહોતો. હવે મોહની સામે ધર્મ ખડો થયો માટે દ્વન્દ્વ યુદ્ધ શરૂ થાય જ, સંઘર્ષ ઊભો થવાનો જ. જે સંસારમાં જ બેઠા છે એમને દ્વન્દ્વ ન હોય, દ્વન્દ્વ કોને હોય ? જે સંસારથી થોડો ખસ્યો તેને. અત્યાર સુધી એનામાં જે સંસાર ફીટ હતો તે થોડો હલ્યો એ ચડતીની નિશાની છે.

ધર્મમાં આવ્યા પછી મન બીજે જતું હોય તો'ય પ્રગતિ થવાના ચાન્સ એને છે, ચિન્તાનો સવાલ નથી. જેમ કોમામાંથી પેશન્ટ બહાર આવે તો ચીસ પાડે, દુઃખે છે એવી ફરિયાદ કરે, અત્યાર સુધી જે ચૂપચાપ, શાંત પડ્યો હતો તે હલ્યો ને તકલીફની ફરિયાદ શરૂ કરી છતાં ડૉક્ટર રાજી થાય કે હવે જીવવાની શક્યતા ઉભી થઈ. હવે કોમામાંથી બહાર આવશે તેનો આનંદ હોય તેમ ધર્મમાં આવનાર વ્યક્તિને પૂર્વભવના સંસ્કારના કારણે વિષયકષાય એને પીડે તેથી ધર્મ કરતાં ચિત્ત બેચેન બને, છતાં ગુરુ ભગવંતને આનંદ હોય કે આ જીવે સંસારમાંથી બહાર આવવાનો પ્રયત્ન કર્યો છે તો હવે તરવાની શક્યતા ઉભી થઈ છે. ડૉક્ટરને પેશન્ટની ચીસ ન દેખાય, બચવાના ચાન્સ દેખાય તેમ ગુરુને તેનું પાપ ન દેખાય, એનો આત્મા બચી જશે એવું લાગે. સાધના અને સંઘર્ષનો કાળ સાધકને જ આવવાનો. દારૂમાં મસ્ત છે, એને પણ કોઈ પ્રશ્ન નહીં અને દારૂની આદત જ નથી એને પણ પ્રશ્ન નહીં પરંતુ જે દારૂ છોડવાની પ્રેક્ટિસ કરે છે એને તો પ્રશ્ન રહેવાનો જ. દારૂ પીતી વખતે જેટલી મઝા હોય તેટલી મઝા દારૂ છોડતી વખતે કદાચ ન પણ હોય, છતાં છૂટી ગયા પછી નિરવધિ આનંદની અનુભૂતિ થશે. પ્રોસેસમાં થાકી ગયા તો આનંદ નહીં પામી શકો માટે હાર થાય તો ફરી મહેનત

કરો, સંઘર્ષ આવે તો હારી ન જાઓ, હિંમતભેર પ્રક્રિયા ચાલું રાખો તો જીત અવશ્ય મળશે. તે જ રીતે સંસાર પણ એક પ્રકારનો દારૂ છે. જેની અનંતકાળથી ટેવ પડેલી છે. તેને છોડવાનું મન અને તે માટેનો સંઘર્ષ દેખીતી રીતે પીડાદાયક હોવા છતાં લાભદાયી છે. તેમાં સફળતા નિરવધિ આનંદદાયક છે.

નળરાજા અને કદંબરાજાનું યુદ્ધ શરૂ થયું. નળરાજા જન્માંતરથી પુણ્ય લઈને આવ્યા છે માટે બધા યુદ્ધમાં એમની જીત થાય છે. કદંબરાજા વિચારે છે કે હારીને જીવવું એનાં કરતાં સંસારનો ત્યાગ કરવો શ્રેયસ્કર છે. દુઃખથી ગભરાઈને દીક્ષા લેવા નથી જતા પણ દુઃખના નિમિત્તે વિચારવાની દિશા ખુલી છે કે તમામ દુઃખનું મૂળ ભૌતિક સુખ છે માટે એ સુખ જ ન જોઈએ. આને દુઃખનિમિત્તિક વૈરાગ્ય કહેવાય, દુઃખગર્ભિત નહીં. જ્ઞાનગર્ભિતવૈરાગ્યના ધણી એવા કદંબરાજા ત્યાં ને ત્યાં દીક્ષા અંગીકાર કરીને પ્રતિમા ધારણ કરીને રહ્યા. આ સત્ત્વ કહેવાય, એક નિમિત્તમાં તો સમસ્ત રાજ્ય, સંપત્તિ, પરિવારનો ત્યાગ કરી દીક્ષિત બની ગયા ! આપણે સંસારસુખના એવા લાલચું છીએ કે આનાથી'ય ભારેખમ નિમિત્તોને ઘોળીને પી જઈએ પણ હલવાનું નામ ન લઈએ. નળરાજા પછી મહાત્મા કદંબમુનિ પાસે ગયા. પછી મુનિ કંઈ જ જવાબ નથી આપતા ત્યાં ગ્રન્થકારશ્રી બહુ સરસ વાત લખે છે : **'निरीहस्य हि किं नृपः।'** નિઃસ્પૃહી આત્માને રાજ-રાજેશ્વરોથી પણ શું મતલબ હોય ?! સાધુની કક્ષા એટલી ઉંચી છે કે એ દુનિયાની કોઈ વસ્તુથી આકર્ષાતા નથી. નળરાજા પણ કદંબમુનિના સત્ત્વની અનુમોદના કરતા ત્યાંથી આવીને કદંબરાજાના દીકરાને રાજ્યગાદી સોંપી પાછા આવ્યા. આ લોકોને રાજ્ય ન જોઈતું હોય પણ સત્તા જોઈતી હોય.

## ભગવાનનું કહેલું કરે તે સંઘ :

હવે નળરાજાનો, અર્ધભરતના સ્વામી તરીકેનો નરેશ્વરોએ અભિષેક કર્યો. નળરાજા, સત્તા, સંપત્તિ, સન્માન અને દમયંતી જેવી પત્નીના કારણે અતિસુખમાં દિવસો પસાર કરે છે. નળરાજા અને નાનો ભાઈ કૂબેર બંનેને એકસરખું રાજ્ય છે, બંને સાથે રહે છે, એકસરખું સુખ ભોગવે છે, મઝેથી જીવે છે પણ ઇર્ષ્યાએ સળવળાટ કર્યો કે મારા કરતાં એની પાસે વધુ. ઇર્ષ્યા શું કરે ? છિદ્રાન્વેષી

બનાવે. ઇર્ષ્યાળુ માણસ સામેવાળી વ્યક્તિના છિદ્રો જ શોધવાનું કામ કરે. આપણે તો ઇર્ષ્યાને અધીન નથી બનતા ને ? કો'કવાર ખુદના દીકરાના વધતાં પુણ્યને, વધતાં પ્રભુત્વને પિતા સહી ન શકે આવું બને ને ? અહીં કૂબેરે બધી તપાસ કરી પણ નળરાજામાં કોઈ નબળાઈ દેખાઈ નહીં, કોઈ જ ફોલ્ટ મળ્યો નહીં, કેમ કે નળરાજા ધર્મી છે, ગુણવાન્ છે. આથી કૂબેર ઔર તરફડે છે. સારું જોઈને એની પીડા વધી ગઈ. પછી કૂબેરને ખબર પડી કે નળને જુગારમાં રસ છે. કોઈ પણ ખરાબ વસ્તુની શરૂઆત પહેલા ખરાબ રીતે ન થાય. ટાઈમપાસ માટે રમત-રમતમાં તિનપત્તિ શરૂ કરે, પછી ? રામાયણનાં નામે ઘર-ઘર ટી.વી. આવ્યું. પછી કોઈ રામ રહ્યા ? શરૂઆત ભાઈ-બહેનના સંબંધથી થાય, પછી એ સંબંધ ક્યાં પહોંચે ? આ રીતે જ ખરાબ થતું હોય છે. જુગાર જેવી ખરાબ વસ્તુની શરૂઆત પહેલા શોખથી થાય પછી આદત પડી જાય ને એ આદત પછી વ્યસનમાં પરિણમે. આ ખોટી વસ્તુઓ ધર્મમાં પણ પ્રવેશી ગઈ છે. દ્રવ્ય બીજાનું, નામ પોતાનું. ૧૦ રૂપિયાથી ૧૦ લાખના મકાન ઉપર નામ ! આવું શું કામ ? શક્તિ મુજબ કરો ને ! ભગવાને ક્યાં કહ્યું છે કે આટલું તો કરવું જ પડશે ? ભીમા કુંડલીયાએ ૫ દ્રમ્મ વાપર્યા તો'ય પહેલું નામ ! શક્તિ ગોપવ્યા વિના કરવું એ જ સર્વશ્રેષ્ઠ દાન છે. શક્તિ ઓછી, ભાવ ઓછો ને બતાવવું ઘણું, આવું શું કામ ? ખોટી ટેવ પડી ગઈ છે જુગારની, તે અહીં આવી છે.

*સભા : સંઘ જ સ્કીમ મૂકે.*

સંઘની વ્યાખ્યા શું ?

*સભા : શ્રાવક – શ્રાવિકા.*

ના, સંઘમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા ચાર છે. કોઈ પણ નિર્ણય કરવાનો આવે તો આચાર્યની પ્રધાનતાએ થાય અને આચાર્યપ્રધાન ચતુર્વિધ સંઘ ભગવાનની આજ્ઞાથી જુદું કરે ? જેનું કામ કરવાનું છે તેને તો વફાદાર રહેવું જોઈએ ને ? સંઘની વ્યાખ્યા બરાબર સમજો. ૨૫-૫૦ ભેગા થઈ જાય તો સંઘ ? ના, ભગવાને સ્થાપ્યો તે સંઘ. ભગવાને કોને સંઘ તરીકે સ્થાપ્યા ? જે ભગવાનનું કહેલું કરવાવાળા હતા તેને. પ્રભુને કેવળજ્ઞાન વૈ.સુ. ૧૦ના દિવસે અને સંઘસ્થાપના વૈ.સુ. ૧૧ ના દિવસે, કેમ ? વૈ.સુ. ૧૦ના દિવસે કરોડો હતા, છતાં

કેમ સ્થાપના નહીં ? ભગવાનનું કહેલું કરવાવાળા ન હતા માટે. ભગવાન ખુદ કહે છે : અનંતા તીર્થંકરો જે કહી ગયા તે હું કહું છું. તે જે માને તેવા વર્ગનું નામ સંઘ, તેના વિના ૫ કરોડ ભેગા થાય તો'ય સંઘ નહીં. આજે સંઘના નામે પોતાનું ધાર્યું કરવું છે. સંઘ એટલે સંખ્યા નહીં, સંખ્યા તો અજૈનોની વધારે છે તો તેનું માનવાનું ? ના, જે ભગવાનની આજ્ઞામાં હોય તે સંઘ ને તેનું માનવાનું. એવા સંઘનું માનવાની જેની તૈયારી નથી તે સંઘ બહાર !

## શરીર માટે પ્યોર ખોરાક તો આત્મા માટે પ્યોર ધર્મ :

કૂબેરે નળરાજા સાથે જુગાર રમવાનું શરૂ કર્યું, જુગારનો રસ વધતો જાય છે. કૂબેરના હૈયામાં તો મેલી મૂરાદો પડી છે કે હું આનું રાજ્ય પડાવી દઉં. નળરાજા તો સરળ આશયવાળા છે. મનોરંજનના નામે શરૂ થયેલો આ જુગાર નળરાજાના જીવનમાં વ્યસનરૂપ બની ગયો. હવે જુગારની વાત અને જુગારની રમત સિવાય એમને ક્યાંય આનંદ નથી આવતો. આ વ્યસન બહુ ખરાબ વસ્તુ છે. એ ચાહે કોઈ ચીજનું હોય, પરસ્ત્રીનું હોય કે જુગારનું હોય, જીવને બધી રીતે બરબાદ કર્યા વિના ન રહે. આજે ધર્મના નામે પણ જુગાર રમાય છે. જ્યાંથી જીવ સારો બનવાનો હતો તેમાં જ ખરાબી પેસે તો વધુ નુકસાન થાય. ધર્મમાં થતી ગરબડ માટે અમે વિરોધ કરીએ તો કહે બધે આવું જ ચાલે છે સાહેબ ! એમ સત્તર દલીલ કરે પણ ભાઈ ! દુનિયાને તરવાનું સ્થાન ધર્મ છે, તેમાં પણ ભેળસેળ કરો તો તરવાનો રસ્તો બંધ થઈ જાય. જેમ જીવવાનો આધાર ખોરાક છે તો તેમાં ભેળસેળ ન ચાલે, પ્યોર જોઈએ તેમ આત્માને તરવાનો આધાર ધર્મ છે તો એ પણ પ્યોર જોઈએ. તમારે સંસારના કોઈપણ વિષયમાં બધું પ્યોર જોઈએ, તો ધર્મ ? ભગવાનની પૂજા કે ભાવનામાં ભગવાનનો ફોટો જ હોય તો રીસેપ્શનમાં વાડી નાની હોય તો ફોટો મૂકી દો !

એક વસ્તુ બરાબર સમજો કે આખા વિશ્વને બચવાનો આધાર ધર્મ છે. એ પ્યોર હશે તો એમાં આવનારા બચી શકશે. તમે શરીરને સારું રાખવા માટે કેટલું કરો ! અડધી ચડ્ડી પહેરીને રોડ ઉપર દોડો પરંતુ એ'ય બધું ધર્મ બચશે તો બચવાનું છે. એક તિલક માટે ૧૭-૧૭ યુગલો મોતને ભેટ્યા, કેમ ? મનથી

માની લેવાનું કે મેં તિલક કર્યું, ના, કેમ કે ખબર છે કે પ્યોર ધર્મ બચશે તો વિશ્વનું ભલું છે, નહીં તો કૃષ્ણની ભેરી જેવું થશે. એકવાર ભેરીમાં નાનકડો ટુકડો બદલાવ્યો. પછી તો થોડાક જ સમયમાં આખી ભેરી ડુપ્લીકિટ ! આજે ધર્મમાં ભેળસેળ, ગરબડો પારાવાર થવા માંડી, ઉદ્દેશ પલટાઈ ગયા, આશયોની વાતો ભૂલાવા માંડી, થોડું થોડું કરતાં કૃષ્ણની ભેરીની જેમ ભગવાનનો ધર્મ પૂરો પલટાઈ ન જાય !

ખરેખર બહુ ચિંતાનો વિષય છે. ધર્મ આટલો કરો જ, એવો કોઈ આગ્રહ નથી પરંતુ જે કરો તે પ્યોર કરો. આયંબિલ નથી થતું તો ના કરો પણ એમાં ચા ન ઘૂસાડાય. એકાસણું થાય તો કરો પણ એમાં ઘરની બનાવેલી આઈસ્ક્રીમ ન ખવાય, ૪૮ મિનિટ પહેલાં ફ્રીઝમાંથી કાઢેલી વસ્તુ ન ખવાય, અમને ધર્મક્રિયાનો વિરોધ નથી પણ ધર્મમાં પેસતી ગરબડોનો વિરોધ છે. પોતાની ભૂમિકા મુજબ જૈનેતરો અંબિકાદેવીને પૂજે એનો વિરોધ નથી પણ એના નામે વ્યભિચાર સેવે તો ધર્મમાં એ બધી કાળજી તો લેવી જ પડે કે બદીઓ ન પેસે; માટે તમારી તમામ તાકાતને કામે લગાડી ધર્મને પ્યોર રાખવાનો પ્રયત્ન કરો. કોઈ જબરદસ્તી નથી કે તમે ઉપવાસ કરો પણ ઉપવાસમાં રાત્રે ઉકાળેલું પાણી પીવાની છૂટ કેવી રીતે ચાલે ? શક્તિ મુજબ કરશું પણ ધર્મમાં આવી કોઈ જ ભેળસેળ નહીં કરીએ, એટલું નક્કી કરો ! ઉપધાન કરવા જ જોઈએ એની ના નહીં, પણ સંયોગવશાત્ નથી થાય એમ તો સ્કૂલનું ભણાશે, સ્કૂલની એક્ઝામ આપવા જવાશે, નાના છોકરાઓ છે તો ગેમ રમાશે, પોરસીના પચ્ચક્ખાણે પાણી વપરાશે - આવી ભેળસેળ ના કરાય. કાળ પ્રમાણે ધર્મ કરનારા ઓછા-વધતા હોય પણ ધર્મ જ પ્યોર ન રહે તો ધર્મ કરનારા ઘણાં હશે તો'ય એકનું પણ કલ્યાણ નહીં થાય. મમ્મીની યાદ આવશે તો ઉપધાનમાં રોજ મમ્મી સાથે મોબાઈલમાં વાત કરાવશું, આટલી છૂટ, આટલી છૂટ કરીને ધર્મને ડુપ્લીકિટ ન બનાવો, ધર્મને પ્યોર રાખો.

## જુગારના વ્યસનની ફળશ્રુતિ :

નળરાજા અને કૂબેર વચ્ચે જુગારની રમત શરૂ થઈ. એ રમત હવે વાસ્તવિકતા પર આવી. જુગાર રમનાર જુગારના નુકસાનોને નથી સમજી શકતો.

જુગારના વ્યસની બનેલા નળરાજા પોતાના તમામ કર્તવ્યોને ભૂલી ગયા છે. પૂરો દિવસ જુગારમાં મશગુલ રહે છે ને હવે ગામો, નગરો, દેશો, બધું હારતો જાય છે. સંપત્તિથી પણ હીન થતાં નળરાજાને જોઈને આખું નગર હાહાકાર મચાવે છે. મંત્રીઓ સમજાવે છે છતાં નળરાજા સમજવા તૈયાર નથી. નળના અનુરાગી લોકો અતિ દુઃખી થાય છે. એમના હાહાકારને સાંભળીને દમયંતી નળરાજાને સમજાવવા આવી છે :

**"वरं हालाहलं भुक्तं भृगुपातः कृतो वरम् ।**
**वरं वह्नि प्रवेशो वा न तु द्यूतं निषेवितुम् ।।"**

**ઝેર ખાવું સારું, પર્વત પરથી પાત કરવો સારો, અગ્નિમાં પ્રવેશ કરવો સારો પણ જુગાર રમવો નહીં સારો.**

સમજુ લોકોએ રમતમાં'ય જુગારને જીવનમાં પ્રવેશ નહીં આપવો. ઘણા લોકોનાં જીવનમાં ખોટી વસ્તુની શરૂઆત આ રીતે થતી હોય છે. ખીસ્સામાંથી નોટ કાઢે ને પૂછે કે એકી હશે કે બેકી ? એકી હોય તો તારી, નહીં તો તારે આપવાની. ગાડી આવી તો એકી નંબર કે બેકી ? આ રીતે મફતીયા લોકોએ પારાવાર ટેન્શનો ઉભા કર્યાં, પછી રોજ રડે, આજે ઘણા બધાનો નંબર એ રડનારાઓમાં છે. વ્યાખ્યાન સવારે કેમ ? પછી શેરબજાર ખૂલી જાય.

***સભા : વેપારની પદ્ધતિ એ થઈ ગઈ છે.***

આ વેપાર નથી, મફતીયા લોકોએ ઉપજાવેલો રસ્તો છે. રૂપિયા લેવાના, માલ નહીં લેવાનો, નહીં વેચવાનો, એને વેપાર કહેવાય ? બીજાને રડાવીને કમાવું તે વેપાર ? વેપારમાં તો માલની લેવડ-દેવડ હોય, તમે જે કરો તે તો લૂંટ છે. વેપારમાં વેપારી અને ઘરાક બંને સુખી હોય. ઘરાક માલ મેળવી ભોગવીને સુખી થાય અને વેપારી મહેનત દ્વારા કમાણી કરીને સુખી થાય. વેપારી અવસરે ઉધાર પણ માલ આપે, એની તકલીફમાં ઉભા રહે માટે ઘરાક કહે - આ અમારા માલિક છે. આજે તો એને દુઃખી કરીને સુખી થવું છે તે વેપાર કેવી રીતે કહેવાય ! અહીં નળે દમયંતીની વાત સાંભળી તો નહીં પણ એની સામે'ય ન જોયું. કુળના અમાત્યોએ પણ આવીને નળને સમજાવ્યો પણ કલિકાલસર્વજ્ઞશ્રી લખે છે કે

નળને દ્યૂતથી અટકાવવા માટે તેમનું વચન પણ નકામું ગયું, જેમ ડિપ્રેશનની પરાકાષ્ટામાં કોઈ દવા કામ ન લાગે તેમ નળ એક પછી એક બધી જ વસ્તુ હારતો ગયો. હવે દમયંતીને મૂકી છે, જુગારમાં. હાહાકાર મચી ગયો ! નળની પાસા પાડવાની માસ્ટરી છે છતાં બધું જ હારી ગયો. દમયંતી સહિત આખું અંતઃપુર હારી ગયો, સર્વસ્વ લૂંટાઈ ગયું. દીક્ષા લેવાની ઇચ્છાવાળો જેમ અંગ ઉપરથી અલંકારો ઉતારે તેમ નળે પોતાના દેહ ઉપરથી તમામ અલંકારો ઉતાર્યા. કૂબેર કહે છે : મારી પૃથ્વીમાંથી બહાર નીકળી જા. પિતાએ ભલે તને રાજ્ય આપ્યું પણ ભાગ્યએ મને આપ્યું છે.

***સભા : સગો ભાઈ છે ને તો'ય આવું ?***

હા, ભાઈ ! કોણ સગું છે આ દુનિયામાં ? પોતાના પરાયા થઈ જાય, સ્વાર્થ આવે ત્યાં. આજના કાળમાં તો કોને કોની ઉપર સ્નેહ છે ? કેટલા છૂટાછેડા ! ભાઈ-ભાઈ સાથે ન રહે, મા-બાપથી દીકરા જુદા રહે. કોણ સગા ? કોને સગા કહેવા ? હા, ગમે તેટલો સ્નેહ હશે તો પણ એક ટાઈમ એવો આવશે કે વાદળની જેમ બધું વિખરાઈ જશે, એમ વિચારીને સંસારનો ત્યાગ કરે એ તો સારું જ ને પણ જ્યાં સુધી સંસારમાં બેઠા છો ત્યાં સુધી ઔચિત્યપૂર્વક વર્તવું એ કર્તવ્ય છે. અહીં ત્રણ ખંડના સામ્રાજ્યનો સ્વામી માત્ર ઉત્તરીયવસ્ત્ર પહેરીને નગરમાંથી નીકળે છે, આગળ શું થાય છે, એ અવસરે...

## પ્રવચન-૬

અનંતોપકારી અનંતજ્ઞાની ત્રણ જગતના નાથ પરમતારક પરમાત્માએ વિશ્વના જીવોના કલ્યાણ અર્થે ધર્મશાસનની સ્થાપના કરી છે. ધર્મ પામવાથી શું ફાયદો ? ન પામીએ તો શું નુકસાન ? જેણે જીવનમાં ધર્મ અપનાવ્યો તેને શું ફળ ? જે લોકો ધર્મથી દૂર રહ્યા તેમને શું નુકસાન ? આવા અનેક પ્રશ્નોના જવાબ જણાવતા અઢળક દૃષ્ટાંતો શાસ્ત્રમાં બતાવ્યા છે. વર્તમાન જગતને જોઈએ તો અંગૂઠાછાપ કરોડોપતિ હોય ને માસ્ટર તકલીફમાં હોય, માખી ઉડાડવાની પણ કેપેસિટી ન દેખાતી હોય તેવો માણસ ડિગ્રીધારીઓને નોકરી રાખે - આ બધું જોઈને ખ્યાલ આવે કે જેણે જેવું કર્યું હતું તેવું જ પરિણામ આવ્યું છે. દૃષ્ટાંતોમાં દેખાતા પરિણામથી જીવને જાગૃતિ જલ્દી આવે માટે આપણે નળ-દમયંતીચરિત્ર શરૂ કર્યું છે. પર્યુષણાદિના કારણે ઘણા દિવસો પછી આપણે ફરી વાર્તા ઉપર આવ્યા તે છતાં વાર્તા યાદ રહેશે પણ વાર્તાનું તત્ત્વ યાદ રહેશે ? નળ-દમયંતીનું ચરિત્ર સાંભળી આપણે કંઈક એવું જીવન જીવીએ કે આપણું ચરિત્ર વંચાય ને કો'ક સાંભળે. તે લોકો જેવું જીવન જીવ્યા તેવું આપણામાં આવે માટે કથાનું શ્રવણ કરવાનું છે.

### બહારની ઘટના કર્મના હાથમાં, અંદરની ઘટના આપણાં હાથમાં-

જ્ઞાનીભગવંતો ફરમાવે છે કે જે જન્મે તે અવશ્ય મરવાનો છે, ૨૪ કલાકમાં આપણને એકવાર પણ વિચાર આવે કે આ બધું છોડીને જવાનું છે ?

***સભા : આવે ને ?***

તો પછી આગળ શું વિચારો ?

*સભા : ખોટા પાપો જ કરવા.*

અચ્છા તો સાચા પાપો પણ હોય છે ? એક સેકંડમાં છોડવાનું છે તેના માટે કેટલી મહેનત ! ૨૫ વર્ષમાં તો હતું ન હતું થઈ જવાનું તેના માટે કેટલા પ્લાન ! મહેનતમાં સફળ બનો છો, પ્લાન સક્સેસ જાય છે, તેમાં પણ કારણ આત્માની પૂર્વભવની સારપ છે. દમયંતી ગતજન્મથી પુણ્ય લઈને આવી છે, જેના પ્રભાવે જન્મની સાથે કપાળમાં એવું તિલક છે, જેનો પ્રકાશ ગાઢ અંધકારને પલકમાં દૂર કરે. કોઈ ચીજની કમી નથી, રૂપસંપદા, બુદ્ધિધન, ગુણસમૃદ્ધિ જેવી કોઈ ચીજની જેનામાં કમી નથી, એને પણ કર્મ ફરે તો બધું ફરી જાય. જ્ઞાનીઓ કહે છે - સંસાર તમારા કંટ્રોલમાં નથી. કલ્પના પણ ન કરી હોય તેવું પણ બને. બાળકને મોટો કરતી વખતે કલ્પના હોય કે આ જ મને ત્રાસ આપનારો બનશે.

શ્રેણિક મહારાજા ઉકરડા પરથી પોતાના દીકરાને લઈ આવે, એની આંગળીમાં થયેલા પરૂને પોતાના મોઢાથી બહાર કાઢે, આટલી કાળજી લીધી, તે જ કોણિકે કેવો ત્રાસ આપ્યો ! જેલમાં પૂર્યા ને રોજના ૧૦૦ ચાબૂક, મગધના માલિકને જેલના ખૂણામાં સબડવું પડે ! આવી કલ્પના કરી હશે ? જ્ઞાની કહે છે : આ સંસાર ઉપર શ્રદ્ધા રાખીને ન જીવો, ધર્મ ઉપર શ્રદ્ધા રાખીને જીવો. સંસાર પર શ્રદ્ધા રાખીને જીવ્યા એને પશ્ચાત્તાપ સિવાય કાંઈ હાથમાં નથી આવ્યું અને ધર્મ પર શ્રદ્ધા રાખીને જીવ્યા તે સદા માટે ન્યાલ થઈ ગયા. શ્રેણિક મહારાજાને આવી આપત્તિ આવી છે છતાં ચિત્તમાં અપ્રસન્નતા પ્રવેશ પામી શકી નથી, આ પ્રભાવ ધર્મનો છે. બહારની ઘટના કર્મના હાથમાં છે, પણ અંદરની ઘટના આપણાં હાથમાં છે. જે આપણાં હાથમાં છે, આપણાં કંટ્રોલમાં છે એના માટે મહેનત નથી કરતાં, માટે આપણે આજ સુધી આપણી સુખી થવાની ઇચ્છામાં સફળ નથી બન્યા.

## તત્ત્વચિંતનની તાકાત જબરદસ્ત :

નળરાજાને કોઈ પ્રકારની તકલીફ ન હતી. મઝેથી જીવતા હતા. ત્રણ ખંડ જેટલું સામ્રાજ્ય એના કંટ્રોલમાં હતું. દમયંતી જેવી રૂપ-રૂપનો અંબાર અનેક રાણીઓ હતી, અપાર સુખમાં રહેતા હતા ને પોતાના જ સગા નાનાભાઈથી આ

સહન ન થયું, ઇર્ષ્યાથી સળગવા લાગ્યો. લક્ષ્મણ પણ નાનો ભાઈ, કૂબેર પણ નાનો ભાઈ, આપણે કેવો ભાઈ જોઈએ ?

***સભા : લક્ષ્મણ જેવો.***

વાહ ! કામ કાંઈ કરવું નહીં ને જોઈએ બધું ટોપ ! તમે રામ બની જાઓ તો તમારો ભાઈ લક્ષ્મણ બની જશે, પછી તમારા માટે પોતાની પત્નીને પણ જરૂર છોડશે. અહીં કૂબેરને કોઈ તકલીફ નહોતી, છતાં ૨૪ કલાક દુ:ખમાં હતો, કેમ ?

***સભા : ઇર્ષ્યા હતી.***

ભાઈને મળેલી પત્ની, રાજપાટ ને ઋદ્ધિ જોઈને બળતો હતો તો હું તમને પૂછું કે બળવાથી મળી જાય ? દુનિયામાં બળનારા કેટલાં ?

***સભા : ઘણાં બધાં.***

તમે તો નહીં ને ? કોઈનું કંઈ પણ જોઈને તમને તો નથી થતી ને બળતરા ?

***સભા : કૂબેર જેટલી નહીં પણ થોડી થોડી થાય.***

અગ્નિ થોડો હોય તો'ય બાળે અને ધ્યાન ન રાખો તો સળગાવી મારે. આ બળતરા કાઢી દો. આનાથી આલોક બરબાદ ને પરલોક પણ બરબાદ, આલોકમાં સુખ-ચેન હરામ ને પરલોકમાં પાર વગરની હેરાનગતિ !; માટે શ્રાવકને ક્યારે'ય બળતરા ન થાય. કોઈ છોકરો ૫૦૦ લખોટીનો ડબ્બો બતાડે અને તમારી પાસે એક પણ લખોટી ન હોય, તો પણ તમને તે બાળકની ઇર્ષ્યા થાય? તમારી પાસે નથી એનું દુ:ખ થાય ? 'ના', કેમ ? એ બાળ ચેષ્ટા છે, એનાથી શો ફાયદો ? તેમ સંસારની જિંદગી પણ બાળ ચેષ્ટા જ છે ને ? એનાથી શો ફાયદો ? ગોટીની મજા હમણાં ખતમ થઈ જવાની તો સંસારની મજા ખતમ નહીં થાય ? બીજાની પાસે જે હોય તેનાથી તમારા જીવનમાં કોઈ ફરક પડવાનો ? તો શું કામ નુકસાન ઉભું કરો છો ? વગર કાંઈ કર્યે પાપનો બંધ શા માટે કરવાનો ? તત્ત્વચિંતક બનો કે એણે જન્માંતરમાં પુણ્ય બાંધ્યું, ભગવાનની વાત માની માટે આ અવસ્થા પ્રાપ્ત થઈ છે તો મને પૂર્ણ શ્રદ્ધા છે કે ભગવાન મને

મળ્યા છે, મારી પ્રગતિ કોઈ રોકી નહીં શકે તો શા માટે બળવું ? અને બીજાની ઋદ્ધિ જોઈને બળવું એનો અર્થ તો એ જ કે એણે ભગવાનનું ન માન્યું હોત તો સારું, એ ભગવાનની નજીક ન ગયો હોત તો સારું, આવું વિચારાય ? આનાથી તો તમે ભગવાનથી દૂર થઈ જશો.

શ્રેણિકની પત્નીએ રત્નકંબલ માંગી, શ્રેણિક મહારાજાએ ન લીધી, પછી તપાસ કરાવી તો ખબર પડી કે ભદ્રામાતાએ બધી લઈ લીધી ને પોતાની પુત્રવધૂઓએ ગટરમાં ફેંકી દીધી ! તેને થયું મારો પ્રજાજન આવો સંપત્તિશાલી ? મેં એક ન લીધી ને એણે સોળે-સોળ ! તમે ચડાવો બોલતા હો ને સામે તમારો નોકર બોલે તો ? તમે બસની લાઈનમાં ઉભા હો ને તમારો નોકર બાજુમાંથી ગાડી લઈને જાય તો કંઈ થાય નહીં ને ? અંદરના દોષો જ જીવને હેરાન કરે છે માટે મહેનત કરવી હોય તો અંદર કરો ! **બહાર ગમે તેટલી સંપત્તિ ભેગી કરો, અંદર સંપત્તિ નથી તો કોઈ તમને શાંતિ નહીં આપી શકે.** દુર્યોધનને બધું અનુકૂળ હતું, છતાં બળતરા, દુઃખ, અશાંતિ, કેમ ? પાંડવોની ઇર્ષ્યા હતી. તમારે સુખી થવું છે ને ? તો જેની પાસે જે હોય તે, મારે દુઃખી નથી થવું તો લૂખો રોટલો પણ આનંદ આપશે, બાકી મેવા-મીઠાઈ પણ શાંતિ નહીં આપી શકે. શ્રેણિકમહારાજાને કેવો વિચાર આવ્યો ? ભગવાને સાચું કીધું છે કે પુણ્યના અનેક પ્રકાર છે, સત્તાની રૂએ પુણ્ય મારું જોરદાર પણ ભોગની રૂએ ટોચનું પુણ્ય શાલિભદ્રનું ! આ ઘટનાથી બીજા ઇર્ષ્યાથી બળી જાય, જ્યારે શ્રેણિકમહારાજાને પ્રભુવચન પર શ્રદ્ધા વધી છે. જ્યારે તમને એવું થાય કે આટલા વર્ષોથી ધર્મ કરું છું તો'ય ત્યાં જ રહ્યો ને આ ધર્મ ન કરે તો'ય આગળ વધી ગયો. અને ઇર્ષ્યાથી બળો અને પાપ બાંધો માટે સમજ વિકસે તો કોઈ પણ ઘટનામાં સદ્વિચાર કરવા દ્વારા પ્રસન્ન રહી શકો. વિચારવાની થોડી આવડત કેળવી લો.

*સભા : કેવી રીતે આવે એ આવડત ?*

એ આવડત આપવાની તાકાત માત્ર ધર્મમાં છે, શાસ્ત્રશ્રવણમાં છે. શાસ્ત્રશ્રવણથી એ આવડત આવ્યા પછી પરિસ્થિતિ ગમે તે સર્જાશે, વેદના નહીં થાય. આ સહેલો રસ્તો નથી ? દષ્ટિકોણ બદલી દો, અવસ્થા કોઈપણ હશે, પીડા નહીં હોય. માત્ર વિચારવાની દિશા બદલો.

***સભા : ભગવંત ! નબળા વિચાર આપમેળે આવી જાય છે.***

તાવ લાવવો ન હોય, આપમેળે આવી જાય, પછી શું કરો ? દવા લો ને ! હોંશિયાર માણસ વિચારે કે તાવ આવે છે કેમ ? પ્રતિકારક શક્તિ નથી તો એવા પ્રિકોશન લે કે જેથી શક્તિ વધે પછી બહાર વાતાવરણ બદલાય તો'ય તાવ ન આવે, તેમ પ્રભુવચન, પ્રભુની વાત અપનાવી લો, બોધ લઈ લો, નબળા વિચાર પ્રવેશ નહીં પામી શકે. ત્યાં જેમ મચ્છરદાની નાંખો તેમ અહીં એવું માળખું બનાવી દો કે બહારની ઘટના અસર ન કરે. તત્ત્વચિંતનની તાકાત જબરદસ્ત છે. તમને મચ્છર કરડે તો દવા કોની કરવાની ? મચ્છરની કે તમારી ? મકાન નાનું છે, મન અપસેટ થયું તો મકાન મોટું કરો, ઘરેણાં નથી માટે મન અપસેટ થયું તો ઘરેણાં લાવો, આનું નામ સંસાર છે, આ મચ્છરની દવા કરવા બરાબર છે. ખરેખર તો આ બધી ઇચ્છાઓ જે રાગાદિભાવના કારણે જાગે છે તે રાગાદિભાવો દૂર કરવાનો પ્લાન બનાવો જેથી દુઃખી નહિ થાઓ સમજ ક્લિયર થાય તો વિચારે કે શિયાળો તો બંધ નહીં થાય તો ઠંડી ન લાગે એના પ્લાન બનાવું ! જ્યારે તમે એવા પ્લાન બનાવો, જે તમારા હાથમાં નથી ને પછી સકસેસ ન જાઓ એટલે જીવનમાં પાપો આવે. મન વધારે અપસેટ થાય. માટે ભગવાને રસ્તો બતાવ્યો કે મનને નબળું ન પડવા દો, મનને આનંદમાં રાખો. તત્ત્વજ્ઞાન મનને આનંદમાં રાખવા માટે છે. કોઈપણ ઘટનામાંથી આનંદ લેતા શીખો. હાસ્ય કલાકાર હર એક ઘટનામાંથી હાસ્ય અર્પે તેમ તત્ત્વ એવું પ્રાપ્ત કરો કે સદા આનંદમાં રહી શકો.

## નળનું નગરીમાંથી નિર્ગમન :

અહીં કૂબેરે ઇર્ષ્યાથી નળ સાથે જુગાર રમવાનો શરૂ કર્યો. એ જુગારે બહુ મોટું સ્વરૂપ પકડ્યું. નળ બધું જ હારતો ગયો. આ જોઈ કૂબેર ખુશખુશ થઈ ગયો. સામેવાળો નબળો પડે તો ઇર્ષ્યાળુને આનંદ થાય. **બીજાનું સારું જોઈને રાજી થશો તો સારું તમારામાં આવશે ને નબળું જોઈને રાજી થશો તો નબળું તમારામાં આવશે."જિન ઉત્તમ ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ..."** ગુણ ગાવાથી મન ગુણમાં જાય તેથી આત્મામાં તેની અસર થાય. નળ બધું જ હારી ગયો, કૂબેર કહે – નીકળ બહાર, આ કહે – કહેવાની જરૂર નથી,

મારું ન હોય તેને અડું પણ નહીં. પરમસત્ત્વનો સ્વામી નળ નીકળે છે. દમયંતી પાછળ જાય છે તો કૂબેર અટકાવે છે કે તું તો મારા વડે જીતાઈ ગઈ છે, ક્યાં જાય છે ? કૂબેરનું આ વર્તન ખરાબ લાગે છે ને ? તો આપણામાં ઈર્ષ્યા ન આવે તેની કાળજી રાખવી જોઈએ, કેમ કે ઈર્ષ્યા અમર્યાદિત બને પછી જીવ શું ન કરે ? ઈર્ષ્યાની આગ સ્વને તો બાળે, પુણ્યનો સાથ હોય તો બીજાને પણ બાળે. ઈર્ષ્યા ભડકે બળી, ક્રોધ ચડ્યો તો ગોશાળો તીર્થંકરપરમાત્મા ઉપર પણ તેજોલેશ્યા છોડે.

દમયંતીને અટકાવી ત્યારે મંત્રી-મહાજન વિગેરેએ કહ્યું - મૂર્ખ ! આ મહાસતી છે, એ પરપુરુષની છાયાને પણ ન સ્પર્શે, તું તારા દુષ્ટ આશયને છોડ, નહીં તો તને પલકવારમાં ભસ્મસાત્ કરી દેશે અને મોટાભાઈની પત્ની તારા માટે માતાતુલ્ય છે. કૂબેરને હવે લાગ્યું કે વધુ કાંઈ કરવા જઈશ તો રાજ્ય પણ જશે. નળને કહ્યું - રથ લઈને જાઓ તો નળ કહે - જે ત્રણ ખંડ છોડે છે તેને રથની સ્પૃહા હોય ? તમારા માટે કહું ને કે જે ઉપવાસ કરે ત્યારે દિવસે ખાવાનું છોડી શકે એને રાત્રે ખાવાની સ્પૃહા હોય ? નળ નગરમાંથી નીકળે છે, પાછળ દમયંતીને જોઈને નગરની તમામ સ્ત્રીઓએ આંસુઓની ગંગા વહાવી છે. શાસ્ત્ર લખે છે કે ગઈ કાલનો ત્રણ ખંડનો સ્વામી આજે રસ્તે રઝળતો થયો છે છતાં તેમને એની કોઈ અસર નથી, મન કેવું સ્ટ્રોંગ ! ઘણાં તો જીવતાં - જીવતાં ૫૦૦ વાર મરી જાય. એક ઘટના બને ને તરત વિચારી લે કે મરી જઉં તો સારું, પણ મરીને સારું શું ? થોડી હિંમત અને સત્ત્વ રાખો. કોઈ ઘટનામાં ગભરાઈ ન જાઓ, રસ્તો મળશે જ. છે તેને જુઓ, નથી એને રડો નહીં. તમને કોઈ દેવ આવીને કહે - પોઝ એરિયામાં બંગલો, મર્સીડીઝ ગાડી આપું પણ કૂતરો બનાવીને અને બીજી બાજુ ઝુંપડામાં રહેવાનું ને મનુષ્ય, તો તમારી ચોઈસ કઈ ?

*સભા : ઝુંપડાવાળી.*

એનો મતલબ લાખો અગવડો મંજૂર છે પણ મનુષ્ય બનવું છે તો હાલ તમે મનુષ્ય તો છો જ તો રડો છો કેમ ? મરવાના વિચાર શું કામ ? આર્ત્તધ્યાન કરશો તો કૂતરા જ થશો. કૂતરા નથી બનવું ને ? તો સ્થિતિ ગમે તે હોય, આર્ત્તધ્યાન ન કરો. દેવતાઈ ઋદ્ધિના સ્વામી શાલિભદ્રની બહેન અને જેના

પગલે-પગલે નિધાન છે એવા ધન્નાજીની પત્ની સુભદ્રા તગારા ઉપાડે છે. સસરાએ કહ્યું - હમણાં પિયર માતાના ઘેર જતી રહે તો કહે-ના, પરિવાર હોય ત્યાં જ રહું, આને પરિવાર કહેવાય ! આજે તો પત્નીએ પોતાનું પતિથી પણ જૂદું ગોઠવેલું જ હોય. કોઈને કોઈના ઉપર ભરોસો નથી.

## કર્મના ભરોસે કે ધર્મના ? :

રાજ્યથી ભ્રષ્ટ થયાની કોઈ વેદના જેના ચિત્ત પર સવાર નથી થઈ તેવા નળે રસ્તામાં જતાં ૫૦૦ હાથ ઊંચો સ્તંભ જોયો. તે સ્તૂપને રમતમાત્રમાં કાઢીને પાછો ફીટ કર્યો. નગરજનોએ જ્ઞાની પાસે સાંભળેલું હતું કે આ સ્તૂપને ઉઠાવીને જે ફીટ કરશે તે ત્રણ ખંડનો રાજા થશે, આથી લોકોને લાગ્યું કે ભલે કૂબેર રાજી થાય પણ ભવિષ્યમાં રાજા તો નળ જ થશે. નળ ત્યાંથી આગળ નીકળ્યો, ખાવા-પીવાની વ્યવસ્થા નથી, ત્રણ ખંડ એક ઝાટકે જાય છે, છતાં પીડાનો લેશમાત્ર અનુભવ નથી. આપણી કોઈ ચીજ જાય તો પીડા થાય ? જો થતી હોય તો વિચારવું કે કર્મે આપેલી છે. જો સ્વયં લેવાની હોત તો કેવી ચોઈસ કરત ? કેવું શરીર ચોઈસ કરત ? હાથની વાત નહોતી, કર્મે આપી ને કર્મને જ્યારે લેવી હોય ત્યારે આપી જ દેવી પડે ને ? સજ્જનો કોઈએ આપેલી ચીજ, જો એને જોઈતી હોય તો રાખે ? આપી જ દે ને ? શેઠને લક્ષ્મી કહેવા આવી કે સાત રાત પછી જવાની, આ શેઠના સ્થાને આપણે હોઈએ તો ભોંયરામાં છુપાડીએ, સગા-વહાલાના ઘરે સાચવવા આપી દઈએ, વિગેરે... વિગેરે પણ કર્મસત્તા છીનવે પછી કાંઈ બાકી રાખે ? આ શેઠ કહે તું જાય એની પહેલાં હું જ મોકલી દઉં ૭ દિવસ દાનનો જોરદાર પ્રવાહ વહાવ્યો, રાત્રે ફરી લક્ષ્મી આવીને કહે - હું તો કાયમ માટે રહેવાની. સમજાયું ? કર્મને પણ ફેરવવાની તાકાત ધર્મમાં છે. તમે ધારો તો કર્મને તમારા કંટ્રોલમાં લાવી શકો.

***સભા : ધર્મ ઉપર શ્રદ્ધા છે, છતાં સત્ત્વ નથી ફોરવાતું.***

આ વાત નથી બેસતી. ભૂકંપમાં બીજા માળેથી કૂદકો મારવાનું સત્ત્વ આવે તો અહીં કેમ નહીં ? આ રીતે કૂદકો મારનાર એક ભાઈ મને મળેલા. મેં એ ભાઈને પૂછ્યું, કેવી રીતે સત્ત્વ આવ્યું ? તો કહે - શું કરું ? કૂદકો ન મારું તો મરી

જાઉં બંને પગના હાડકાં ભાંગી ગયા પણ જેવો પડ્યો ને તરત આખું મકાન દટાયું, હું બચી ગયો. તમને ધર્મ ઉપર શ્રદ્ધા છે તો પ્રયત્ન તો કરો. બચવાની ઇચ્છાવાળો માણસ શાંતિથી તો ન જ બેસે ને ? પોતાની શક્તિ મુજબ કરે, એ ભૂકંપમાં કોઈ કે ઉંધું પણ કર્યું હતું - બહાર ઉભા હતા તો કહે કંઈક ગરબડ લાગે છે માટે મકાનમાં પેસી ગયા, જેને જે સુઝ્યું તે કર્યું, કો'ક દાદરથી પણ ઉતર્યા પરંતુ પ્રયત્ન કર્યા વિના કોઈ બાકી રહે ? જેની જેવી સમજ, જેવી સૂઝ તે મુજબ પ્રયત્ન કરે જ, તેમ ધર્મ ગમ્યો છે, ધર્મ ઉપર શ્રદ્ધા છે તો પ્રયત્ન તો કરો. કર્મસત્તા જે આપે તેમાં જીવવાની ને કર્મોને તોડવાની તાકાત જરૂર આવશે; બાકી કર્મ વિફરે તો શું ન કરે ? કૃષ્ણએ બધે જીત મેળવી છે, ક્યાંય હાર નહીં, એવી વ્યક્તિની નગરી બળે છે તો હેલ્પલેશ છે ! શું કરી શકે ? કંઈ નહીં. આખી નગરી ભડભડ બળી રહી છે. મા-બાપને બચાવી લેવાની ઇચ્છાથી રથમાં બેસાડ્યા તો બળદ ન મળે, ને જે લેવા જાય તે બળી જાય. કૃષ્ણએ પોતે ચલાવ્યો રથ, આગળ જતાં દરવાજો પડ્યો, પોતે બચ્યા ને માતા-પિતા ગયા ! તમે ધારો છો કે એક દેવ ખુશ થાય તો દુનિયા બદલી દઈએ પણ આને તો ઘણા દેવો સેવામાં હતા છતાં કંઈ કરી ન શક્યા. ઇન્દ્રમહારાજા ભગવાન પાસે સિદ્ધાર્થને રાખીને ગયા હતા છતાં ઉપસર્ગ પતે પછી સિદ્ધાર્થ આવે, કર્મ બધું કરે છતાં ધર્મ હોય તો કોઈ નુકસાન નહિ. કર્મના કારણે તકલીફ આવી પણ ધર્મ તો હતો ભગવાનનું શું બગડ્યું ? કર્મોને તોડવાની તાકાત છે આપણામાં ! આ જિંદગી કર્મો તોડવા માટે જ મળી છે.

*સભા : પણ સાહેબ ! બધું કર્મ જ કરાવે છે ને ?*

હા, ખરાબ કામની પ્રેરણા પણ કર્મ કરે ને પછી હેરાન પણ તે જ કરે માટે એના ભરોસે નથી જીવવું. ધર્મ જે પ્રેરણા કરે તે કરો તો ટોચનું ફળ આપે. કર્મની પ્રેરણા સંસારમાં ભટકાવે, ધર્મની પ્રેરણા સંસારનો અંત લાવે, બોલો ! કોના ભરોસે, કોની પ્રેરણાથી જીવવું છે ? ધર્મ કહે ગાડીનો લગાવ નહીં રાખ ને કર્મ કહે પર્સનાલિટી પડે તેવી ગાડી લાવ તો કોની પ્રેરણા મનાય ? જે તમારું કાયમી ભલું કરે તેની પ્રેરણા માનજો.

અહીં નળરાજા ત્રણ ખંડના સામ્રાજ્યમાંથી સાવ જંગલમાં, એક મનુષ્ય મળે નહીં, ઘોર જંગલી પ્રાણીઓથી વ્યાપ્ત એવા ભયાનક જંગલમાંથી પસાર થઈ રહ્યા છે તે વખતે યમ જેવા ભિલ્લો મળ્યા. કર્મ રૂઠે તો કાંઈ જુએ નહીં. આવી તકલીફ પસંદ નથી ને ? તો જિંદગીમાં કોઈનું ખરાબ નહીં કરવું. તેણે જે કર્યું તે તેને મુબારક ! જેવા સાથે તેવા તે જૈનશાસનનું સૂત્ર નથી. કોઈ પણ ઘટનામાં મારા આત્માનું શું સારું કરી શકું તે વિચારવું. કીડી કરડે તો કીડીને કરડવા જવાય ? જો તેઇન્દ્રિયની દયા તો પંચેન્દ્રિયની દયા તો વધુ હોય ને? કીડીને તમે હેરાન કરી હતી ? એનું તમે કાંઈ બગાડ્યું હતું ? ના, છતાં તમને કરડી જાય તો'ય તમારો રીસ્પોન્સ કેવો ?

*સભા : કીડી સમજતી નથી.*

સમજદારની વ્યાખ્યા ? જે કરવાથી નુકશાન થવાનું હોય તેવું બધાની વચ્ચે કરે તેને સમજદાર કહેવાય ? તો જેમ કીડી નથી સમજતી તેમ આ પણ ! સમજે તે અનુચિત કરે ? ને કરે તો તેને સમજુ કહેવાય ? અને આપણો નંબર તો સમજુ વ્યક્તિમાં જ છે ને ? તો આપણે કરડાય ? સાચવીને બાજુમાં મૂકી દો ને ?

*સભા : આને સાચવીને બાજુમાં મૂકાતો નથી ને ?*

કીડી તો બીજી વાર પણ કરડવા આવે, આ તો ગળગળો થઈ જાય. તમે એકવાર ખમી ખાઓ, ઠેકાણું આપોઆપ પડી જશે. તમે સુધરી જાઓ, આજુબાજુ વાળા સુધરી જશે. તમારામાં જે હશે એ સંતાનોમાં આવશે. તમે જેવું બોલશો તેવું બાળકો બોલતાં શીખશે ને તમે જેવું વર્તશો તેવું વર્તન કરશે. ઉપરની કક્ષાવાળા ટોચના તો નીચેવાળા પણ ટોચના ! ભગવાન ટોચના તો આજે પણ અનુયાયીઓ ટોચના છે. તળાવમાં જેટલો પત્થર જોરથી નાંખો તેટલા સર્કલ વેગથી મોટા થાય. ટૂંકમાં આપણે સુધરવું પડે. આ તો આપણે કંઈ કરવું નથી ને બધાએ સુધરી જવું જોઈએ, એવું બને ? તમે સુધરી જાઓ તો બધા સુધરેલા જ છે. નળને ભિલ્લો ઘેરી વળ્યા છે, આગળ શું થાય છે, એ અવસરે...

# પ્રવચન-૭

અનંતોપકારી અનંતજ્ઞાની ત્રણ જગતના નાથ પરમતારક પરમાત્માએ જીવોના ઉત્થાન માટે મોક્ષમાર્ગ બતાવ્યો છે. જીવ શું કરે તો પોતાના આત્માનો વિકાસ કરી શકે અને કયા કારણોથી જીવ પતન પામે છે ? તેની વિસ્તારથી વાતો જણાવી છે. જેના જીવનમાં તે તે ઘટનાઓ બની તેના ચરિત્રો પણ શાસ્ત્રોમાં વિસ્તારથી જણાવેલા છે. તેમાંનું જ એક ચરિત્ર : નળ-દમયંતીચરિત્ર. આ તો નામ આપવામાં આવ્યું છે. ઘટના બધી આત્માને રિલેટેડ છે. ચરિત્ર સાંભળીને એ જ વિચારવું છે કે જ્યાં જ્યાં એવી ગરબડ થઈ, એનાં કારણે નુકસાન થયું. તેવું નુકસાન મારે ન થાય અને એમણે એવું શું કર્યું કે જેના દ્વારા આટલી પ્રગતિ થઈ ? તો હું પણ એવા જ વિશિષ્ટ કાર્યો કરું, જેથી મારા આત્માની પ્રગતિ થાય. એ માટે ચરિત્ર સાંભળવાનું છે.

ચરિત્રમાં વાત બધી આવવાની, તેમાં કયું યોગ્ય, કયું અયોગ્ય તે સમજીને સાંભળશો તો લાભ થશે, બાકી ખરાબ કરનારનો દ્વેષ અને સારું કરનારનો રાગ કરીને પાપ બાંધશું. આના કારણે એવું પણ થાય કે જેનો આપણે દ્વેષ કે રાગ કરીએ તે મોક્ષે જતા રહે ને આપણે સંસારમાં રહી જઈએ. દઢપ્રહારી છ મહિનામાં મોક્ષે પહોંચી ગયા ને લોકો એમની નિંદા કરતા રહ્યા. નિંદાથી એમનું કાંઈ ન બગડ્યું પણ નિંદા કરનારાનું બગડ્યું. ખરાબ પ્રવૃત્તિની નિંદા કરાય, ખરાબ વ્યક્તિની તો કરુણા કરાય કે તે પણ સારો બને. જીવ પ્રત્યે દ્વેષ કરવાથી આપણા આત્માને જ નુકસાન થાય. ગુણસેન-અગ્નિશર્માના દૃષ્ટાંતમાં 'ગુણસેને આખી જિંદગી મને હેરાન કર્યો' એમ અગ્નિશર્માએ દ્વેષ કર્યો અને ગુણસેનને પશ્ચાત્તાપ થયો, સદ્‌ભાવના જાગી તો તે મોક્ષે ગયો ને અગ્નિશર્મા દ્વેષ રાખીને દુર્ગતિમાં ભટક્યો. માટે વિવેક જરૂરી છે, વાણિયા છીએ તો આમાં પણ વેપારની બુદ્ધિ લાવવાની. વિચિત્ર ઘરાક હોય, લાભ ન થવાનો હોય તો માથાકૂટ ન કરાય.

આપણાં નુકસાન - લાભ જોઈને કામ કરાય. અને સાવ એવા સ્વાર્થી પણ ન બનાય માટે મારું અને મારા થકી વિશ્વનું મેક્સિમમ ભલું જે રીતે થાય તે રસ્તો અપનાવવો જોઈએ. ભગવાન પણ ચક્રવર્તીને છ ખંડ છોડાવીને સાધુ બનાવે, બાકી ચક્રવર્તી ખાવા-પીવાનું તો છ ખંડમાં પૂરું પાડી શકે તેમ છે, છતાં તેના ગુણની વૃદ્ધિ થાય તેવો રસ્તો બતાવ્યો; કેમ કે સુખી થવાનો રસ્તો એક જ છે : સ્વ-પરના રાગ-દ્વેષનો ઘટાડો કરવો. કોઈ પણ ધર્માનુષ્ઠાનનું લક્ષ્ય આ જ એક હોવું જોઈએ. કથાશ્રવણ કરીને પણ આપણે આપણાં રાગ-દ્વેષ ઘટાડવા છે.

## ધર્માત્માની માનસિકતા :

ચરિત્રમાં આપણે જોયું કે નળ - દમયંતી સુખેથી જીવતા હતા. અને કૂબેરે ઇર્ષ્યાથી નળરાજાને જુગારમાં જોડ્યા, નસીબનો સાથ નહીં હોવાથી નળ બધું હારી ગયો. પુણ્યનો ઉદય હોય કે પાપનો, જુગાર વસ્તુ જ ખોટી છે. પુણ્ય છે ને કમાઈ જાઓ તો'ય જુગારને સારો ન કહેવાય. જૈનશાસન ભૌતિકજગતની સફળતાને સફળતા કહેતું જ નથી. જુગારથી સફળતા = કો'કને રડાવીને હસવું. આને તો સજ્જન લોકો'ય સારું ન કહે. જૈનશાસન એમ કહે છે : ભૌતિક ચીજ પકડવા જેવી જ નથી, કદાચ છોડી શકવાની તાકાત નથી તો કોઈને રડાવીને તો નહીં જ મેળવતા. સામેવાળાને સંતોષ થાય, તમે પણ આજીવિકા ચલાવી શકો તેવું જીવન જીવજો. નળરાજા જુગાર રમ્યા, મગજ પર જુગાર હાવી થઈ ગયો માટે જ્ઞાનીઓ કહે છે - આવા ઉંધા રસ્તા ક્યારે'ય નહીં અપનાવવા જોઈએ. નળ રાજપાટ છોડીને જંગલમાં આવી ગયા. વિશાળ રાજ્યના સ્વામી પાસે આજે ફૂટી કોડી પણ નથી !

***સભા : દમયંતીને આ સમયે કંઈ ન થયું ?***

એણે પોતાની મર્યાદામાં રહીને પ્રયત્ન કર્યો પણ સફળતા ન મળી ને જે પળ આવવાની જ હતી તે આવી ચૂકી છે તો રડીને, વર્તમાન બગાડીને ભવિષ્યને પણ અંધકારમય બનાવવામાં શું મળવાનું ? જૈનશાસનને પામેલ વ્યક્તિ સમજે કે સંસારમાં ક્યારે શું સર્જાઈ જશે તે કાંઈ નક્કી નહીં. જે સવારે જીવતો હોય તે સાંજે જીવે કે નહીં, નક્કી નહીં.

"जे पुव्वण्हे दिट्ठा ते अवरण्हे न दीसंति ।।"

સવારે મારી પાસે જે પદાર્થો છે તે સાંજે મારી પાસે ન પણ હોય માટે એના આધારે, એને જ સર્વસ્વ માનીને મારે ન જીવાય. સંસારનો રાગ છે માટે બેઠો છું પણ એવી હલચલ મચી શકે છે કે ભવિષ્ય ગાઢ અંધકારમય હોય ! ધર્મથી વાસિત માનસવાળાને એ પણ દઢ હોય છે કે મારા જીવનમાં જે હલચલ મચી એ મારા જ કર્મના ઉદયે છે. ખરાબ થાય તેવું કોઈ ઇચ્છે નહીં છતાં ખરાબ થયા જ કરે ત્યારે વિચારવું કે કર્મની વિચિત્રતા એવી છે કે ક્યારેક સામગ્રી છીનવી લે ને ક્યારે સામગ્રીનો ઢગલો કરે, ને આવી વિચિત્રતા જોઈને સમજુ, વિચારક વ્યક્તિને થાય કે ક્યારે આ માથાકૂટમાંથી બહાર આવું ? સંસારનો ત્યાગ કરું ? આવી મનોદશા હોવાથી એ ક્યારે'ય સંપત્તિમાં લીન ન બને અને આપત્તિમાં દીન ન બને. હા, ધર્મસાધના અટકે નહીં માટે તદુચિત સામગ્રી માટેની મહેનત કરે પણ સમજો કે જતી રહી, નાશ પામી તો શોક ન કરે. ગયેલાનો શોક કરવો તે મૂર્ખતા છે. મૂર્ખ માણસ સમજી ન શકે કે જે ગયું તે પાછું આવવાનું નથી તો શોક કરીને શું મતલબ ? ડાહ્યો માણસ તો સમજી શકે ને ? છતાં કદાચ ક્યારેક અસર થઈ જાય તો વિચારો કે ગયેલું ગયું જ છે, હવે રડીને શું ફાયદો ? માલ આઉટ ડેટેડ થઈ જાય તો'ય સમજુ વ્યક્તિ રડવા ન બેસે, સેલ કરે કે જેથી આઉટ ઓફ ફેશન થવા છતાં ૬૦-૭૦ ટકા તો આવી જાય, રડીને ઘરે બેસે તો કંઈ ન આવે. આર્ત્તધ્યાન કરીને આત્માને નુકસાનમાં ન પાડો તેની ટેક્નિક બતાવું કે તમે જે સ્થિતિમાં આવી ગયા છો તે સ્થિતિમાં ભારતમાં કેટલા લોકો જીવે છે, સર્વે કરો ને મુલાકાત લઈ પૂછો કે તમે કેવી રીતે જીવો છો ? હસીને જીવે જ છે ને ? તમે લોકો તત્ત્વનું ચિંતન કરીને ઘટનાનો સ્વીકાર નથી કરતા માટે આવેશ, દુઃખ, ટેન્શન થાય છે, એનાં કારણે ભવિષ્ય પણ અંધકારમય સર્જાય છે. અમારે કે તમારે જીવનમાં ઘટના બને તો મન શાંત રાખીને વિચારણા કરવી પડે કે જે થયું તે થયું હવે ભવિષ્ય નથી બગાડવું.

## ધર્માત્માને દુઃખ આવે, હતાશા નહીં :

અહીં નળ-દમયંતી વિચારે છે ક્યાં જવું ? દમયંતી કહે - કુંડિનપુર પિતાના ઘેર જઈએ. નળ વિચારે છે કે આ પરિસ્થિતિમાં સસરાના ઘેર જવું ઠીક

નહીં પણ બોલતો નથી. આગળ જતા સામેથી ભિલ્લો મળ્યા. લૂંટી લેવા આવ્યા છે. રાજપાટ, સામગ્રી, સૈન્ય, શસ્ત્ર બધું ગયું છે પણ શરીર મજબૂત છે તેથી લડવાની તૈયારી કરે છે તો દમયંતી રથમાંથી ઉતરીને લડવાની ના પાડે છે ને એક હુંકાર કરે છે, એનો અવાજ ભિલ્લોને તીક્ષ્ણ લોઢાની સોંય કાનમાં વાગતી હોય તેવો લાગ્યો ને ભાગી ગયા પણ પાછળથી આવીને રથ લઈને જતા રહ્યા !

કર્મ અનફેવરમાં હોય તો જીવનું કંઈ ન ચાલે. પુરુષાર્થ જીવ ગમે તેટલો કરે પણ કર્મ ફેવરમાં ન હોય તો ભૌતિક વિષયમાં તો સફળ ન જ બને. એક રથ હતો એ પણ ગયો, સાવ પગપાળા ચાલવાનું શરૂ કર્યું. પોક મૂકીને રડવા તો નથી બેઠા પણ લેશમાત્ર દીન પણ નથી બન્યા, હતાશા હૈયાને સ્પર્શી પણ નથી. દુઃખ સારું પણ હતાશા નહીં સારી. તમારે તો દુઃખ અને હતાશા એ બે એક સિક્કાની બે બાજુ છે. સાસુ-વહુ વચ્ચે જરાક માથાકૂટ થાય તો વહુ તરત વિચારી લે કે 'આનાં કરતાં મરી જવું સારું ! મારી સાસુ તો જમ જેવી છે' તેમને'ય ખુશ કરીને કેવી રીતે જીવવું તે વિચારો ! જમના પણ કો'ક સાગરિત હોય, જમ બધે તો પહોંચી ન શકે માટે એના રાઈટહેન્ડ થઈ જાઓ, પછી જમ જેવાના રાઈટહેન્ડ થાય તેનું કોઈ નામ લે ? જે પરિસ્થિતિ છે તે છે, તેમાં મારે સફળ કેવી રીતે થવું તેનો પ્લાન બનાવવો જોઈએ. આજે તો બધા એક જ બૂમરાણ મચાવે છે : પરિસ્થિતિ બદલો ! પરિસ્થિતિ-સંયોગો બદલવાની જ વાત છે. પહેલા સાસુ વિચિત્ર છે, પછી પતિ વિચિત્ર છે ને છેલ્લે છોકરાઓ માનતા નથી, આનો અંત ક્યારે આવશે ? એના કરતાં તમે એડજેટ્સ થતાં શીખો તો નોપ્રોબ્લેમ.

*સભા : ભગવંત ! પછી સંસાર ખરાબ નહીં લાગે.*

પણ ભાઈ ! જેને સંસાર ખરાબ ન લાગે એ જાત બદલી શકશે ? પોતાનું ધાર્યું છોડી શકશે ? એટલે અલ્ટીમેટ્લી તો સંસાર ખરાબ લગાડવાની જ વાત છે. નળ-દમયંતી કલ્પના ન કરી શકાય તેવી સ્થિતિમાં મૂકાયા છે છતાં સ્વસ્થ છે. દમયંતી ખુલ્લાં પગે ચાલી રહી છે. પગમાંથી લોહી નીકળે છે. થાક લાગ્યો છે. પગમાં કપડું બાંધવા છતાં પણ લોહીલુહાણ થયા છે. દમયંતી કહે છે : હવે નહીં ચલાય, અટવી કેટલી બાકી છે ? નળે કહ્યું - આ જંગલ સો યોજનનું

છે, હજું પાંચ યોજન જ આપણે પસાર કર્યા છે, ધીરજ ધરવી પડશે. આટલી વાતચીત થઈ ત્યાં સૂર્યાસ્ત થયો આથી એક જગ્યાએ નળે કાંટા-કાંકરા દૂર કરીને દમયંતી માટે પાંદડાની શય્યા બનાવી. ભૂખતરસથાકના કારણે દમયંતી સૂઈ ગઈ. મખમલના ગાદી તકિયામાં સૂનાર વ્યક્તિની આવી હાલત પણ થઈ શકે, જો કર્મ રૂઠે તો !

## ...એ પ્રભાવ મહાસતીત્વનો છે :

હવે નળ વિચારે છે કે શું કરું ? સાસરે જવું નથી, રાજ્યમાં પાછા જઈ શકાય નહીં. સાસરે કેમ જવું નથી ? નીતિશાસ્ત્ર લખે છે કે જે લોકો સસરાનું શરણ સ્વીકારે તે જઘન્ય માણસો છે. આથી ડિસીઝન લીધું કે હું અહીંથી જતો રહું તો દમયંતી પિયર પહોંચી જાય. સાથે રહે તો તે હેરાન થાય. હું મર્દ છું, જીવી લઈશ. એ આવા કષ્ટો સહી નહીં શકે. એક દિવસમાં લોહીલુહાણ થઈ ગઈ છે તો રોજ ચાલવાથી એની સ્થિતિ શું થશે ? માટે મૂકી દઉં અને કહેવા જઈશ તો એ માનશે નહીં માટે સાથળ ઉપર ઘા કરીને લોહી કાઢ્યું ને દમયંતીના વસ્ત્ર ઉપર લખ્યું - આ રસ્તો કુંડિનપુર જાય છે અને આ કોશલદેશ તરફ જાય છે, જ્યાં જવું હોય ત્યાં જજે ! આટલું લખીને નીકળી ગયો.

***સભા : પિયર મૂકીને જવું જોઈએ ને ?***

ત્યાં જવું કયા મોંઢે ? તમને ન બેસે તમે તો ઘરજમાઈ થવા ટેવાયેલા છો. આ બાજુ સવાર થવા આવી ત્યાં દમયંતીને સ્વપ્ન આવ્યું કે આંબાના વૃક્ષ ઉપર બેસીને હું કેરી ખાતી હતી અને હાથીએ વૃક્ષને ઉખેડી નાંખ્યું, હું પડી ગઈ. તમને સ્વપ્ન આવે તો ચિંતા નહીં કરતાં, કેમ કે શાંતચિત્તવાળાને આવેલા સ્વપ્ન જ સાચા પડે, નહીં તો તમને સ્વપ્ન આવશે તો ચિંતા કરશો. આ જાગી, નળને બાજુમાં ન જોયો, આજુબાજુ જોયું, તપાસ કરી, શોધ કરી, ક્યાંય ન મળ્યો નળ ! ઝાટકો વાગ્યો, ધ્રુસકે ધ્રુસકે રડી, અત્યંત વિલાપ કર્યો, પછી નજર વસ્ત્રના છેડા પર ગઈ, લખેલું વાંચીને સમજી ગઈ કે છોડીને ગયા છે. હવે તો ગુસ્સો આવે ને ? જુગારમાં રમીને બધું હારી ગયા, જંગલમાં લાવી ને હવે છોડીને ચાલતા થયા ! આવો તો કોઈ વિચાર નહીં ઉલ્ટાનું ગ્રન્થકાર લખે છે :

"एतच्च पत्युरादेशं मन्ये गुरुवचोऽधिकम् ।"

**ભૈમી (દમયંતી) એ વિચાર્યું કે પતિના આ આદેશને ગુરુના વચન કરતાં પણ અધિક માનું છું.** ખરેખર અતિ ચિંતનીય બાબત છે. **આ ભૈમી રાજકુળમાં ઉછરેલી છે. અપાર વૈભવ અને મા-બાપના અતિસ્નેહની વચ્ચે મોટી થઈ છે. ત્રણ ખંડના સ્વામી જેવા નળરાજાની સાથે પરણી છે. એવી ભૈમીને ભયંકર અટવીમાં ભયાનક પશુઓની વચ્ચે એકલા રહેવાનું આવ્યું તો'ય નથી તો એટેક આવ્યો, નથી ડિપ્રેશનમાં આવી કે નથી કોઈ ખોટો રસ્તો અપનાવવાનો વિચાર આવ્યો; ઉલ્ટાનું કર્મના સિદ્ધાંતોની વિચારણા કરે છે, જંગલમાં રહીને પણ અનેકને પ્રતિબોધ કરે છે, આ પ્રભાવ ધર્મનો છે. આ પ્રભાવ શીલનો છે... આ પ્રભાવ એના મહાસતીત્વનો છે...!** સતી સીતાને ગર્ભવતી અવસ્થામાં જંગલમાં મોકલી તો'ય એક જ વિચાર કે પૂર્વે કર્મ બાંધ્યા તેનું ફળ છે. અંજનાને ૨૨ વર્ષ સુધી પતિ સામે ન જુએ તો'ય સ્વકર્મનો વિચાર; બધે આ રીતે જ વિચારવું જોઈએ. સાસુ-વહુ, બાપ-દીકરો કે પતિ-પત્ની હોય પત્ની વિચિત્ર મળી હોય તો પતિએ પણ એ જ વિચારવું કે મેં ગરબડ કરી છે, માટે મારી સાથે આવું થયું. અહીં ભૈમીએ વિચાર્યું પતિનો આદેશ શિરસાવંદ્ય છે ને કુંડિનપુરવાળા રસ્તે પ્રયાણ આદર્યું.

***સભા : નળ-દમયંતી આ રીતે રાજપાટ છોડી જંગલમાં જવા માટે તૈયાર કેવી રીતે થયા ?***

છ ખંડના સ્વામી ચક્રવર્તી દીક્ષા લેવા તૈયાર થાય ને ? ૧૦ પાના ભરાય તેટલી સમૃદ્ધિનો માલિક હોય તે દીક્ષા લઈને એક ઝુંપડા જેવા ઘરમાં રોટલાનો ટૂકડો લેવા જાય કેવી રીતે ? ધર્મ હૃદયમાં સ્પર્શે તો આવું પણ કરી શકે તેમ આ લોકો પણ ધર્મ પામેલા છે. સંસાર અસાર જ છે, છૂટતો નથી એ નબળાઈ છે એવું દઢ છે મનમાં, માટે કોઈ પણ હલચલ મચે તો તરત સાવધ થઈ શકે. ઉચ્ચ ધર્મ ભલે એમના જીવનમાં દેખાતો નથી, છતાં આંતરિક ધર્મની આ તાકાત છે.

*સભા : સ્વયં છોડે ને છૂટી જાય એમાં ફરક ન પડે ?*

હા, વસ્તુ અચાનક છૂટી જાય ત્યારે ઝાટકો વાગે પણ એટેક ન આવે, ડિપ્રેશનમાં ન આવે, કોઈ અનુચિત રસ્તો ન અપનાવે, ધર્મ જ એક એવી તાકાત છે જે બધેથી બચાવી શકે. સંસાર તો સ્થિર નથી, તેથી સ્વસ્થ રહેવા માટે ધર્મનું જ ટોનિક જોઈએ.

*સભા : નળ કેમ સસરાના ઘેર ન ગયા ?*

સંસારનો રાગ છે પણ સંસારના ગુલામ નથી. ભોગોનો ત્યાગ કરવાની કેપેસિટી નથી પણ ભોગોની ગુલામી નથી. ભોગોના ગુલામને એવો રસ્તો અપનાવ્યા વગર છૂટકો નથી, આ તો સાત્ત્વિક પુરુષો છે એ એવી દીનતા ન બતાવે. શ્રીપાળને માંડ રાજ્ય મળ્યું હતું, વર્ષો પછી શાંતિથી રહેવાના દિવસો આવ્યા હતા પણ જ્યાં સાંભળ્યું છે 'આ આપણાં રાજાના જમાઈ છે' તો પહેરેલા કપડે ત્યાંથી નીકળી ગયા. આ લોકો ભોગોને ભોગવતા ભોગો તેમને નહોતા ભોગવતા. તમે લોકો ભોગોના ગુલામ છો માટે એક ચીજ હલે તો બેચેન થઈ જાઓ છો.

## શીલધર્મના ચમત્કારો :

દમયંતીએ સવારે આવેલું સ્વપ્ન વિચાર્યું કે વૃક્ષ તે નળરાજા, ફળફૂલ તે રાજ્યને ભોગસુખો, હાથી એ કર્મ, તેણે ફેંકી દીધી, પતિનો વિયોગ કરાવ્યો, ઘણું દુ:ખ થયું હોવા છતાં પોતાનાં કર્મનો વિચાર કરી સ્વસ્થ બની. શીલ પણ બચાવવું છે ને જીવનને'ય કોઈ નુકસાન નથી થવા દેવાનું માટે કાળજી લેવા પૂર્વક આગળ વધી. ગ્રન્થમાં લખ્યું છે કે

**''नालाक्षराणि पश्यन्ती पार्श्वे नलमिव स्थितम् ।।''**

દમયંતી નળના અક્ષરોને બાજુમાં રહેલા નળની જેમ જુએ છે. ખરેખર વર્તમાનમાં શિષ્યનું ગુરુ પ્રત્યે પણ આવું સમર્પણ અઘરું છે. આ રીતે જંગલમાં એકલી સ્ત્રીને મૂકી દેવા છતાં લેશમાત્ર અણગમો તો નથી થયો, ઉલ્ટાનું એના આદેશને સર્વશ્રેષ્ઠ પ્રમાણભૂત માનીને પિતાના ઘેર જવા માટે પ્રયાણ આદર્યું છે. માર્ગમાં વાઘ-સિંહ વિગેરે અનેક જંગલી પ્રાણી મળ્યા. દમયંતીને ફાડી નાંખવા

માટે તૈયાર થઈ ગયા પણ એની નજીક આવી શકતા નથી. જંગલી પશુઓ પણ કંઈ ન કરી શક્યા અને બીજા'ય કોઈ ઉપદ્રવો ન થયા.

**''सर्वत्र कुशलं तासां स्त्रीणां याः स्युः पतिव्रताः ।।''**

જે સ્ત્રીઓ પતિવ્રતા છે તેને મહેલ કે જંગલ બધે કુશલ છે. આજે એનાં જ ફાંફાં છે. માટે પ્રોબ્લેમોની વણઝાર છે. સાંજ પડી, રાત્રિ રોકાવાનો વિચાર કર્યો ત્યાં ચહલપહલ દેખાય છે, તેમાં કોઈ સાર્થને જોયો. સાર્થની છાવણીમાં પહોંચી ત્યાં તો સમસ્ત સાર્થને ચોરોએ ઘેરી લીધો. લોકો ગભરાઈ ગયા. દમયંતીએ શીલધર્મ અને પુણ્યના પ્રભાવે પોતાનું કપાળ લૂછ્યું, તેના પ્રકાશથી રાત્રિનો દિવસ થયો ને પછી રાડ પાડી, નક્કી દેવીનો પ્રકોપ થયો છે એમ સમજી, ગભરાઈ ને ચોરો ભાગી ગયા. સાર્થ ખુશ થયો કે અમારા પુણ્યથી ખેંચાઈને કોઈ દેવી અમારું રક્ષણ કરવા આવી છે. સાર્થવાહે એને માતાતુલ્ય માનીને જંગલમાં પરિભ્રમણનું કારણ પૂછ્યું. એણે પોતાની અથથી ઇતિ સુધી સઘળી વાત કરી. સાર્થનાથ પણ ગળગળો થઈ ગયો. અતિ આદરપૂર્વક સાર્થ સાથે રહેવાની વિનંતિ કરી. રાત્રે ત્યાં રોકાઈ. ત્રણ દિવસ અનરાધાર વરસાદ વર્ષ્યો ત્યાં સુધી રોકાઈ પછી રાત્રે જ દમયંતી સાર્થ છોડીને એકલી નીકળી ગઈ. માર્ગમાં રાક્ષસી નામની વિદ્યા સિદ્ધ કરી હોય તેવો રાક્ષસ વિદ્યાધર મળ્યો. 'ઘણા દિવસો પછી મને ભક્ષ્ય મળ્યું છે, હવે હું તને ખાઈ જઈશ,' રાક્ષસ બોલ્યો. ત્યારે દમયંતીના જે શબ્દો છે તે અંતરમાં કોતરી દેવા જેવા છે.

**''जातस्य हि ध्रुवं मृत्युरकृतार्थस्य मृत्युभीः ।**
**आजन्म परमार्हत्याः कृतार्थायास्तु सा न मे ।।''**

**જેનો જન્મ છે તેનું મૃત્યુ નિશ્ચિત છે ને જેણે આત્મકલ્યાણના કાર્યો ન કર્યા હોય તેને મરવાનો ભય હોય. મેં જીંદગીમાં અરિહંતને જ દેવ તરીકે માન્યા છે, સુગુરુને જ ગુરુ માન્યા છે અને વિશુદ્ધ શીલના પાલન સ્વરૂપ પરમાત્માનો ધર્મ સ્વીકાર્યો છે માટે મને મૃત્યુની ચિંતા નથી.** જંગલમાં એકલી સ્ત્રી આવા પરિણામ કેળવી શકે તે પ્રભાવ એની શીલસંપન્નતાનો છે. ભૈમીની ધીરતા જોઈને રાક્ષસ ખુશ થઈ ગયો કે 'તારા જેવીને

અભયદાન નહીં આપીને મારે ક્યાં જવું છે ? હવે બોલ ! તારો હું શું ઉપકાર કરું ?' 'તમે ઉપકાર કરવા માંગતા જ હો તો કહો ! પતિનું મિલન ક્યારે થશે ?' રાક્ષસે કહ્યું - બાર વર્ષે પિતાના ઘેર જ પતિનું મિલન થશે, પછી કહે છે - તારે જંગલના કષ્ટો સહવા ન પડે માટે ક્ષણાર્ધમાં પિતાના ઘેર મૂકી દઉં, તારી રજા હોય તો ! આ કહે-મૃત્યુ મંજૂર છે, પરપુરુષનો સ્પર્શ નામંજૂર છે.

આજે કેવી ભયંકર સ્થિતિ છે ! આજે તો આવી વાત સ્વપ્નમાં પણ ન બેસે. એવું વિકૃત માનસ થઈ ગયું છે. કારણ કે, ઇન્દ્રિયના વિષયો ખતરનાક છે એમાં તમારી વર્તમાન જીવનશૈલી અને ભયંકર બરબાદી સર્જે, માનસને વિકૃત બનાવે તેવા સાધનો, આનાં કારણે વિકૃતિએ માઝા મૂકી છે, જેનું પરિણામ આજે દેખાઈ રહ્યું છે. ૫૦ વર્ષ પૂર્વેની સાત્ત્વિકતા ને એની સામે આજના લોકોની માયકાંગલાવૃત્તિ ! આર્યદેશના દેશભક્ત ઉધમસિંહે ઇંગ્લેન્ડ જઈ જલિયાવાલાનો હત્યાકાંડ કરનાર જનરલ ડાયરને મારી નાખીને ભાગ્યો. દરવાજે સ્ત્રી આવીને ઉભી રહી, ત્યારે મરવાનું મંજુર કર્યુ પણ સ્ત્રીનો સ્પર્શ ન કર્યો. જ્યાં જ્યાં જેટલી જેટલી મર્યાદા ચૂકાઈ તેટલા તેના માઠા પરિણામ સૌ કોઈ અનુભવી રહ્યા છે. પ્રામાણિકતા, સાત્ત્વિકતા, સજ્જનતા વિગેરે ગુણો જવ્વલે જ જોવા મળે.

## મહાસતી દમયંતીના વિશિષ્ટ અભિગ્રહો :

દમયંતીની વાત સાંભળીને રાક્ષસ વધુ સંતુષ્ટ થયો ને પોતાના સ્થાને ગયો. દમયંતી પોતાના સતીત્વને વધુ સુદઢ બનાવવા માટે પતિના બાર વર્ષના પ્રવાસ નિમિત્તે વિવિધ અભિગ્રહો - નિયમો લે છે : રંગીન વસ્ત્રો પહેરીશ નહીં, સુગંધી દ્રવ્યોનો ઉપયોગ કરીશ નહીં, કોઈ પણ પ્રકારના અલંકારો ધારણ કરીશ નહીં, તાંબૂલ વિગેરે ટેસ્ટી, શોખ માટેની ચીજો વાપરીશ નહીં અને છ એ છ વિગઈનો પણ ત્યાગ કરીશ ! તમને લોકોને નહીં બેસે આ બધી વાતો ! આ તો પિતાના ઘરે જ રહેવાની છે, બાર વર્ષે નક્કી પતિ મળવાનો છે, પોતાના શીલનો ફૂલ કોન્ફિડન્સ છે, છતાં આવા નિયમો લીધા છે; તમને તો પાકી ખબર છે કે સ્વર્ગસ્થ થયેલા પતિ પાછા આવવાના જ નથી તો આવા નિયમો હોય કે નહીં ? ના, હવે તો ઉલટું કરવાનું ને ? પહેલાં જે ઘરેણાં કદાચ ન પહેરતા હોય એ

પછી પહેરવાનાં, પૂર્વે જેવા રંગીન વસ્ત્રો ન હોય તેવા પતિ ગયા પછી હોય, ઘણી વાર તો ખબર જ ન પડે કે આ સધવા છે કે વિધવા ? મનના ભાવોની નિર્મળતા આ રીતે ટકે ? આ બધી સતીઓ નહીં મહાસતીઓ છે માટે જ એમના પવિત્ર નામો શાસ્ત્રના પાને નોંધાયા છે અને વિશિષ્ટ આચાર્યભગવંતો પણ પ્રતિદિન પ્રાતઃ સમયે એમના નામ સ્મરણ કરે છે. ખરેખર જેને પોતાના જીવનને નિર્મળ ટકાવી રાખવું છે, મન અને તનને પવિત્ર રાખવું છે તેણે જીવન જીવવામાં વિશેષ કાળજીઓ લેવી જોઈએ. મહાસતીઓના ચરિત્ર સાંભળી તેમને યથાશક્તિ અનુસરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## ધર્મીનો સંગ ધર્મી બનાવે :

વર્ષાઋતુ આવી છે. વરસાદના કારણે માર્ગો કાદવ-કીચડવાળા હોય તેથી ચલાશે નહીં. હવે જંગલમાં ચાર મહિના પસાર કરવાના છે માટે દમયંતી એક ગુફામાં ગઈ. ત્યાં માટીમાંથી શાંતિનાથ ભગવાનની મૂર્તિ બનાવીને રોજ ત્રિકાળ પૂજા કરે છે. એને જંગલમાં'ય ભગવાન વિના ન ચાલે ને તમે જાણી જોઈને એવી જગ્યાએ ફરવા જાઓ કે જ્યાં ભગવાન ન હોય ! દમયંતીનું આવું આલંબન લઈને ઘણાં કહે - દમયંતીએ ક્યાં અંજનશલાકા કરાવી હતી ? જ્ઞાની કહે છે - એ અપવાદે છે, ત્યાં અંજનશલાકાની વિધિ શક્ય નથી પણ જેને શક્યતા છે છતાં વિધિની ઉપેક્ષા છે તો ફળ નહીં મળે. દમયંતીએ જેટલી વિધિ શક્ય છે તેટલી કરી છે, તમે શક્ય તેટલી વિધિનું પાલન કરો તો ફળ મળે. આ પ્રભુભક્તિની સાથે ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમ વિગેરે તપ કરે છે અને તપનાં પારણે અચિત્ત ફળોથી આહાર કરે છે. એને ભગવાન મળ્યા એટલે જાણે બધું મળી ગયું. પ્રભુભક્તિમાં આનંદથી દિવસો પસાર કરે છે.

આ બાજુ સાર્થવાહે પણ સવારે દમયંતીને જોઈ નહીં માટે એની ચિંતા કરતો એના પગલે-પગલે તે ગુફામાં આવ્યો ને પ્રભુપૂજા કરતી, ક્ષેમ-કુશલ વર્તતી તેને જોઈને ખુશ થયો ને પૂછયું કે કોની પૂજા કરો છો ? દમયંતીએ એવી રજૂઆત કરી, પ્રભુની એવી ઓળખ આપી કે સાર્થવાહ સમ્યગ્દર્શન પામી ગયો ! જાણે સમ્યગ્દર્શનની પ્રભાવના કરવા ન નીકળી હોય તેમ જે એનાં સંપર્કમાં આવે તેને

સમ્યગ્દર્શનની ભેટ આપે છે. ત્યાં નજીકમાં કેટલાંક તાપસો રહેલા હતા. વીજળીના ભયંકર અવાજો સાથેનો ધોધમાર વરસાદ થવાના કારણે ગભરાઈને એ તાપસો દમયંતીની ગુફા પાસે આવ્યા. દમયંતીએ એમને નિશ્ચિંત બનાવીને એક કુંડાળું બનાવ્યું ને સતીઓમાં અગ્રેસર એવી એ બોલી - જો હું સતી હોઉં, જો હું પરમશ્રાવિકા હોઉં ને જો મારું મન અરિહંત પરમાત્મામાં સ્થિર હોય તો આ કુંડાળાને છોડીને અન્યત્ર વરસાદ વરસો ! એનાં સતીત્વના પ્રભાવે કુંડાળા ઉપર જાણે છત્ર થઈ ગયું, ચારે બાજુ ધોધમાર વરસાદ અને કુંડાળામાં એક ટીંપુ પાણી નહીં. દમયંતીના પ્રભાવથી અને સંગથી ૫૦૦ તાપસોએ પણ પોતાનો ધર્મ છોડી જૈનધર્મ અંગીકાર કર્યો. સાર્થવાહે ભૈમીના ગુણોથી આકર્ષાઈને ત્યાં જ તાપસપુર નામનું નગર વસાવ્યું. અનેક લોકો તે નગરમાં રહેવા આવ્યા. શ્રી શાંતિનાથ ભગવાનનું જિનાલય બનાવ્યું. બધા જ લોકો ત્યાં પ્રભુના ધર્મમાં તત્પર થયા. એક ધર્મી આત્મા અનેકને ધર્મી બનાવી શકે, જો પોતાનામાં તાત્ત્વિક ધર્મ સ્પર્શ્યો હોય તો. સતી દમયંતી આગળ કેવી રીતે સમય પસાર કરે છે તે અવસરે...

# પ્રવચન-૮

અનંતોપકારી અનંતજ્ઞાની ત્રણલોકના નાથ પરમતારક પરમાત્માનું શાસન આપણા પ્રકૃષ્ટ પુણ્યોદયે આપણને મળ્યું છે. ભગવાને પોતાના સર્વજ્ઞપણામાં જોઈને, જેનાથી ચડિયાતી બીજી કોઈ ચીજ નથી બતાવી તેવું શાસન, તેવો ધર્મ જાણવા, સમજવા અને આરાધવા મળ્યો, આનાથી અધિક પુણ્ય બીજું કયું હોઈ શકે ? જ્ઞાનીની દૃષ્ટિએ ધર્મ જેવી શ્રેષ્ઠ કોઈ ચીજ નથી. આપણી પુણ્યની દૃષ્ટિ સ્થુલ છે માટે સામગ્રીની પ્રાપ્તિમાં જ પુણ્ય દેખાય છે. વાસ્તવિક પુણ્યની તો એ છે કે તમામ ભોગોથી છૂટા થવું. છૂટા થવામાં હાલ દુ:ખ એટલા માટે અનુભવાય છે કે ખોટી ટેવ પાડેલી છે. છોડતાં તકલીફ તો જ પડે જો આદત પાડેલી હોય. એ ચાહે ચા, સીગરેટ, દારૂ કે સંસાર, આદત એ આદત, વ્યસન એ વ્યસન, છોડાવાની પ્રોસેસમાં તકલીફ તો પડવાની જ પણ છૂટી ગયા પછી સ્વાધીન સફર ! વ્યસનથી છૂટવાની તમન્નાવાળાનું માનસ કેવું હોય, તે વિચારવા માટે જ નળ-દમયંતીચરિત્ર સાંભળવાનું છે. તે લોકોએ કઈ પરિસ્થિતિમાં કયો રસ્તો અપનાવ્યો તે સમજાય તો પ્રેક્ટિકલ જીવનમાં અપનાવી શકાય માટે જ સાંભળો છો ને ? બાકી નોવેલની જેમ નથી સાંભળવાની, સસ્પેન્સ રહે, મઝા આવે તે માટે નહીં સાંભળતાં પરંતુ એમના જીવનમાં એમણે અનુભવેલા સારાખોટા કાર્યના સારાનરસા પરિણામનો વિચાર કરી, સારું અપનાવવા માટે અને ખોટું છોડવા માટે સાંભળજો.

### તત્ત્વ પામો ન્યાલ થઈ જશો :

આપણે ગત રવિવારે જોયું કે દમયંતી એકલી જંગલમાં છે. કેટલી વાર જંગલી પ્રાણિઓ, રાક્ષસો આવ્યા, મોત નજર સામે દેખાય છે, છતાં રૂંવાડું'ય નથી ફરક્યું ! તમને ડૉક્ટર કહી દે કે કેન્સર છે તો ટેન્શન થાય કે અત્યાર સુધી

કેવી રીતે મરવાનો એ ખબર ન હતી; હવે ખબર પડી ગઈ.

***સભા : રક્ષાનો પ્રયત્ન તો કરવાનો ને ?***

ઓઢીને સૂઈ જવાનું નથી કહેતો પણ રડવાનું તો બંધ કરો !

***સભા : એના જેવું સત્ત્વ નથી.***

એના સત્ત્વનું મૂળ શું હતું ? અરિહંતની સેવિકા છું એ એનાં સત્ત્વનું મૂળ હતું. પૈસો પાપ છે, કમાવાની અમે ના પાડીએ તો'ય બજારમાં જાઓ ને ? તેમ સત્ત્વ જોઈએ છે તો અરિહંત પાસે જવું પડે, અરિહંતના સેવક બનવું પડે. એમને એમ આકાશમાંથી કંઈ નથી આવતું સત્ત્વ ! ભગતસિંહમાં કેવું સત્ત્વ ! હસતાં મોંઢે ફાંસી લીધી, કેમ કે કાંઈ જોઈતું નથી. સત્ત્વશાલી એ જ હોય, જેને કાંઈ જોઈતું નથી. જેને કાંઈ જોઈએ છે, તેને માયકાંગલા બનવું જ પડે. દમયંતી જંગલમાં રહીને પણ અનેકને દેવ-ગુરુ-ધર્મનું તાત્ત્વિક સ્વરૂપ સમજાવી શ્રાવકધર્મ પમાડે. તમને કોઈ પૂછે-તમારા દેવ કયા ? ગુરુ કયા ? ને ધર્મ કયો ? તમે શું કહો ? દહેરાસરમાં છે તે ભગવાન, સફેદ કપડાં પહેરે તે ગુરુ ને ધર્મ કયો ? ભગવાન જાણે... આજે તમે જૈનત્વ ખલાશ કરી દીધું છે. જૈનો નવરાત્રીમાં ડાંડિયારાસ રાખે ? તમે તો એનેય ધર્મ કહેશોને ? કમનસીબ છો ! જ્યાં ગલીએ ગલીએ દહેરાસર હોય ત્યાં જૈનો ડાંડિયારાસ રાખે ! આ જૈનોને બાજુમાં મવાલી, કંદમૂળ ખાનાર આવે તો ચાલે અને જે પરમપવિત્ર જીવન જીવનારા છે, જેને એક પણ પ્રકારનું વ્યસન નહીં જે ક્યારેય નાની પણ ચીજ જ્યાં ત્યાં ફેંકવાના નથી તેવા સાધુ બાજુમાં આવે તો ન ફાવે ને ? માટે લાગે કે હવેના જીવોને પાપ બાંધવા માટે જૈનત્વ મળ્યું છે. ઘણું પાપ બાંધવું હોય તો'ય સારા સ્થાને જવું પડે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય નરકગતિમાં ન જાય, કેમ કે તેની પાસે એટલી કેપેસિટી નથી, પાપ કરવાની મેક્સિમમ કેપેસિટી મનુષ્ય પાસે છે. આ દમયંતીએ ધર્મ સમજાવ્યો એટલે શું સમજાવ્યું હશે કે સાર્થવાહ વિગેરે ટોચના ધર્મી બની ગયા.

***સભા : એ સ્વયં પામેલી હતી ને ?***

હા, એ પામેલી હતી માટે જ સમ્યગ્દર્શનની પ્રભાવના કરે છે. જૈનધર્મનું તાત્ત્વિક નોલેજ એની પાસે છે, તમારી મહાકમનસીબી હોય તો એ જ છે કે

તમે પ્રભુના તત્ત્વથી અજાણ છો !! નાનો બાળક જેમ નોટોના બંડલ છોડીને બે રૂપિયાનાં રમકડાં પાસે જાય તેમ તમે ટોચના ધર્મને છોડીને જ્યાં ત્યાં ભટકો છો. બહુ બહુ તો કદાચ વ્યાખ્યાન સાંભળો પણ વ્યાખ્યાનમાં અમે બહુ સૂક્ષ્મ પદાર્થ પીરસી નથી શકતા, કેમ કે વ્યાખ્યાનમાં બાળમંદિરથી માંડીને ડિગ્રીધારી સુધીના વિદ્યાર્થીઓ હોય, એમાં મોટાભાગનાં પ્રમાદી હોય, ઘરે જઈને લેશન ન કરે, પાછા કેટલાંક વંઠેલ હોય કે સ્ટોરી ન કહો તો આવે જ નહીં ને પાછું ચાર મહિને અમારે જવાનું હોય માટે પ્રભુનું તત્ત્વ પામવાની ઇચ્છા હોય તો ૧-૨ વર્ષ કાઢો. ખરેખર એકવાર આ તત્ત્વ પામવાનું કામ કરશો તો કોન્ફિડન્સ સાથે કહું છું, ન્યાલ થઈ જશો. તમે લોકો થોડા માટે ઘણું ચૂકી જાઓ છો તેથી ચિંતા થાય છે, દયા આવે છે કે ઉત્તમ કક્ષા સુધી પહોંચવાવાળા કીડી-મંકોડા બનવાના રસ્તે જઈ રહ્યા છે ! થોડા સમજુ બનો, વિચારક બનો, પ્રભુએ આપેલા સિદ્ધાંતો સમજવાની કોશિશ કરો ! આ સિદ્ધાંતો એવા છે કે તેને પામીને આત્મા, પરમાત્મા બની શકે. આ સનાતન સિદ્ધાંતોને અનુરૂપ જે જીવ્યા તેને શું લાભ થયો અને જેણે ગરબડ કરી તેની શી હાલત થઈ એ વર્તમાન જગતને પણ આંખ ખોલીને જોઈએ તો દેખાય.

## ...આ પ્રભુનો સિદ્ધાંત :

દમયંતીને અપાર કષ્ટો સહવાના આવ્યા છે છતાં મનમાં વેદના નથી, મુખ ઉપર દીનતા નથી. વાર્તાઓ આપણે સાંભળી જઈએ છીએ પણ સાંભળીને આપણા જીવન સાથે ટેલી કરવી જોઈએ. એક ચીજ હલે ને ઉંઘ ઉડી જાય છે, નાની ઘટના બને ને બેચેન બની જઈએ, આમને એક ઝાટકે રાજ્ય-સંપત્તિ ગઈ, ક્યાં રહેવું, ખાશું શું તેનો પણ પ્રશ્ન છે છતાં દીન નથી બન્યા; કેમ કે સમજ ક્લિયર છે કે સંસારમાં ઘટનાઓ બનતી જ રહેવાની, તેને કંટ્રોલમાં લાવવાની તાકાત નથી ને કંટ્રોલ લાવવા મથીએ છીએ માટે પીડાઈએ છીએ. બહાર ચેન્જ લાવવાની, ઘટના બદલવાની માનસિકતા અનાદિકાળથી છે. એનાથી થતી પીડાનો અંત લાવવા પ્રભુએ સિદ્ધાંત આપ્યો-ઘટના બદલવાની તાકાત તારા હાથમાં નથી, તેમાં તારે શું કરવું તે તારા હાથમાં છે, એ વિચાર ને તે મુજબ કરવા

લાગ. ૨૪ કલાક આપણાથી સારું થવું જે શક્ય હોય તે કરવું એ પ્રભુનો સિદ્ધાંત છે અને આપણો સિદ્ધાંત ? ૨૪ કલાક કોણે શું કરવાનું, એ વિચારવું.

*સભા : પરિવારમાં તો વિચારવું જ ન પડે ?*

મટકી ફોડવાવાળાનું ગ્રુપ ભેગું થાય એ શું કરે ? દરેક પોતપોતાના સ્થાને બરાબર ઉભા રહે. જો એ ત્યાંથી ખસી બીજાને સલાહ આપવા જાય તો શું થાય ? મટકી, મટકીના ઠેકાણે રહે ને બધા પડે ! ગૃહસ્થજીવનમાં નાનપણમાં મટકી ફોડતા જોયા છે, ૧ મિનિટમાં જ કામ પૂરું, તેમ તમારે પણ મટકી ફોડવી છે અર્થાત્ પરિવારને કો'ક લક્ષ્ય સુધી પહોંચાડવો છે તો તમારે યોગ્ય જગ્યાએ ઉભા રહેવું. કોણ ક્યાં ઉભો રહે છે તેની પંચાતમાંથી ઉંચા નથી આવતા માટે સફળ નથી બનતા; બાકી એક વ્યક્તિ પ્રોપર કામ કરે તો બધું સીધું થઈ જાય. રામે એકે પ્રોપર કામ કર્યું તો જે જગ્યાએ ભયંકર યુદ્ધ-ઝઘડા થવાની શક્યતા હતી ત્યાં બધાનો પ્રેમ વધ્યો. કૈકેયી રામને પાછા બોલાવવા માટે જંગલમાં ગઈ તે વખતે રામ કહે છે - તારો દીકરો બોલીને ફરી જાય તેવો ગમશે ? 'તારો દીકરો' કહે છે, કોને ? કૈકેયીને ! એક વ્યક્તિનો આનંદ ન ટકે તેવી ઘટનામાં બધાને આનંદ છે, કારણ ? દરેકે પોતાનું કર્તવ્ય વિચાર્યું માટે. અહીં દમયંતીને નળના કારણે જંગલમાં જવું પડ્યું છતાં નળ પ્રત્યે નામનો'ય વિકલ્પ નથી થયો, અણગમો કે અભાવ નથી થયો. પ્રભુનો સિદ્ધાંત હૈયે સ્થાપ્યા વિના આ શક્ય નથી. શું છે પરમાત્માનો સિદ્ધાંત ? મારા પતિ ગુનેગાર નથી, મારા કર્મો ગુનેગાર છે ને નળ શું વિચારે ? મેં ગરબડ કરી માટે આ પ્રોબ્લેમ આવ્યો, મેં એને હેરાન કરી. અહીં દરેક પોતાનામાં જ વિચારે. **સ્વકર્તવ્યનો વિચાર કરવો એ ધર્મ અને પરકર્તવ્યનો વિચાર કરવો તે સંસાર. સ્વની તકલીફમાં પોતાનાં કર્મોને ગુનેગાર ગણવા અને પરને આપણાં તરફથી પડતી તકલીફમાં પોતાની ભૂલનો વિચાર કરવો આ પ્રભુનો સિદ્ધાંત છે.**

## ક્રોધનો વિપાક ! :

દમયંતી ગુફામાં રહીને પણ કુલપતિ અને તેમના શિષ્યોને સમ્યગ્દર્શનની ભેટ આપે છે. અમારી શ્રાવિકાની પણ આટલી તાકાત હોય છે, આ દમયંતીએ

સ્વયં નિષ્ઠાપૂર્વક તત્ત્વ ગ્રહણ કર્યું છે, એને પચાવ્યું છે, પોતાના જીવનમાં હૃદયસ્થ બનાવ્યું છે, માટે એનાથી આવો જબરદસ્ત વિનિયોગ થઈ રહ્યો છે. હવે બાજુના પર્વત ઉપર એક વખત ઉજાસ-ઉજાસ થયેલો જોઈને દમયંતી બધાને લઈને ત્યાં જાય છે. પર્વત ઉપર એક મહાત્માને કેવળજ્ઞાન થયું છે તેનો મહોત્સવ ચાલુ છે. કેવળજ્ઞાની ભગવંતની દેશના શરૂ થઈ. દમયંતી સહિત બધા જ દેશનામાં જોડાયા. ગુરુભગવંત દેશનામાં દમયંતીની પ્રશંસા કરે છે કે એણે તમને જે ધર્મ બતાવ્યો એ જ ધર્મ શ્રેષ્ઠ છે. આ મહાસતી છે. જન્મથી માંડીને પરમશ્રાવિકા છે. આ વાત ચાલી રહી છે ત્યાં જ એક દેવ આવે છે અને દમયંતીના પગમાં પડે છે ને પોતાના પૂર્વભવની વાત કરે છે :

હું આ જ કુલપતિનો શિષ્ય પંચાગ્નિ તપ કરતો હતો. પંચાગ્નિતપ = ચારે બાજુ અગ્નિ અને ઉપરથી સૂર્યનો તાપ, એમ પાંચ બાજુથી તાપ સહન કરવાનો. આટલું કષ્ટ વેઠતો હતો માટે આમ જોઈએ તો કેવી નિર્જરા કરતો હતો પણ તેને ભયંકર ગુસ્સો આવ્યો, કેમ કે આ કરીને એને માનપાન જોઈતું હતું પણ એની નજીક કોઈ આવતું નથી, પ્રશંસા કરતું નથી માટે ગુસ્સો આવ્યો. ઘણાંની ફરિયાદ હોય છે કે મારી કોઈને પડી નથી, મારો કોઈ ભાવ પૂછતું નથી પણ તારી કેમ નથી પડી, એનાં કારણમાં તો જા. પત્ની કહે-પતિને મારી પડી જ નથી, કેમ ? અંદરના પરિણામો તપાસવા પડે ને જાત જોવી પડે. આ તાપસને ગુસ્સો આવ્યો ને ભાગ્યો. અંધારામાં અથડાયો ને બધા દાંત પડી ગયા. એની ભયંકર વેદના થઈ, એનાં પછી ૭ દિવસ જીવ્યો તો'ય કોઈ ખબર લેવા ન આવ્યું માટે એમના ઉપરના રોષમાં ને રોષમાં મર્યો, મરીને સાપ થયો. અંદરના પરિણામ ન બગડે તેટલી તો કાળજી લેવી જ જોઈએ. બહારનું સારું શક્તિ મુજબ થવાનું, તે કંટ્રોલમાં નથી, કર્મ મુજબ થશે. ઇચ્છા તો એવી જ હોય કે દુનિયામાં બધું સારું કરી દઈએ પણ એવું ન કરી શકીએ તો'ય આપણું અંદરનું ન બગડે તેની કાળજી રાખવાની.

આ તાપસ ક્રોધમાં મરીને સાપ થયો. દમયંતીને ડંખવા જતો હતો ત્યારે દમયંતીએ નવકાર મંત્રનું સ્મરણ કર્યું., એના પ્રભાવે દમયંતીની નજીક ન આવી

શક્યો ને એક વખત તાપસોને દમયંતી ધર્મ સમજાવતી હતી તે સાંભળીને આ સાપને જાતિસ્મરણજ્ઞાન થયું, પૂર્વભવ દેખાયો, પશ્ચાત્તાપ થયો, વૈરાગ્યગુણ પ્રગટ્યો, અણસણ કર્યું, મરીને દેવ થયો. તીવ્ર તપ તપ્યો તો મરીને સાપ ને સાપના ભવમાં થોડો ધર્મ સ્પર્શ્યો તો દેવ ! તમે શું વિચારો છો ? પાંચ મિનિટના ધર્મથી અબજોના માલિક બનાતું હોય તો'ય મજૂરી કરવી છે ! કેટલાંક તો એવા સંપત્તિશાલી છે કે રાજા બની શકે, છતાં ભિખારી ના ભિખારી !! સંઘનો ખર્ચો એક કરોડનો હશે ? તો કેટલાંક એવા છે કે એ બધો લાભ લે તો'ય વધે. કમાણીમાંથી એક્સેસ રૂપિયા પણ દર વર્ષે વાપરે તો સંઘના રાજા ન બને ? છતાં ભેગા કરી કરીને એનું રક્ષણ કરવાનાં ટેન્શનમાં જીવવા સિવાય બીજું કાંઈ કરી શકો તેમ નથી. સાપ મરીને દેવ થયો તે હું જ છું. આજથી હું તારો ધર્મપુત્ર છું. હે દમયંતી ! તેં મને ધર્મ ન સમજાવ્યો હોત તો મારી કઈ ગતિ થાત ! પછી એ દેવે મરેલા સાપને વૃક્ષ પર લટકાવ્યો ને કહ્યું કે જે કોઈ ગુસ્સો કરશે એ આવો સાપ થશે. ક્રોધ કરે તેની આ હાલત થાય છે તેવી દુનિયાને ખબર પાડીને દેવ પોતાના સ્થાને ગયો.

### અહીં પેશન્ટ જ ડોક્ટર ! :

દેશનાને અંતે તાપસ કુલપતિએ કેવળજ્ઞાની ગુરુને કહ્યું - મને દીક્ષા આપો ! આ કહે - મારું આયુષ્ય ઓછું છે, મને પણ અહીં સુધી પહોંચાડનાર આ મારા ગુરુ તમને દીક્ષા આપશે. હવે કુલપતિ પૂછે છે કે આપે કેમ દીક્ષા લીધી ? ત્યારે કેવળજ્ઞાનીગુરુએ કહ્યું - હું દમયંતીના દેવર કૂબેરનો દીકરો છું. કેશરીરાજાની બંધુમતી નામની દીકરીને પરણીને જતો હતો ત્યાં માર્ગમાં આ યશોભદ્રસૂરિજીનો યોગ થયો. દેશના સાંભળીને મેં પૂછ્યું : મારું આયુષ્ય કેટલું છે ? ગુરુભગવંતે કહ્યું - પાંચ જ દિવસનું છે. હું ગભરાઈ ગયો, ત્યારે ગુરુએ કહ્યું-ગભરાવાની જરૂર નથી, એક દિવસની દીક્ષા પણ કલ્યાણ કરનારી થાય છે. ત્યારબાદ દીક્ષા લઈને અહીં ધ્યાનમાં રહેલા એવા મને કેવળજ્ઞાન થયું, આ વાત સાંભળીને દમયંતી કહે છે - મારા પર અનુગ્રહ કરી ભગવંત ! મને પણ દીક્ષા આપો ! ત્યારે ગુરુએ કહ્યું કે તારે એવું કર્મ હજુ બાકી છે, જેથી દીક્ષાની

હમણાં વાર છે. આવા દૃષ્ટાંતો લઈને ઘણાં આવું ફીટ કરીને બેઠા છે કે મારે ચારિત્ર મોહનીયકર્મ છે, તો પછી શરીર માટે પણ તમે આવું જ વિચારશો ને ? કોઈ દર્દીને ડૉક્ટરે કહ્યું કે હવે કાંઈ શક્ય નથી, ઘરે લઈ જાઓ. એ જોઈને તમે પણ નક્કી કરી દો કે મારામાં'ય હવે કાંઈ શક્ય નથી, બચવાનો રસ્તો નથી, ઘરે જતો રહું, એમ કહો છો ? 'ના' ને ! અહીં તો આ દૃષ્ટાંત સાંભળીને ઘણાં કહે - મારા નસીબમાં દીક્ષા નથી, જો હોત તો તમારી જેમ આવી જ ગયા હોત ! અમારે પેશન્ટ પોતે ડૉક્ટર બની જાય. તમને કોઈ જ્ઞાની ગુરુએ કહ્યું કે તમારા નસીબમાં દીક્ષા નથી ? ના, છતાં એવું બોલે ! આના બદલે હવે એવું બોલવાનું શરૂ કરો કે મારા નસીબમાં સંસાર નથી. દીક્ષાના નસીબ તો છે જ પણ ઇચ્છા થવી જોઈએ કે મારે દીક્ષા સુધી પહોંચવું છે.

અહીં ગુફાની અંદર પ્રભુની ભક્તિ કરતાં-કરતાં દમયંતીના ૭ વર્ષ પસાર થયા. એક વખત અચાનક અવાજ આવ્યો કે મેં તારા પતિ નળને ક્યાંક જોયા હતા. આ શબ્દો સાંભળીને સંભ્રમથી દમયંતી ઉઠી ને અવાજની પાછળ દોડી. ગુફાથી દૂર-સૂદૂર લઈ જઈને એ મુસાફર ક્યાંય અદૃશ્ય થઈ ગયો. દમયંતીને નથી એ મુસાફર દેખાતો ને નથી એ ગુફા દેખાતી. ઉભયથી ભ્રષ્ટ થયેલી દમયંતીનું આગળ શું થાય છે તે અવસરે...

# પ્રવચન-૯

અનંતોપકારી અનંતજ્ઞાની ત્રણ જગતના નાથ પરમતારક પરમાત્માએ આત્માને પરમાત્મા બનાવી દે એવો અદ્‌ભુત મોક્ષમાર્ગ બતાવ્યો છે. એકાન્તે વિશ્વનું ભલું કરનારા એવા મોક્ષમાર્ગના જે અનેક આરાધકો થઈ ગયા તેમની કથાઓ શાસ્ત્રોમાં લખાયેલી છે. એ વિશિષ્ટ આરાધકોમાંના જ એક આરાધક : નળ-દમયંતી, જેમનું ચરિત્ર દર રવિવારે હું બોલું છું, તમે સાંભળો છો, આપણે બંનેએ શક્તિ મુજબ જીવનમાં અપનાવવાનો પ્રયત્ન કરવાનો છે.

## એટમબોમ્બ કરતાં'ય સંસાર ખતરનાક ! :

ગયા રવિવારે આપણે જોયું કે કૂબેરના દીકરાને ગુરુભગવંતે કહ્યું - પાંચ જ દિવસ બાકી છે, એ સાંભળી દીક્ષા સ્વીકારી, પાળી, કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા.

***સભા : અમને કોઈ પાંચ દિવસ નથી કહેતું.***

તમારે તો પાંચ મિનિટ છે કે નહીં, એ'ય નક્કી નથી તો બોલો, શું કરવું છે ? ભગવાન કહે છે : "**समयं गोयम ! मा पमायए ।**" એક સમયનો પણ પ્રમાદ ના કર અને તમારે પાંચ દિવસની રાહ જોવી છે ? **એકવાર આ સંસાર ઓળખાઈ જાય તો તેના જેવી ખતરનાક ચીજ બીજી કોઈ નથી. એટમબોમ્બ જે નુકસાન ન કરે તે નુકસાન આ સંસાર કરે છે. એટમબોમ્બ એક ભવ મારે, શરીરને નુકસાન કરે અને આ સંસાર અનંતા મરણે મારે, આત્માને બરબાદ કરે, આત્મિક તાકાત ખતમ કરી નાંખે. સંસારનો રાગ એટલો ખતરનાક છે કે અનંતશક્તિના સ્વામીને માયકાંગલો બનાવી દે !** નળ-દમયંતી વિશિષ્ટ આરાધક હતા તેથી એક વાત એમના હૃદયમાં કોતરાયેલી હતી કે સંસાર ખતરનાક, સંસાર અસાર ! પણ છોડી

શકતા નહોતા, કેમ કે કર્મો તેવા પ્રકારના હતા. તે લોકોના કર્મો એવા છે એવી મહોરછાપ જ્ઞાનીઓએ મારી છે અને એ તો આટલા દિવસથી આપણે એમનાં જીવનના પ્રસંગો જોયા તે પરથી પણ ખ્યાલ આવે કે આ જીવો સંસારમાં રહ્યા નથી, કર્મે એમને રાખ્યા છે.

આપણે જોયું કે નળના વિરહમાં દમયંતીએ નિર્ણય કર્યો કે વિગઈ નહીં, આભૂષણ નહીં, અંગરાગ નહીં. શીલ જેને પ્યારું છે તેની આ નિશાની છે. આનાથી ઉલ્ટું જોવા મળે તો શું સમજવાનું ? જેણે પણ શીલની રક્ષા કરવી છે તેના આ રસ્તા છે. તેણે વિચાર્યું કે આ બધાથી મનમાં વિકાર જાગી શકે છે. જે સતી નહીં, મહાસતી છે, જ્ઞાનીપુરુષોએ જેની પ્રશંસા કરી છે, જેને નળ સિવાય કોઈનો'ય વિચાર જિંદગીમાં આવ્યો નથી તેવી વ્યક્તિ પણ નળની ગેરહાજરીમાં આટલી સાવધાની રાખે તો આપણે ? ખુલ્લેઆમ ભટકીને ગમે તેની સાથે વાતો કરવાની, ગપાટા મારવાના, ગમે તે વાંચવાનું, ટી.વી. ને મોબાઈલનો ગમે તેમ ઉપયોગ કરવાનો, પછી એ પવિત્ર રહે ? બહારથી વિકાર ન જાગે માટે ચોક્ખાઈ નહીં, શોભા નહીં, અલંકારો તો દૂર, રંગબેરંગી કપડા પણ નહીં અને અંદરથી વિકૃતિ ન જાગે માટે વિગઈ નહીં. ઉત્સર્ગમાર્ગે સાધુને એક પણ વિગઈ વાપરવાની છૂટ નથી, પછી શારીરિક બળ-માનસિક બળ ઘટી ગયું હોવાનાં કારણે ગુરુની રજાથી પ્રમાણોપેત વાપરે. આજે પણ જૈનશાસનમાં કેટલાંય મહાત્મા એવા છે કે મોટા ભાગે રોજ માટે આયંબિલ જ કરે, કેમ કે અંદર વિગઈ જાય તો વિકૃતિ જાગવાની તક છે.

આ સતી છે તો'ય ચિંતા કરે છે. આવી જે કોઈપણ સાવધાની છે એ આત્માને બચાવવા માટે છે. વૈરાગી એવા સાધુ માટે પણ ભગવાનની આજ્ઞા છે કે નવ વાડોનું પાલન કરવાનું વારંવાર સ્ત્રીને જોવી નહીં, એ બેઠી હોય ત્યાં બેસવું નહીં, એકાંતમાં સ્ત્રી સાથે વાત કરવી નહીં વિગેરે... આ બધું ઉંધું સ્ત્રીએ સમજવાનું છે. ગૃહસ્થજીવનમાં પણ બધી કાળજીઓ નથી લેવાતી ને બેફામ જે જીવે છે, અને વ્યભિચાર સેવે છે તે નપુંસક બનવું પડે તેવા કર્મો બાંધે છે માટે જીવને બચાવી લેવા ભગવાને આ બધી વ્યવસ્થા બતાવી છે, તેનું પાલન દરેકે સ્વશીલની રક્ષા માટે કરવું જોઈએ.

## સંબંધ કેવો બંધાય ? :

દમયંતી બધી જ પ્રકારની કાળજીઓ લેવાપૂર્વક ૭ વર્ષ પસાર કરે છે ને આપણે જોયું કે પતિદેવનો સંદેશ કોઈ લઈને આવ્યું છે એમ સમજીને ગુફામાંથી નીકળી ગઈ, કોઈ મળ્યું નહીં ને જંગલમાં અટવાઈ ગઈ. આવી પરિસ્થિતિમાં પણ શીલની જ ચિંતા, તમને શેની ? જે બહારની ચીજની ચિંતા કરે તેને તે ટકવાની નથી અને અંદરની ચીજની જેને ચિંતા છે એને બહાર-અંદર બધું જ ટકી જાય છે. બહારની ચિંતા કેટલી પણ કરો, આજ સુધી કોની ટકી છે બહારની ચીજ ? ઉલ્ટાનું જે લોકો એની વધુ ચિંતા કરવા ગયા તે સર્વથા તેનાથી ભ્રષ્ટ થઈ ગયા ! વર્ષોની મહેનત પછી ચૂંટાય, માંડ પ્રધાન બને ને સીટ પર બેસે તેની પહેલા મૃત્યુ આવી જાય ? છાપું વાંચો છો ને ? તો કાંઈ વિચાર નથી આવતો ? આના આધારે આખી જિંદગી હોડમાં ન મૂકાય. તમને સંશય પણ પડે કે પાંચ વર્ષ આ વ્યક્તિ સાચવશે ને પછી રૂપિયા કવર કરીને જતી રહેશે તો તેની સાથે સંબંધ રાખો ? તો સંસાર કેવો ? થોડા વર્ષ બરાબર લાગે ને પછી દગો આપીને ફેંકી દે નિગોદમાં, કીડી-મંકોડામાં, તો આવા સંસાર સાથે સંબંધ રખાય ? જે થોડા વર્ષ રહીને દગો જ આપવાની હોય તેની સાથે સંબંધ નહીં તો સંસાર કેવો ? તેને તો આપણાં પ્રત્યે પ્રેમ જ નથી. પૈસાને તમારો પ્રેમ છે ? તમને ગમે તેટલો રસ હોય પણ એ તમને છોડીને જવાનો જ છે તો રસ રખાય ?

***સભા : આ ભવ પૂરતો તો ટકશે ને ?***

આ ભવમાં પણ તે સુખ આપે છે ? બોલો, દુ:ખ આવે છે ને જીવનમાં ? શેમાંથી પેદા થાય છે દુ:ખ ? સંસારના પદાર્થોમાંથી જ ને ? સંસારના જે પદાર્થ સાથે સંબંધ નહીં, તેનું દુ:ખ થાય છે ? ના, તો જે નિયમા દુ:ખ આપે છે તેની સાથે સંબંધ બાંધવો તે મૂર્ખામી કે ડહાપણ ? તમારે વિરોધ કરવો હોય તો કરો, નહીં તો સ્વીકાર કરો. દાનો દુશ્મન સારો પણ કપટી મિત્ર નહીં સારો. સંસાર એ કપટી મિત્ર છે. એની સાથે સંબંધ બાંધવા ગયા તો બરબાદી સિવાય કાંઈ નહીં મળે.

***સભા : સંસારમાં બેઠા હોઈએ એટલે સંયોગ કરવા જ પડે.***

તો એવા સંયોગ કરો કે વિયોગ આવે જ નહીં.

***સભા : એવો ક્યો સંયોગ છે ?***

ભગવાનનો ! જેથી ક્યારે'ય પસ્તાવાનો અવસર જ ન આવે. રાગ કર્યા વગર નથી રહેવાતું તો ભગવાનનો રાગ કરો. આનંદઘનજી મહારાજા લખે છે :

**"ઋષભજિનેશ્વર પ્રીતમ માહરો ઔર ન ચાહું રે કંત..."**

કેમ ઋષભજિનેશ્વરને પ્રીતમ બનાવવાનો ? તો **"રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે..."** એનો સંગ કરવાની શરૂઆત કરી તો નિયમા વિયોગ ક્યારેય આવે જ નહીં; જ્યારે તમે એને છોડીને બીજા-બીજા જે સંબંધ બાંધો છો એમાં રડવું જ પડે.

***સભા : પ્યોરિટીનો અનુભવ નથી.***

હા, ભેળસેળીયું ખાધું છે. હવા-પાણી-ખોરાક, તમારું બધું ભેળસેળીયું માટે પરિણામ પણ ભેળસેળીયો, ભાવ ભેળસેળિયો ! ભેળસેળીયાને પ્યોરિટીનો અનુભવ ક્યાંથી થાય ? એના માટે ગુંડો = ભોગો, તેની સાથે સંબંધ તોડવો પડે.

***સભા : સાહેબ ! ગમે તેટલું સાંભળીએ, વિચારો બદલાતા નથી.***

તો આઈ.સી.યુ.માં એડમીટ થઈ જાઓ. દવાથી અસર નથી થતી તો ડૉક્ટરની નજર સામે રહો ૨૪ કલાક, તો યોગ્ય ટ્રીટમેન્ટ મળશે. કઈ દવા માફક આવે છે, કઈ દવાનું રીએકશન આવે છે, વાતાવરણની કેટલી અસર થાય છે, કેટલી શક્તિ આવી છે - બધું જ બરાબર કરીને છ મહિનામાં એવા સાજા કરી દેશે કે પછી કોઈ વિચાર ફરકી નહીં શકે.

## રાગના પ્રકારો :

દમયંતીના હૃદયમાં ધર્મ સ્થિર છે, ધર્મ પ્રત્યેનો વિશ્વાસ અતૂટ છે માટે જંગલમાં પણ ગભરાટ નથી, મરવાનો ભય નથી.

***સભા : દમંયતીને ૭ વર્ષ થઈ ગયા, છતાં નળ પ્રત્યે આટલો રાગ ?***

રાગ અંદર પડેલો તો હોય પણ તે ઘણી જગ્યાએ ફેલાઈ જાય તો દેખાય નહીં ને એક જગ્યાએ કેન્દ્રિત થયો હોય તો દેખાય. એક ડોલ પાણી આખા

હોલમાં ફેલાયેલું હોય તો ન દેખાય પણ ડોલમાં ભરેલું હોય તો દેખાય તેમ રાગને ફેલાવાના સ્થાન ઘણા હોય તો ન દેખાય, એક જગ્યાએ હોય તો દેખાય. ઘણાં કહેતા હોય છે કે સાધુપણામાં'ય કેટલી માથાકૂટ કરે છે, અમે'ય આટલી માથાકૂટ તો નથી કરતાં તો સાધુને કષાય તો છે જ પણ તે તમારાથી ૧૦ ટકા પણ નથી, તમારા ૧૦૦ ટકા છે પણ તમારે ચીજ ઘણી હોય, જગ્યા ઘણી હોય અને સાધુને એ જ ઉપાશ્રયની ચીજો હોય માટે 'અમે સારા' એમ બોલો તો તમે ખોટા છો, તમારા રાગાદિભાવો તો ક્યાંય સુધી ફેલાયેલા છે ! દમયંતીને'ય રાગ છે પણ જ્યાં-ત્યાં ભટકે નહીં માટે સ્થિર કર્યો છે. એનો મતલબ રાગ વધુ છે એમ નહીં કહેવાય. તમને એક મળી હોય, એ બાજુમાં જ હોય તો'ય મન બીજે જાય છે, નહીં તો ટી.વી. વિગેરે જોઈ જ કેવી રીતે શકો ? સતી સીતાને રામ સિવાય ચિત્તમાં'ય કોઈ નહીં અને એ દીક્ષાનો નિર્ણય કરે તો રામ મૂર્છા ખાઈને પડી જાય ! તમારે ? એક ગઈ તો બીજી ! માટે રાગની માત્રા વિગેરે સમજવું પડે. રાગ ચાર ક્વોલિટીવાળો છે : અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન.

**મોક્ષે જવાનું મન જ ન થવા દે તે અનંતાનુબંધી**

**મન થાય પણ પ્રયત્ન ન કરવા દે તે અપ્રત્યાખ્યાની**

**પ્રયત્ન કરે પણ એમાં વેગ ન આવવા દે તે પ્રત્યાખ્યાની**

**વેગ આવે પણ વચ્ચે ક્યારે'ક ધીમો પડી જાય તે સંજ્વલન**

દમયંતી જંગલમાં અટવાઈ ગઈ છે, અત્યંત વિલાપ કરે છે, મુક્તકંઠે રુદન કરે છે, ફરી સ્વસ્થ થઈને ગુફા તરફ જવા માટે પગરણ માંડ્યા ત્યાં એક રાક્ષસી મળી. તને ખાઈ જઈશ એમ કહે છે ત્યારે ભૈમી કહે છે : નળ સિવાય બીજું કોઈ મારા ચિત્તમાં ન હોય, ૧૮ દોષથી રહિત સર્વજ્ઞ ભગવાન મારા દેવ હોય, ૧૮ પ્રકારના બ્રહ્મચર્યમાં જે રમમાણ છે તેવા સુસાધુભગવંતો મારા ગુરુ હોય અને જન્મથી પ્રારંભીને મારા અંતઃકરણમાં અરિહંત પરમાત્માનો ધર્મ વજલેપની જેમ સ્થિર હોય તો આ રાક્ષસી દૂર રહો ! રાક્ષસી ત્યાં અટકી જાય છે, ગ્રન્થકર્તા લખે છે :

"महर्द्धय इवामोघवचना हि पतिव्रताः।।"

મહાન્ ઋદ્ધિવાળાઓની જેમ પતિવ્રતા સ્ત્રીઓનું વચન અમોઘ હોય છે. તમે લોકો આવું કંઈ કરવા જાઓ કે હું ધર્માનુરાગી હોઉં તો... આમ થાઓ ! પછી શું થાય ? પોલ ખુલ્લી થઈ જાય ને ? અત્યાર સુધી જે સંશયાત્મક અવસ્થા હતી તે નિર્ણયાત્મક અવસ્થામાં કન્વર્ટ થઈ જાય કે ધર્માનુરાગી નથી જ; માટે ભૂલેચૂકે આવું કાંઈ કરવા જશો નહીં.

## દમયંતીને અર્થીપણું ધર્મનું છે, તમને ? :

દમયંતી આગળ વધી ત્યાં એક સાર્થનો ભેટો થાય છે. સાર્થવાહે કહ્યું - દીકરી ! ચિંતા ન કર, હું અચલપુર જઉં છું, તને ફૂલની જેમ સાચવીને લઈ જઈશ. સાર્થવાહની સાથે સુખ-શાંતિપૂર્વક અચલપુર પહોંચી. દમયંતી ત્યાં રોકાઈ. સાર્થવાહ આગળ વધ્યો. દમયંતી શ્રમને દૂર કરવા નગરની વાવડીમાં ગઈ ત્યારે રાજાની રાણીની દાસીઓએ તેને જોઈ. દાસીએ રાણીને વાત કરી કે કોઈ રૂપરૂપના અંબાર જેવી પરદેશી સ્ત્રી વાવડી પાસે આવી છે. રાણીએ કહ્યું. તેને અહીં લઈ આવો. દાસીઓ પણ ગઈ અને કહ્યું કે અમારી રાણી તમને દીકરી માનીને રાખવા માંગે છે, તમે પધારો ! દમયંતી આવી રાજમહેલે, આ ચન્દ્રયશારાણી દમયંતીની માસી છે પણ ઓળખાણ નથી કાઢી. આ દમયંતીને સંસારનો રાગ છે, પણ અર્થીપણું નથી, અર્થીપણું ધર્મનું છે. તમને ધર્મના સ્થાનમાં પણ અર્થીપણું શેનું ? ભગવાને છોડીને બીજા-બીજાને પૂજવા જાઓ ને ? તમને ભગવાન મળ્યા પછી પણ સંસારનું અર્થીપણું છે ને નળ-દમયંતીને, સંસારમાં બેઠા હોવા છતાં અર્થીપણું ધર્મનું છે.

અહીં ચન્દ્રયશારાણી હંમેશા યાચકોને દાન આપતી હતી. દમયંતીને થયું કે હું દાન આપું તો કદાચ નળના કોઈ સમાચાર મળી જાય, તેથી એણે દાનશાળામાં જઈને દાન આપવાનું શરૂ કર્યું. જે યાચક આવે એને પૂછે - તમે આવા કોઈ વ્યક્તિને જોયો છે ? રોજ આ પ્રક્રિયા ચાલુ છે. એક દિવસ આરક્ષકો એક ચોરને બાંધીને લઈ જતા હતા. દમયંતીએ પૂછ્યું - આણે શું અપરાધ કર્યો છે, જેથી એને વધનો દંડ આપો છો ? આરક્ષકો કહ્યું - ચન્દ્રવતી દેવીના રત્નો ચોર્યા છે માટે. ચોરે દમયંતીને કહ્યું - હું આપનું શરણ સ્વીકારું છું, મને મોતના

દુઃખથી બચાવી લો ! આરક્ષકોને છોડવાનું કહ્યું તો કહે - રાજાનો ઓર્ડર છે તો દમયંતીએ પોતાના સતીત્વ અને શ્રાવિકાપણાંની વાત બોલીને કહ્યું આના બંધન તૂટી જાઓ ને તૂટી ગયા. હોહા મચી ગઈ. રાજા ત્યાં આવ્યા ને કહ્યું કે આ રાજધર્મ છે, મારું કર્તવ્ય છે કે દુષ્ટને દંડ કરવો. આ કહે-મારો ધર્મ છે, બીજાની પીડા જોઈ ન શકું, બચાવ્યો ને છોડાવ્યો ચોરને, એટલું જ નહીં ચોરીનું કારણ પૂછ્યું, એણે પોતાની તમામ હકીકત જણાવીને પૂછ્યું કે બચવાનો રસ્તો ? દમયંતીએ કહ્યું-તેં દુષ્કૃત્ય કર્યું છે, હવે દીક્ષા લઈને આત્માનો નિસ્તાર કર ! ચોરે કહ્યું-મને બચાવનાર, મારા ઉપકારી એવા આપનો આદેશ મને પ્રમાણ છે. એટલામાં જ ગુરુભગવંત પધાર્યા, ગુરુભગવંતને કહ્યું - આપને લાયક લાગે તો આને દીક્ષા આપો. ગુરુભગવંતે પણ તેને યોગ્ય જાણીને દીક્ષા આપી. આ આર્યદેશની બધી વિશેષતાઓ છે.

આ બાજુ દમયંતીના પિયરમાં ખબર પડી કે નળરાજા જુગારમાં બધું હાર્યા છે અને દમયંતી સાથે વનમાં નીકળ્યા છે. તો એના પિતા-માતા આદિને અત્યંત દુઃખ થયું છે ને પોતાના મિત્ર બટુને નળ-દમયંતીની તપાસ કરવા માટે મોકલ્યો છે. બટુ ફરતો ફરતો અચલપુરમાં આવ્યો. રાજસભામાં જઈને રાજા-રાણીને નળ-દમયંતીની અથથી ઇતિ સુધીની વાત કરી તો રાજા-રાણી સહિત આખી સભા ધ્રુસકે ધ્રુસકે રડી, પછી બટુને જમવા માટે દાનશાળામાં મોકલ્યો ત્યાં દમયંતીને જોઈને ઓળખી ગયો. ઘટસ્ફોટ થયો. રાજા-રાણી ત્યાં આવ્યા. રાણીને થયું, મારી ભાણેજ મારે ત્યાં જ હતી, છતાં હું ઓળખી ન શકી, ધિક્કાર થાઓ મને !

*સભા : કપાળના તિલકથી કોઈ ઓળખી ન શક્યું ?*

ના, આ બધા વિશિષ્ટ આત્માઓ છે, પોતાની વસ્તુ જાહેર ન કરે, છૂપાવેલું રાખે. આપણે તો જે કરીએ એ બધાને બતાવવા જોઈએ માટે આવા વિચાર આવે. અહીં દમયંતી પોતાના પિતાના ઘેર ગઈ અને નળનું શું થયું, તે અવસરે...

# પ્રવચન-૧૦

## ધર્મ પામેલાની માનસિકતા :

અનંતોપકારી અનંતજ્ઞાની ત્રણ લોકના નાથ પરમતારક પરમાત્માએ પોતાની આખી જિંદગી એક જ કામ કર્યું છે, એક જ ભાવના ભાવી છે કે જીવો જે અનાદિકાળથી કર્મોને અધીન બની દુઃખી થાય છે, પરેશાન થાય છે, પ્રસન્નતા પ્રાપ્ત નથી કરી શકતા તેનાં કારણોનો ઉચ્છેદ કરી જીવ પરમ પ્રસન્નતાને પામે. તેના ઉપાય રૂપે અદ્‌ભુત સિદ્ધાંતમય એવો ધર્મ વિશ્વ સમક્ષ રજૂ કર્યો. એ સિદ્ધાંતોના એંગલો સમજો તો આનાથી ચડીયાતી બીજી કોઈ ચીજ હોઈ ન શકે, એવું લાગ્યા વિના નહીં રહે. દુનિયાની ચીજો દેખીતો બહારનો આનંદ લાવી આપે, અંદરનો આનંદ તો માત્ર પ્રભુએ બતાવેલા સિદ્ધાંતોમાં છે. મોટો વર્ગ એ સિદ્ધાંતોને, ધર્મને જાણતો જ નથી માટે આનંદ આપનારી ચીજથી દૂર રહે છે અને દુઃખ આપનારી, આત્માને અપવિત્ર, ગંદો બનાવનારી ચીજો ભેગી કરે છે. નાનો બાળક ગંદકીમાં રમે પણ એની મમ્મી એને ન્હવરાવીને ચોક્ખો કરી દે જ્યારે સંસારી જીવને કોઈ ચોક્ખો કરનાર છે નહીં અને પોતે ગંદકીને ચોક્ખાઈ માની બેઠો છે. ગંદકીને ગંદકી માને, ગંદકી, ગંદકી સમજાય તો ન્હાવા-ધોવાની કિંમત સમજાય; માટે ગંદકી જેને ગંદકીરૂપે સમજાઈ ગઈ અને પવિત્ર થવાની દિશા તરફ પગરણ માંડીને પરમપવિત્ર થઈ ગયા તેવા આત્માઓની વાત કરવી છે. ધર્મ આવ્યા પછી જીવની વિચારધારા કેવી હોય ? ષટ્‌ખંડાધિપતિ પણ ધર્મ સમજાય તો કહે કે

> "जिनधर्मविनिर्मुक्तो मा भुवं चक्रवर्त्यपि ।
> स्यां चेटोऽपि दरिद्रोऽपि जिनधर्माधिवासितः ।।"

મને દાસ બનાવો તો ચાલશે, હું ગરીબ રહું એ મને મંજૂર છે પણ તારા

ધર્મ વિનાનું ચક્રવર્તીપણું પણ નથી જોઈતું. કેમ ધર્માત્માની આવી વિચારધારા ? છ ખંડનું રાજવીપણું વિચારી ન શકીએ તેવું લેવલ, ૩૨૦૦૦ રાજા જેને સલામ મારે, જેના કંટ્રોલમાં મોટા મોટા દેશ હોય એવા રાજાઓ સલામ ભરે, તેની પાસે રહેલી નવનિધિનું વર્ણન સાંભળ્યું છે ? ચૌદ રત્નો તો કેવા ? વિશ્વાસ ન હોય તો ગપાટા લાગે-આવી ઋદ્ધિના સ્વામી બનવા મળે તો પણ મારે એ નથી જોઈતું, પ્રભુ જોઈએ છે. શું સમજાયું હશે એ ધર્માત્માને ! ધર્મ વગરનું ચક્રવર્તીપણું પણ નથી જોઈતું અને ધર્મ મળવાનો હોય તો નોકર બનાવશો તો'ય ચાલશે, કેમ ? ધર્મમાં જ એવી તાકાત છે કે કોઈપણ પરિસ્થિતિમાં સુખ-સ્વસ્થતા ટકે અને આનું જ નામ ધર્મ છે. રાત્રિભોજન નહીં કરવું, કંદમૂળ નહીં ખાવું, નવકારશી કરવી, તપ કરવો, પર્યુષણમાં રૂપિયા વાપરવા, પૂજા કરવી ને ઘડપણ આવ્યું હોય તો સામાયિક કરવી-આટલો ધર્મ સમજો છો ને ? આ ધર્મ છે પણ એ વાસ્તવિક ક્યારે બને ? અંદર વાસ્તવિક ધર્મ પેદા થાય તો ! લોકો તો તમે ભલે કોઈના દાગીના પહેરીને નીકળ્યા હો તો માની લે કરોડપતિ પણ તમે તો અંદર સમજોને કે હું શું છું ? તેમ ધર્મી કહેવાઈએ, ધર્મ પણ કરીએ, છતાં મઝા ક્યાં આવે ? સામાયિકમાં કે રીસોર્ટમાં ? ધર્મમાં આનંદ આવે એ માટે પૂરી સમજ જોઈએ. જ્યાં સુધી ધર્મ કરતી વખતે આનંદ ન આવે ત્યાં સુધી વાસ્તવિક ધર્મ નહીં આવે. શરીર ચોક્ખું થવું જોઈએ તેવી સમજ છે માટે ન્હાતી વખતે આનંદ હોય અને પૂજાથી આત્મા ચોક્ખો કઈ રીતે થાય છે, તેનું જ્ઞાન નથી માટે પૂજામાં આનંદ નથી આવતો.

## બીજાનું દુઃખ 'દેખાય' છે ? :

નળ-દમયંતીના હૈયામાં ધર્મ-ધર્મના સિદ્ધાંતો ફીટ છે, માટે મહેલમાંથી સીધા જંગલમાં આવ્યા છે છતાં દીનતા નથી આવી. તમારે કરોડના બંગલામાંથી ઝૂંપડામાં આવવું પડે તો મનમાં શું ચાલે ? મન ચાલે કે બંધ થઈ જાય ? સૂવા માટે પણ દવા લેવી પડે ને ? દમયંતીએ પોતાના શીલને સુરક્ષિત રાખવાપૂર્વક ૭ વર્ષ જંગલમાં પસાર કર્યા પછી પોતાની ઓળખ આપ્યા વગર માસીના ઘેર રહી અને ત્યાર બાદ પિતાના ઘેર ગઈ. આ બાજુ નળ, દમયંતીને મૂકીને નીકળ્યો.

આગળ જતા એક બાજુ ધૂમાડાના ગોટેગોટા જોયા ત્યાં દાવાનલમાં સળગતાં પ્રાણીઓનો કરુણ અવાજ નળે સાંભળ્યો. થોડો આગળ જતા કાને અવાજ પડ્યો - બચાવો-બચાવો એવી બૂમ, ચીસ, વેદના સંભળાય છે. નળ અવાજની દિશામાં આગળ વધ્યો. આપણે પહોંચી ગયા હોઈએ જંગલમાં, તો કોઈની બૂમ સંભળાય ? મહેલમાં'ય નથી સંભળાતી ને ! રસ્તા પરથી જતા હોઈએ ત્યારે સંભળાય કોઈની ચીસ ? કોઈનું દુઃખ દેખાય તો શું વિચાર આવે ?

***સભા : દેખાય ખરૂં પણ અસર નહીં !***

એને દેખ્યું કહેવાય ? જેની અસર નહીં તે દેખ્યું ન કહેવાય. અહીંથી બહાર નીકળો તો બધું ન દેખાય, જે ચડિયાતું હોય તે દેખાય, તેની અસર થાય ને તે જ જોયું કહેવાય, બાકી બધું જોયું ન કહેવાય તેમ કોઈની તકલીફ દેખાય ને કાંઈ અસર ન થાય તે જોયું જોયું ન કહેવાય. ઘરમાં પાણી પડ્યું હોય ને પત્ની લૂછે નહીં તો શું કહો ? જોતી નથી ? જુએ તો છે જ છતાં એવું કહો છો માટે પૂછું છું-જોવું એટલે શું ? જોઈને ઇમ્પ્લીમેન્ટ કરવું. રસ્તામાં જતા હોવ ને રૂપિયાનું બંડલ દેખાય કે ૧૦ તોલાનો હાર દેખાય, પછી શું કરો ? જોયો ન જોયો એમ ? વાણિયા તો ઉસ્તાદ કહેવાય. 'લાલો લાભ વગર લોટે નહીં.' લાલો તેલ લઈને આવતો હતો, રસ્તામાં સોનામહોરની પોટલી જોઈ. લોકોની અવરજવર હતી. 'વાંકો વળું તો બધાને ખબર પડી જાય, મને ન મળે,' એમ વિચારી ઠેસ ખાઈને પડ્યો સોનામહોરની પોટલી પર. કો'કે ઘરે જઈને ડોસીમાને કહ્યું - તમારો લાલો પડી ગયો, તેલ ઢોળાઈ ગયું, માજી કહે-મારો લાલો લાભ વગર લોટે નહીં. જોયું કોને કહેવાય ? પૈસાદાર અને સાધુ બંને દેખાય, અસર કોની ? પૈસાદારની તો તે જોયું કહેવાય, દેખાય બંને છતાં, જોયું શું ? પૈસાદાર, સાધુ નહીં. જોવાનો અર્થ સમજાઈ ગયો ને !

## ધિક્કાર વ્યક્તિને નહીં, ધિક્કાર સંસારને :

નળે બૂમ સાંભળી તો પોતે આવી તકલીફમાં છે, રાજપાટ છૂટ્યું, દમયંતીને એકલી ઘોર જંગલમાં મૂકીને નીકળ્યો છે, એનું શું થશે, એની મનમાં ચિંતા છે, છતાં પરોપકાર કરવાનું મન થાય છે. ધર્મ શું કરાવે ? ધર્મી આત્મા

બીજાની તકલીફ જુએ તો પોતાની તકલીફને ગૌણ કરી દે, પોતાની તકલીફ ભૂલી જાય. આપણે કોઈની તકલીફ જોઈએ કે સાંભળીએ તો સાથે ગાવા લાગીએ કે મારે પણ આ તકલીફ છે. નળ તો ધર્માત્મા છે, પરાર્થવ્યસની છે, નિષ્કારણ ઉપકારી છે માટે બીજાની તકલીફ જોઈને પોતાની ભૂલી જાય. નળ વર્તમાન પરિસ્થિતિમાં રાજા નથી પણ આપણે કહીશું રાજા જ, કેમકે નળ દિલનો તો રાજા જ છે. ગયો બૂમની દિશામાં ત્યાં અગ્નિમાં ફસાયેલાં એક મોટા સાપને જોયો.

સાપ મનુષ્યની ભાષામાં બોલે છે 'નળરાજા મને બચાવો' પૂછ્યું કે તું કોણ છે ? તું મારા નામને કેવી રીતે જાણે છે ? તો કહે-મને અવધિજ્ઞાન થયું છે ને પૂર્વભવમાં હું મનુષ્ય હતો માટે. નળને દયા આવી અને કંપતા, ધ્રુજતા સાપને ખેંચવા માટે પોતાનું વસ્ત્ર નાંખ્યું, સાપ તેને પોતાની ફણાથી વીંટળાઈ ગયો ને નળે ખેંચીને બહાર કાઢ્યો અને દાવાનલ વગરના પ્રદેશમાં લાવીને મૂક્યો ને તરત એ સાપે નળને ડંખ માર્યો સાપ જેવો દંશ્યો એની સાથે જ નળનું શરીર બગડી ગયું. ખુંધ નીકળી, કુબડો બની ગયો, લાંબા હોઠ, પગ નાના, પેટ મોટું- આમ બધા જ અંગે બિભત્સ આકારવાળો થઈ ગયો; તો'ય ગુસ્સો નથી આવ્યો, ઉલ્ટાનું વિચારે છે કે ભગવાન કહે છે તે સાચું જ છે, સંસાર અસાર છે. જેનું સારું કરવા ગયો તેણે આવું કર્યું ! સંસાર આવો જ છે. **ભર્તૃહરિની જેમ, પિંગળા પર ગુસ્સો નહીં પણ સંસારનો રાગ જ ખરાબ છે. રાણી ન જોઈએ એમ નહીં, કામ જ ન જોઈએ તેમ નળને, નાગને પતાવી દઉં એમ નથી થયું પણ સંસારને જ પતાવી દઉં એવો વિચાર આવે છે.**

નળને વૈરાગ્યપ્રદીપ પ્રગટ્યો ને દીક્ષા લેવાના ભાવ જાગ્યા ત્યાં સર્પે પોતાનું અસલી દેવનું રૂપ પ્રગટ કર્યું. તારો જ પિતા નિષધ છું, પાંચમાં દેવલોકથી તારી આ સ્થિતિની ખબર પડી માટે આવ્યો છું. તેં ત્રણ ખંડમાં જે જે રાજાને જીત્યા છે તે તારા દુશ્મન છે. તને આ સ્થિતિમાં જોઈને મારી ન નાંખે માટે મેં તારું આવું રૂપ કર્યું છે. આ શ્રીફળ અને રત્નકરંડક રાખ. શ્રીફળ વધેરીશ, એમાંથી વસ્ત્રો નીકળશે અને રત્નકરંડકમાંથી અલંકારો નીકળશે, એ પહેરીશ એટલે તારું મૂળ સ્વરૂપ પ્રગટ થશે. દીકરાનો રાગ ગયો નથી પણ દીકરા તો ઘણા કર્યા તો

આ એક જ દીકરો યાદ રહ્યો ? ના, આનું પુણ્ય હતું. તમારા'ય પિતા ગયા છે, પાછા આવ્યા તમને મદદ કરવા ? ના, ગોભદ્ર ૯૯ પેટી મોકલે, પોતાની પત્ની માટે એકે નહીં, કેમ ?

*સભા : શાલિભદ્રનું પુણ્ય હતું.*

દીકરાની ૩ અને ૩૨ પત્નીની કુલ ૯૬ તો એક પોતાની પત્નીની જ નહીં, કેમ પત્ની ખરાબ હતી ? ના, તો એક પત્નીને કેમ બાકી રાખી ? વાર્તા કડકડાટ છે તો પ્રશ્ન ન થયો, કેમ આવું ?

*સભા : પુણ્ય–પાપનો ફરક તો પડવાનો જ !*

અચ્છા ખબર છે કે પુણ્ય છે તો ફરક પડે તો હવે બૂમ નહીં પાડવાની કે પુણ્ય ઓછું છે. ભદ્રામાતાએ તો બૂમ નહોતી પાડી કે મને કેમ નહીં ? તેમ તમારે'ય બૂમરાણ નહીં મચાવવાની કે સાસુ દેરાણીને સાચવે છે, મને કેમ નહીં ? એનું પુણ્ય છે, મારું નહીં.

## નળનું સુસુમારપુરમાં આગમન :

દેવે કહ્યું - જ્યારે રૂપ પ્રગટ કરવાનો અવસર આવે ત્યારે આ વસ્ત્રો, આભૂષણો પહેરેજે અને તારું ભોગાવલિ કર્મ બાકી છે, હમણાં દીક્ષાનો અવસર નથી, આવશે ત્યારે હું યાદ કરાવવા આવીશ. તમને ગમી જાય ને ? દેવ આવીને તમને કહે કે તારે ૧૫ દિવસમાં મુહૂર્ત છે, દીક્ષા થઈ જશે તો ગમે કે ભોગાવલિ જોરદાર છે, હજુ તો બીજી ચાર પત્ની, ગાડી, બંગલા, કરોડો રૂપિયા-બધું ભોગવવાનું છે, આવું કહે તો ગમે ? નળને પિતાદેવે કહ્યું, તમને કોઈએ કહ્યું છે માટે બેઠા છો ? નળને આ સાંભળીને હાશ નથી થઈ, પાપોદય ચાલુ થયો તેવું લાગે છે, પછી પૂછે છે કે દમયંતીનું શું થયું ? ત્યારે દમયંતીના સતીત્વની પ્રશંસા કરતા પિતાદેવે દમયંતીનો અથ થી ઇતિ સુધીનો વૃત્તાંત કહ્યો અને નળને સુસુમારપુરમાં મૂકીને દેવ પોતાના સ્થાને ગયો. નગરમાં પ્રવેશતા નમિનાથ-ભગવાનનું જિનાલય જોયું. દર્શન કરવા ગયો. રાગના નાશ માટે વીતરાગના દર્શન છે. પુલકિત દેહે પ્રભુના દર્શન કર્યા. જ્યારે નગરમાં પ્રવેશ કરતો હતો ત્યારે ત્યાં હોહા મચી હતી. હાથી ગાંડો થયો હતો ને આખા નગરમાં તોડ-ફોડ શરૂ કરી

હતી. દધિપર્ણ રાજાએ જાહેરાત કરી-હાથીને જે વશમાં લાવશે તેને વિશિષ્ટ ઇનામ આપવામાં આવશે. આખા નગરમાંથી એક બચ્ચો જવા તૈયાર નથી, નળ તૈયાર છે.

વર્તમાનના ભણેલા, ડિગ્રીધારીઓને પૂછવામાં આવે કે ગાંડા હાથીને વશમાં લાવવા શું કરવું ? તો જવાબ આપી શકે ? એની વાત જવા દો, જીવનમાં સાવ સામાન્ય ઘટના બને, પત્ની વિચિત્ર મળે, દીકરો ન માને-એવા અવસરે ચિત્તને સ્વસ્થ રાખી પ્રોપર રસ્તો કાઢતા ન આવડે તો ભણેલું શું કામનું ? ૨૦-૨૦ વર્ષ ભણ્યા પછી પણ જીવનમાં બનતી નોર્મલ ઘટનાનો ઉકેલ ન લાવી શકે ને અમારે ત્યાં એક નવતત્ત્વ વ્યવસ્થિત ભણ્યો હોય તો ગેરંટી આપું કે એ શાંતિથી જીવન જીવી શકે, કોઈ પણ ઘટનામાં સ્વસ્થતાપૂર્વક વિચારણા કરી શકે તો શું ભણવું જોઈએ ? કયા શિક્ષણની વેલ્યુ હોવી જોઈએ ? અચાનક રૂપિયા આવ્યા તો ડિગ્રીવાળો ડિપ્રેશનમાં આવી જાય ને નવતત્ત્વ ભણેલો વિચારશે કે આનું નામ પુણ્યકર્મ, એટલું જ નહીં, જે રૂપિયા દુર્ગતિ આપે એને સુગતિનું કારણ બનાવી શકે. આજે તમે અને તમારો પરિવાર આવા વિશિષ્ટ તત્ત્વજ્ઞાનથી દૂર છો માટે ઘરમાં અશાંતિ છે. એક વાર સદ્ગુરુ પાસે નવતત્ત્વ વિગેરેનો ઉંડાણથી અભ્યાસ કરી લો તો જીવન જીવવાની કળા તમને આવડી જશે.

## હાથી વશમાં... :

આ નળ પાસે બધી જ કળા છે. એણે રાજાનો પટહ ઝીલી લીધો ને હાથીની સન્મુખ સિંહની જેમ નિઃશંક જવા લાગ્યો. હાથીની નજીક જઈને એની ગોળ-ગોળ ફર્યો ને છેતરીને પૂછડું પકડીને ખૂબ ફેરવ્યો. હાથી થાકી ગયો એટલે ફટાક કરતાં એની ઉપર ચડી ગયો. ગંડસ્થલ હાથમાં આવી ગયું. હાથી વશ થઈ ગયો. કુબડો હતો છતાં રાજા ખુશ થયા ને ૫૦૦ ગામ ભેટ આપે છે. આ વિચારે છે ત્રણ ખંડનો રાજા હતો, ૫૦૦ ગામથી શું ? ના પાડી કે નથી જોઈતા. તમને તો રૂપિયો મળે તો'ય ? જે મળ્યું તે ! આ નળ ૫૦૦ ગામ લેવાની સ્પષ્ટ ના પાડે છે તો રાજા પૂછે છે શું જોઈએ છે ? તો કહે-જ્યાં સુધી તમારી આજ્ઞા પ્રવર્તતી હોય ત્યાં મદિરાપાન અને માંસાહાર બંધ કરાવો. રાજાને આનંદ થયો

ને તેની ઇચ્છા પૂરી કરે છે. પછી રાજાએ પૂછ્યું-બીજું કાંઈ આવડે છે તને ? આ કહે - સૂર્યપાક રસોઈ આવડે છે. રાજાએ એની પાસે બનાવરાવી ને વાપરી તો કહે - આ તો ત્રણ ખંડના સ્વામી નળરાજાને જ આવડે છે, તને કેવી રીતે ? તો કહે - હું એમનો રસોઈયો છું. એમણે મને શીખવ્યું છે. એ નાનાભાઈ કૂબેર સાથે જુગારમાં બધું હારી ગયા, દમયંતીને લઈને જંગલમાં ગયા ને મારે કૂબેર પાસે નહોતું રહેવું માટે અહીં આવ્યો છું.

નળ પોતાની જાતને પ્રગટ કરવા નથી માંગતો, આપણે તો લાભ દેખાતો હોય તો ક્વોલિફિકેશન બતાવીએ. પૂર્વકાળમાં કળા બતાવીને રૂપિયા નહોતા લેતા, ખુશ થઈને આપે એ વાત જુદી. વર્તમાનકાળમાં કોન્સેપ જ બદલાઈ ગયા છે. સ્કૂલમાં સ્લોગન લખે કે "સા વિદ્યા યા વિમુક્તયે ।" દોષોથી મુક્તિ આપે તે જ જ્ઞાન ને હવે જે નોકરી અપાવે તે જ્ઞાન. 'વિમુક્તયે' એટલે શું ખબર પડે છે તમને ? જ્ઞાન વેચવાની ચીજ છે ? મજૂરી કરીને જીવીશ પણ જ્ઞાન નહીં વેચું-આ દેશની આ માન્યતા હતી, આજે ભોગના કીડા થયા માટે આ પરિસ્થિતિ છે. નળે હું નળનો રસોઈયો છું એ રીતે જાહેરાત કરી ને નળ તો જંગલમાં કદાચ મૃત્યુ પામ્યો હશે ! આ સાંભળી દધિપર્ણરાજાને ખૂબ દુઃખ થયું ને એની તર્પણક્રિયા કરી.

## દમયંતીનો વિશ્વાસ :

દમયંતીના પિતા ભીમરાજા, દધિપર્ણરાજાના મિત્ર છે. એક વખત અહીંથી દધિપર્ણરાજાનો દૂત ભીમરાજા પાસે ગયો છે. ભીમરાજાએ સુસુમારપુરના બધા સમાચાર લીધા. દૂતે સમાચાર આપતા કહ્યું કે ત્યાં એક રસોઈયો છે તે સૂર્યપાક રસોઈ બનાવે છે. દમયંતી કહે-એ જ નળ છે. આ કહે-આ તો કૂબડો છે. સરખી તપાસ કરવા માટે ભીમરાજાએ પોતાના માણસને મોકલ્યો. દૂત સુસુમારપુર પહોંચ્યો. કુબડાને જોઈને વિચાર્યું-ક્યાં મેરુને ક્યાં સરસવ ? ક્યાં સૂર્ય-ક્યાં આગીયો ? આગીયો એટલે શું, ખબર છે ? તમને જીવનમાં જે કામમાં ન આવવાનું હોય તે આવડે ને જેનાથી આત્માને ફાયદો થવાનો હોય તેવા નોલેજથી દૂર-સુદૂર છો !

દૂતના મોંઢામાંથી કુબડાની સામે જ બોલાઈ ગયું કે ક્યાં નળ ને ક્યાં કુબડો ? નળ પૂછે છે-તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? તો આ કહે-ભીમરાજાએ તપાસ માટે મોકલ્યો છે પણ મારો ફેરો ફોગટ ગયો પછી નળ માટે એવાં વચનો બોલ્યો કે નળ કેવો નિર્દય કહેવાય ! દમયંતીને એકલી ઘોર જંગલમાં મૂકીને જતો રહ્યો, એને કેટલી તકલીફ પડી હશે ! આ સાંભળી નળની આંખમાં આંસુ આવ્યા, પછી કહે છે કે પૂરી વાત કર, શું બન્યું હતું ? તો આણે દમયંતીની બધી વાત કરી. એ સાંભળી નળ ધ્રુસકે ધ્રુસકે રડ્યો !! દમયંતી પ્રત્યેનો રાગ ઉદ્દીપ્ત થયો. આ માણસ દમયંતી પાસેથી આવ્યો છે માટે એને ઘરે લઈ ગયો. જે વ્યક્તિ ગમે તેનું બધું ગમે. તેની ચાલ, તેની હેરસ્ટાઈલ, તેની સ્પીચ-બધું ગમે. રાગ કેવો ? આખી પોતાની લાઈફ ભૂલી જાય કે હું કોણ હતો ? નળ આ દૂતને જમાડે છે ને ખૂબ ભેટણું આપે છે. એ દૂત આવ્યો કુંડિનપુર, ને કહ્યું કે ક્યાં નળ ને ક્યાં કુબડો ? ફેરો વ્યર્થ ગયો. દમયંતી કુબડાની આખી વાત પૂછે છે તો દૂતે હાથીને વશ કર્યો ત્યાંથી લઈને પોતાને ભેટણું ધર્યું ત્યાં સુધીની બધી વાત કરી આ સાંભળીને દમયંતી કહે છે સૂર્યપાક રસોઈ, હાથીને વશ કરવાની તાકાત અને આવી ઉદારતા નળમાં જ હોય. તમારી શું છાપ છે તમારી પત્ની પાસે ? મારા પતિદેવ ઉદાર !

**_સભા : બરાબર ઓળખી જ ન શકીએ._**

તો સાથે રહીને શું ઉકાળ્યું ? અમારી મનોરમા, સુદર્શનશ્રેષ્ઠીની પત્ની કહે - મારા પતિમાં કલંક સંભવે જ નહીં, તમારે ? તમારી પત્ની તમારો મોબાઈલ જોઈ શકે ? ખબર નહીં, વિશ્વસનીયતા વગર તમારા લોકોની જિંદગી કેવી રીતે ચાલે છે ? દમયંતી કહે છે-આ નળ જ હોય પરંતુ કુબડો કેમ ? પિતાને કહે છે કે કોઈ કર્મસંયોગ નળની આ સ્થિતિ થઈ છે, હવે કોઈક ઉપાયથી નળને અહીં બોલાવો ! નળનો મેલાપ કરાવવો છે. શક્ય બનશે તો આવતીકાલે નળનો મેળાપ કરાવીને વાર્તા પૂરી કરીશું પણ તમે વિવેચન વધુ નહીં કરાવો તો ! તમે કહી દો કે આ ચરિત્ર સાંભળી અમે અમારા જીવનમાં આમ આમ કરશું તો આગળ વધું પણ તમને કોઈ અસર જ ન દેખાય તો ? ચિલાતીપુત્રે પૂછ્યું-તત્ત્વ શું ?

ચારણઋષિએ કહ્યું-ઉપશમ તો એણે હા પાડી માટે વિવેચન ન કર્યું, બીજો શબ્દ કહ્યો-વિવેક, હા પાડી તો આગળ સંવર; બસ આટલામાં બધું સમજાઈ ગયું. ચિલાતીપુત્રે વિચાર્યું-મારું ! કાપું ! એવા ભયંકર ગુસ્સામાં છું, શાંત થઇ જા-ઉપશમ. સારું ગ્રહણ કર, ખરાબ છોડ, સુષમાનું મસ્તક-રાગનું ચિહ્ન, તલવાર દ્વેષનું ચિહ્ન, બંને ખરાબ માટે છોડ્યું-વિવેક ને છેલ્લે કોઈને પીડા નથી આપવી, સ્થિર થા, કાયોત્સર્ગ કર્યો-સંવર ! ત્રણે ત્રણ પદનું વિવેચન સ્વયં કરીને જીવનમાં ઉતારી લીધું. કાઉસગ્ગધ્યાનમાં રહ્યા પછી જંગલી કીડીઓ આવીને શરીરને આરપાર વીંધી નાંખ્યું તો વિચારે છે કે શરીર છોડવાનું છે ને આત્માને પકડવાનો છે, સાધના કરી લીધી, કાયમ માટેની સાધના પૂરી કરી તેમ તમે પણ હા પાડો તો કાલે પૂરું કરું, બરાબર ! વિચારીને આવજો.

# પ્રવચન-૧૧

અનંતોપકારી, અનંતજ્ઞાની, ત્રણલોકના નાથ, પરમતારક પરમાત્માએ કેવળજ્ઞાનમાં સમસ્ત જીવસૃષ્ટિને જોઈને જીવોને હિત અર્થે આત્મોત્થાનનો માર્ગ બતાવ્યો. એ માર્ગને આરાધવા માટેનો ગોલ્ડનટાઈમ = મનુષ્યભવ, બાકીની ગતિઓમાં આત્માનું ઉત્થાન માનવભવ જેવું શક્ય નથી. માટે પ્રભુએ કરોડો દેવો હાજર હોવા છતાં મનુષ્યને ઉદ્દેશીને જ વિશેષ વાતો કરી છે ને તે પરમાત્માની વાતો જેમણે દિલમાં વસાવી તેમનું કઈ રીતે આત્મોત્થાન થયું તેની વાતો શાસ્ત્રોના પાને નોંધાઈ છે. આજે પણ જે લોકોએ પ્રભુની વાત હૃદયમાં વસાવી છે તેની ઉન્નતિ જેવી ઉન્નતિ વિશ્વમાં બીજા કોઈની ન હોય એ જ વાતને અનુરૂપ નળ - દમયંતી ચરિત્રનો આજે છેલ્લો દિવસ છે. તેમણે જે રીતે ધર્મને હૈયે વસાવ્યો તે રીતે આપણે પણ ધર્મને જીવનમાં પ્રથમ નંબર આપવો છે.

## દધિપર્ણ દુઃખમાં... :

દમયંતી તો પહોંચી ગઈ છે પિતાના ઘેર પણ નળનો મેળાપ નથી થયો. નળ કુબડો બનીને સુસુમારપુરમાં ગોઠવાયો છે ને એક ઘટના બની તેથી દમયંતીએ કહ્યું-આવું વિશિષ્ટ દાન નળ સિવાય કોઈ ન કરે, આવી ઉદારતા નળમાં જ હોય. ભીમે એને અહીં બોલાવવા માટેનો ઉપાય શોધ્યો ને સ્વયંવરમંડપનું કહેણ દધિપર્ણરાજાને મોકલ્યું. નળ એની સાથે આવે માટે ખોટો સ્વયંવરમંડપ રચ્યો છે, બાકી આ મહાસતી છે. ખબર છે કે પાપના ઉદયે સ્ત્રીજન્મ મળે છે, તેમાંય જો શીલ ન હોય તો જીવનની કોઈ કિંમત નથી. શીલ એ સ્ત્રીનું આભૂષણ છે, અલંકાર છે. દધિપર્ણ રાજા સમાચાર સાંભળીને આનંદમાં આવી ગયા કે પૂર્વે પણ મારી ઇચ્છા હતી પણ દમયંતી નળને વરી હતી માટે મારો નંબર ન લાગ્યો, હવે તો મારા જેવો વિશિષ્ટ કોઈ નથી.

આ સંસારમાં દરેકને એમ લાગે કે મારા જેવો વિશિષ્ટ કોઈ નથી. દધિપર્ણરાજા ખુશ તો થયા પણ સમાચાર એવા આવ્યા કે આવતીકાલે જ સ્વયંવર છે, હવે ? દુઃખ શરૂ થયું. કારણ કે પોતાની નગરીથી કુંડીનપુર તો બહુ જ દૂર છે. અત્યાર સુધી દમયંતી નહોતી તો દુઃખ નહોતું પણ શક્યતા દેખાઈ ને હવે ન મળે તો દુઃખ. સંસારની આ જ સ્થિતિ છે. શક્યતા મુજબ વિચારવાનું ને પછી એમાં જે આડે આવે તેનો પ્રોબ્લેમ ! દુઃખી થવાનું, ટેન્શનમાં જીવવાનું. દધિપર્ણને આનંદ સાથે જ દુઃખને ટેન્શન છે. રાગી જીવની હાલત જુઓ ! કંઈ તકલીફ હતી ? આપણાંથી તો વેલસેટ હતા ને ? છતાં એટલા બધા દુઃખગ્રસ્ત છે કે બધાને ખબર પડી કે રાજા તકલીફમાં છે, દુઃખી છે. નળે પૂછ્યું - કેમ દુઃખી છો ? તો કહે - દમયંતીનો સ્વયંવર છે, એક રાતમાં કેવી રીતે પહોંચવું ? નળ વિચારે છે કે દમયંતી પરપુરુષનો વિચાર પણ ન કરે અને હું જીવતા તો આ વસ્તુ શક્ય નથી.

**'न स्त्रीपरिभवं कोऽपि सहते किं पुनर्नलः'**

કોઈ પણ માણસ પોતાની સ્ત્રીનો પરિભવ સહન ન કરી શકે તો નળ તો વિશિષ્ટ પરાક્રમી છે એ તો ક્યાંથી કરી શકે. ભીમરાજાને વિશ્વાસ હતો કે દધિપર્ણ સાથે તે કુબ્જ અહીં આવશે, કેમ કે નળ પાસે જ એવી શક્તિ છે કે ટૂંક સમયમાં ઘોડાને આટલો દોડાવી શકે ને કુબડો નળ હશે તો એ આ વસ્તુ સહન નહીં કરી શકે માટે આપણે જે કરવું છે એ થઈ જશે.

## તમારી પાસે સુખ છે ક્યાં ? :

દધિપર્ણનાં દુઃખનું કારણ જાણી કુબડાએ કહ્યું - હું લઈ જઈશ. આ કહે- કેવી રીતે ? તો કહે-મારી પાસે વિદ્યા છે, મને રથ અને ઘોડો આપો, રાત્રિ પૂરી થતાં તમને કુંડિનપુર પહોંચાડી દઈશ. રથની અને ઘોડાની પસંદગી માટે રાજાએ એને જ કહ્યું. એણે લક્ષણવંતા ઘોડાને પસંદ કર્યો. રાજાને લાગ્યું : હાથીને વશ કર્યો, સૂર્યપાક રસોઈ બનાવી, ઘોડાના લક્ષણો જોવાની માસ્ટરી-આ બધું જોતાં આ કોઈ સામાન્ય વ્યક્તિ નથી, વિશિષ્ટ વ્યક્તિ લાગે છે. તમને ઘોડાના લક્ષણો ખબર છે ? શું જાણો છો તમે ? બ્રાઝીલમાં કોફી બને, એ જાણો પણ એનાથી

જીવનમાં શું ફાયદો ? જીવનમાં શાંતિ ન હોય તો એનાથી શું મતલબ ? પત્ની તમારા કહ્યામાં ન હોય, દીકરો માનતો ન હોય, પૈસાની તકલીફ હોય, પીડા સિવાય કાંઈ છે ? ખતરનાક છે આ સંસાર ! આમાં સારું શું છે એ તો મને બતાવો !

*સભા : કાંઈ સારું નથી લાગતું.*

કીડીને'ય જ્યાં સારું ન લાગે ત્યાંથી ખસી જાય, તમે તો મસમોટા માનવ છો, બુદ્ધિશાલી છો તો તમે ખસી ન શકો ?

*સભા : અનુકૂળતા મળે છે માટે ખસતા નથી.*

અનુકૂળતા તમારે ત્યાં છે શું ? અમારે રોજ ૩૨ શાકને ૩૩ પકવાન, તમારે લગ્નમાં જ ઉંધીયું ને અમારે રોજ, અનુકૂળતા બોલ્યા જ છો તો કહો - તમારો ફ્લેટ મોટો કે અમારો ? તમને કેટલાં સેલ્યુટ મારે ને અમને કેટલા ? તમારે પરણો ત્યારે એક વાર બેન્ડ વાગે, અમારે ?

*સભા : અહીં જીભને અનુકૂળ મળે.*

ભીખારી થશો તો કચરાપેટીમાંથી દાણા વીણીને પેટ ભરવું પડશે. જીભના જ પ્રોબ્લેમ છે, જીભના ગુલામ બનીને બેઠા છો, એ બટન દબાવે તો દુઃખી અને સુખી, તમારી સ્થિતિ રમકડાં જેવી જ છે ? પત્ની પણ બટન દબાવે ને પૈસો પણ બટન દબાવે ! મને તો તમારા સંસારમાં કોઈ રીતે સુખ દેખાતું નથી, પ્યોર ગુલામી દેખાય છે ! તમને કઈ રીતે દેખાય છે ? કયા ચશ્મા પહેર્યાં છે ?

*સભા : અહીં રોજ ચાર દીવાલ વચ્ચે ને ત્યાં ફરીને ફ્રેશ !*

ભિખારી ઘર - ઘર ફરે ને શેઠિયો શાંતિથી બંગલામાં બેસે. મનમાં અશાંતિ હોય તેને શાંતિ મેળવવા ભટક-ભટક કરવું પડે, શાંતિથી બેસી પણ ન શકે છતાં સુખી ? ઠીક, તમારી દશા તમે જાણો.

### બાર વર્ષે નળનો મેળાપ :

નળે લક્ષણવંતા ઘોડા રથ સાથે જોડ્યા. શ્રીફળ અને રત્નકરંડક સાથે લીધા. અશ્વવિદ્યાનો જાણકાર છે તેથી ખૂબ ઝડપથી જઈ રહ્યા છે. માર્ગમાં રાજાનું વસ્ત્ર ઉડી ગયું તેથી કહ્યું-રથ ઉભો રાખ તો કુબ્જ કહે-વસ્ત્રથી તમે યોજનો

દૂર આવી ગયા. તમારા પ્લેનને'ય ટક્કર મારે એટલી સ્પીડથી આ રથ જઈ રહ્યો છે. કુબ્જની કળા જોઈને દધિપર્ણ ને થયું કે હું પણ વટ પાડું ! તમારી પણ આ જ સ્થિતિ છે ને ! બીજાનો વટ પડતો સહી ન શકો, પછી શું કરો ? તમારામાં દમ હોય કે ન હોય તમે તેને નીચે પાડવાની કોશિશ કરો, તેની નિંદા કરો પણ દધિપર્ણનો પાવર પોકળ નથી, એણે કહ્યું-દૂર દૂર જે બેડાનું ઝાડ દેખાય છે એના પર રહેલા ફળને ગણ્યા વગર કહી દઉં ! પણ આ કામ પછી કરશું, હમણાં મોડું થાય છે. નળ કહે – ના, હમણાં જ કરીએ અને નળે એક મુક્કો મારીને ફળો નીચે પાડ્યા. દધિપર્ણે કહ્યું : એ ૧૮૦૦૦ છે. ખરેખર એ ફળો ૧૮૦૦૦ જ હતા, એક વધારે પણ નહીં અને ઓછું પણ નહીં. શું તાકાત ને શું જ્ઞાન હશે આ લોકો પાસે ! નળે પોતાના પાસેની અશ્વવિદ્યા તેને આપીને બદલામાં આ વિદ્યા તેની પાસેથી લીધી. સવાર પડતા કુંડિનપુર પહોંચ્યા.

આ બાજુ દમયંતીને એ જ સવારે સ્વપ્ન આવ્યું : અધિષ્ઠાયક નિર્વૃતિદેવીએ કોશલા નગરીમાંથી ઉદ્યાન અહીં લાવ્યું ને એમાં રહેલા ફળેલા-ફૂલેલા આંબા ઉપર દમયંતીને ચડવાનું કહ્યું ને હાથમાં વિકસ્વર એવું કમળ આપ્યું. એટલામાં ત્યાં એક પક્ષી આવીને પડ્યું. દમયંતીએ પોતાના પિતાને સ્વપ્ન જણાવ્યું. પિતાએ તેનો ફળાદેશ કહ્યો-નિર્વૃતિદેવી એટલે પુણ્યપ્રકર્ષ, કોશલા નગરીનું ઉદ્યાન એટલે કૌશલરાજ્યનું ઐશ્વર્ય, આંબા ઉપર ચડવું = પતિનો મેલાપ અને પક્ષી પડ્યું તે કૂબેર રાજ્યથી ભ્રષ્ટ થશે. તે બધા સ્વપ્નના ફળ પણ જાણતા, તમારી પાસે શું જાણકારી છે ? કઈ હોટલ સારી ! કયું ફરવાનું સ્થળ નવું થયું ! બસ આટલું જાણો !

એ અવસરે દધિપર્ણરાજા આવ્યા. ભીમરાજાએ આતિથ્ય કર્યું ને કહ્યું કે તમારા રસોઈયાને સૂર્યપાક રસોઈ આવડે છે તે અમને બતાવો. કુબ્જે રસોઈ બનાવી ને બધાએ ચાખી તો નિર્ણય થયો કે ભલે કુબ્જ હોય, રૂપ આવું હોય, ગમે તેવો હોય પણ આ નળ જ હોય, છતાં વધુ પરીક્ષા માટે દમયંતીએ કહ્યું – અંગુલીના સ્પર્શથી પણ પાક્કો નિર્ણય થઈ જશે માટે કુબ્જ પાસે તિલક કરાવ્યું, એનાથી વધું દઢ થયું કે આ નળ જ છે તેથી પૂછી લીધું કે નળ છો ?

તો કહે - ક્યાં દેવ જેવા રૂપનો સ્વામી નળ અને ક્યાં હું ? દમયંતી કહે - ત્યારે જંગલમાં મને સૂતેલી મૂકીને જતા રહ્યા હવે ક્યાં જશો ? હવે નળે શ્રીફળ અને રત્નકરંડકનો ઉપયોગ કરીને વેષભૂષા બદલી. દમયંતી પોતાના અસલી રૂપવાળા પતિને જોઈને આનંદિત થઈ. દધિપર્ણના મોતીયા મરી ગયા ! દમયંતીની આશા હવે નથી રહી. તમે ચડાવો લેવાનું નક્કી કરીને આવ્યા હો અને બીજો લઈ જાય તો દુ:ખ થાય ને ? કેવો છે સંસાર ! ક્યારેક રૂપિયા જાય તો સુખ ને ક્યારેક બચે તો સુખ ! વસ્તુતઃ સુખ ક્યાં છે ? પત્ની, પૈસા બંગલામાં કે મનમાં ? તમારાથી ચડિયાતો બંગલો જોવાઈ જાય તો તમારો બંગલો સુખ આપે ? ના, તો સુખ-દુ:ખ ક્યાં છે ? મનમાં, તો રીપેરિંગ કરાવો, મિકેનિક પાસે પહોંચી જાઓ ને જે સ્ક્રુ ઢીલો પડી ગયો હોય તે ફીટ કરાવી દો ! વારંવાર વાગે ને દુ:ખ પેદા કરે એના કરતાં રીપેર કરાવી દેવું સારું. દધિપર્ણરાજા હવે નળનાં ચરણોમાં પડીને માફી માંગે છે. ખબર છે કે આ શક્તિશાળી રાજા છે. બધાં ભેગાં થયાં. ૧૨ વર્ષે નળ-દમયંતીનું મિલન થયું.

### ...એ તો મહેમાન છે :

હવે શુભ દિવસે વિપુલ સૈન્ય સાથે નળરાજાએ પોતાની નગરી તરફ પ્રયાણ કર્યું. થોડા દિવસોમાં પહોંચી ગયા. રાજપાટ છે છતાં નળનું નામ સાંભળીને કૂબેર ધ્રૂજવા લાગ્યો, કેમ ? રાજ્યમાં બેઠો છે છતાં કેમ ધ્રુજે ?

*સભા : રાજ્ય જતું રહેશે ?*

રાજ્ય એનું હતું ખરાં ? પછીથી આવે એ તો મહેમાન કહેવાય. તમારા ઘરમાં મહેમાન કોણ ને ઘરવાળા કોણ ? જે પહેલેથી હોય એ પોતાના ને પાછળથી આવે તે મહેમાન અને મહેમાન તો જવાના જ હોય ને મહેમાન જાય તો તમે રડવા બેસો ? ના, કેમ ? મનમાં ફીટ છે કે પાછળથી આવેલો વહેલો જાય તેમ તમે જન્મ્યા ત્યારે શું લઈને આવ્યા હતા ? કંઈ નહીં તો પાછળથી આવેલું જાય એમાં રડવાનું શું કામ ? એક શ્રાવક રોજ વ્યાખ્યાનમાં બીફોર ટાઈમ આવે. પછી વ્યાખ્યાન શરૂ થાય કોઈ દિવસ વ્યાખ્યાન ચૂકે નહિ, તમારી રાહ જુએ તો વ્યાખ્યાન શરૂ થાય ? એક વાર રાહ જોઈ પછી વ્યાખ્યાન શરૂ

થયું, શ્રાવક થોડા મોડા આવ્યા. મહાત્માને વિશ્વાસ હતો કે મોડા આવે નહીં ને મોડા આવ્યા માટે વ્યાખ્યાન પછી પૂછ્યું, કોને પૂછાય ? તમને પૂછાય કોઈ દિવસ ? ભૂલેચૂકે પૂછવામાં આવે તો પ્રત્યુત્તર શું મળે ? આજે જ મોડું થયું બાકી તો આવીએ જ છીએ ને ! માટે જ પ્રભુએ અમને ના પાડી છે. દૂરથી સારું, ઉંડા ઉતરવું નહીં. તમને પ્રભુએ કહ્યું - સદ્ગુરુની નજીક જવું અને અમને કહ્યું : સાડા ત્રણ હાથ દૂર રાખવા, કેમ ? તમે હાથ લાંબો કરો અને તમારી મીઠી વાતોમાં આવીને સાધુ હાથ લાંબો કરે તો'ય અડધા હાથનું અંતર રહે; જોખમ છે માટે પ્રભુએ ના પાડી છે, બાકી તમારું ચાલે તો તમે સાધુને ફેકટરીમાં પણ લઈ જાઓને ? સાધુને ઘરમાં પગલા કરાવો, એક એક રૂમમાં પગલાં કરાવો ને ? કેમ ? સાધુ પર વિશ્વાસ છે કે જ્યાં પગલાં પાડે ત્યાં તકલીફ ન આવે, એમ ? તકલીફની વ્યાખ્યા શું ? તકલીફ ન હોવી એટલે શું ? બહાર સારું રહે તે કે મન સારું રહે તે ? તો પગલાં ક્યાં કરાવવાના ? ઘરમાં કે મનમાં ?

***સભા : બહારની પવિત્રતા અંદરની પવિત્રતાનું કારણ બને ને ?***

પવિત્ર ઉપાશ્રય કે ઘર ? અંદરની પવિત્રતા માટે બહારથી પવિત્ર એવા ઉપાશ્રયમાં જ રહેવું જોઈએ. ઉપાશ્રયમાં કેટલાંયના શુદ્ધ પરમાણુ છૂટેલા હોય માટે શુભભાવો લાવવા ઘરમાં નહીં, ઉપાશ્રયમાં જવું પડે. ઉપાશ્રયમાં મહાત્મા ૨૪ કલાક રહે અને તમારા ઘરે ૨ મિનિટ આવે તો બહારનું પણ વધુ પવિત્ર વાતાવરણ ક્યાં ? આથી નક્કી કરો કે જેટલો ફ્રી ટાઈમ મળે તેટલો ઉપાશ્રયમાં પસાર કરવો. ઘણાં તો કહે-સાહેબ ! ટાઈમ જ મળતો નથી, તમે શું ૧૮ દેશનું રાજ કરો છો ? ૧૮ દેશનું રાજ કરનારા કુમારપાળ પણ પ્રતિદિન દેવ-ગુરુ પાસે જતા હતા; માટે ટાઈમનો વાંક ન કાઢો, મન બગડ્યું છે.

***સભા : એમને સાહેબી મળી ગઈ હતી.***

એટલે તમને સાહેબી મળશે તો શાંતિથી બેસશો ? ગામડામાંથી આવ્યા ત્યારે શું લઈને આવ્યા હતા ? દોરી ને લોટો ! ને હમણાં કેટલી સાહેબી મળી ? પહેલાં સૂવાની જગ્યા'ય નહોતી, ફૂટપાથ પર સૂતા'તા ને હવે આળોટો તો'ય

વાંધો ન આવે ને ? તમારા હાથ-પગ લંબાવી દો તો'ય કેટલી જગ્યા ? ૩×૬ તો મોટા બંગલાની જરૂર કેમ ? ઝાડુંથી સાફ કરવા ?!

*સભા : વટ પાડવા.*

પત્ની પાસે વટ છે ? દીકરા પાસે છે ? તો ગામમાં વટ પાડવો છે ? ઘરમાં પત્ની કહે બેસી જાઓ તો બેસી જાય ને ગામમાં વટ પાડવો છે ! મહાત્માએ પૂછ્યું - આજે મોડા કેમ ? તો કહે-મહેમાનને વળાવવા ગયો હતો. મહાત્માને જરા આશ્ચર્ય લાગ્યું ત્યારે બાજુવાળા ભાઈએ કહ્યું કે એમનો ૨૫ વર્ષનો જુવાનજોધ દીકરો અચાનક મૃત્યુ પામ્યો, તેનું મૃતકાર્ય કરવા ગયા હતા માટે મોડું થયું. શ્રાવક આત્મા સિવાયના તમામ વ્યક્તિને મહેમાન માનતો હોય.

## સંસારવિષયક વિશ્વાસ કોઈનો નથી ટક્યો :

કૂબેર તરફડે છે, ધ્રુજે છે, ભયગ્રસ્ત છે. રાજ્ય નહોતું ત્યારે'ય અશાંતિ હતી, મળ્યું, ટેમ્પરરી શાંતિ, ફરી હવે જવાનું છે માટે અશાંતિ, આવા છે આ સંસારનાં ભોગસુખો ! નળ વિપુલ સૈન્ય સાથે, અનેક રાજાઓનો જેને સપોર્ટ છે એવો તે કોશલ નગરીની બહાર આવી ગયો છે. કૂબેરને ખબર પડી ગઈ કે હું જીતી શકવાનો નથી. નળે દૂત દ્વારા સમાચાર મોકલ્યા કે યુદ્ધ નહીં કરું, હું જુગારમાં હાર્યો તો જુગારમાં જીતીશ. તમે આવું નહીં કરતાં ! ચરિત્રમાં જેટલું આવે તેટલું કરવા જેવું ન હોય. પિક્ચરમાં હીરો ૧૦ ને મારે, એ જોઈને તમે મારવા જાઓ તો હોસ્પિટલ ભેગા થવું પડે ! કૂબેર ખુશ થયો કે યુદ્ધની આશંકા તો દૂર થઈ ! જુગારમાં તો હું એને જીતી લઈશ પણ એને ખબર નથી કે કોન્ફિડન્સ સંસારના વિષયમાં ચાલતો નથી. સંસાર આખો પુણ્યને અધીન છે. કોન્ફિડન્સ ધર્મમાં ચાલે, સંસારમાં નહીં.

એક ભાઈ આવા જ કોન્ફિડન્સવાળા છે. બારે-બાર મહિના રોજ સવારે ચાલવાનું, યોગા કરવાના, એક કલાક એમના યોગા ચાલે, મને પણ ફોર્સ કરે કે આ રીતે કસરત કરો, શરીર સારું હશે તો અમારા જેવાને તારશો ! એમના શરીરમાં એક રોગ નહીં ને હમણાં સમાચાર આવ્યા કે અચાનક એ ભાઈના બંને

પગનાં ઘુંટણ ખલાશ થઈ ગયા, ઓપરેશન કરાવવા પડ્યા. સંસારમાં કોઈ કોન્ફિડન્સ ચાલતાં નથી. સનત્કુમાર કહે-મારા જેવું રૂપ કોઈનું નહીં, ઇન્દ્રમહારાજા દેવલોકમાં પ્રશંસા કરે. દેવો જોવા આવ્યાં. સનત્કુમાર સ્નાનગૃહમાં હતા છતાં મોઢું હલાવ્યું કે ખરેખર અદ્ભુત રૂપ છે. આ કહે - અહીં શું જુઓ છો ? શણગાર સજીને રાજદરબારમાં આવું ત્યારે જોજો ! દેવો ત્યાં આવ્યા ને મોંઢુ બગાડ્યું, એક સાથે સોળ મહારોગો ઉત્પન્ન થઈ ગયા !! ઘડી-બેઘડીમાં આખું ચિત્ર પલટાઈ શકે છે. સનત્કુમારને સમજાઈ ગયું સંસાર પર કોન્ફિડન્સ રાખીને જીવવું એ મૂર્ખામી છે. **જેના પર તમારો કંટ્રોલ નથી એના પર વિશ્વાસ એ મૂર્ખતા છે અને જે કંટ્રોલમાં છે એના ઉપર કોન્ફિડન્સ રાખીને જીવવું એ ડહાપણ છે.'** ધર્મ કહે છે - કોન્ફિડન્સ રાખો સમતામાં તો આનંદ જ આનંદ !

***સભા : કર્મ વચ્ચે આવે તો સમતા જતી રહે ને ?***

ચિંતા ન કરો ! એક વાર પણ સમતા આવી તેનું કલ્યાણ નિશ્ચિત છે. શાસ્ત્ર કહે છે - તે પડ્યો છતાં ચડ્યો છે. કેમ કે મોટાભાગના જીવો ચડતા જ નથી, જે પડ્યો તે એક વાર તો ચડ્યો ! એ પડ્યો હોવા છતાં પાછો ચડવાનો જ છે. આપણે પડવું નથી જ પણ પડવાના ડરે ચડવું જ નહીં એવું ન કરાય. એકવાર ચડ્યો એ બીજી વાર ચડવાનો જ છે. એક મિનિટ માટે પણ સમતા આવે તો મોહનીયની જે તાકાત હતી તે ખતમ થવાની ચાલુ થઈ જાય.

***સભા : કઈ ક્વોલિટીની સમતા ?***

જેને સમતા કહી શકાય તેવી સમતા, હા, હાઈક્વોલિટી નહીં કે ખાલ ઉતારે તો'ય કાંઈ ન થાય તેવી નહીં, માત્ર સમતા ગમે ને જે સમતા આવે તે. સમતા ગમે કોને ? સંસાર ન ગમે તેને. વાત ફરીને ત્યાં જ આવવાની, કેમ કે કરવાનું એ જ છે. સમતા ગમે તેને અનુકૂળપ્રતિકૂળ ન દેખાય માટે મોહનીયની તાકાત ખતમ થવા માંડે. જેમ દમયંતીને નળ ઉપર ગુસ્સો ન આવ્યો, કપરા સંયોગોમાં પણ એણે સમતા રાખી તેવી સમતા ગમવી જોઈએ. માનો કે નળ ધર્મથી ચ્યુત કરવા માંગત તો ગુસ્સો આવત !

## પિતા આવ્યા પ્રતિબોધ કરવા :

નળ અને કૂબેરે ફરી જુગાર રમવાનું શરૂ કર્યું. નળની જીત થઈ, કૂબેરની હાર થઈ, જુગારમાં બધું હારી ગયો કૂબેર ! પરંતુ નળ તો નળ છે. **"જેવા સાથે તેવા" તે જૈનશાસનનું સૂત્ર નથી, જૈનશાસનનું સૂત્ર છે : ગમે તેની સાથે સારા રહેવું; યુધિષ્ઠિર બનવું, દુર્યોધન ગમે તે કરે, યુધિષ્ઠિર એને બચાવવાનું જ કામ કરે !** નળ પણ એવી જ ઉદાત્ત ભૂમિકા પર આરૂઢ છે માટે કૂબેરને યુવરાજપદે સ્થાપ્યો. કૂબેરની ક્રૂરતાની સામે પણ નળે પોતાની કરુણા ન છોડી - આ ધર્મ પામ્યાની નિશાની છે. નળનો ત્રણ ખંડના રાજવી તરીકેનો રાજ્યાભિષેક થયો. ત્રણ ખંડનું રાજ્ય ભોગવતા નળ એમાં ખૂંચી ન જાય માટે સ્વર્ગમાંથી પિતા આવ્યા ને કહ્યું -

**"भवारण्ये लुण्ट्यमानं सदा विषयतस्करैः ।**
**आत्मनोऽपि विवेकस्वमरक्षन् पुरुषोऽसि किम् ।।**
**प्रव्रज्यासमयाख्यानं प्रतिपन्नं पुरा मया ।**
**तदिदानीं परिव्रज्यां गृहाणायुस्तरोः फलम् ।।"**

ભવાટવીમાં વિષયતસ્કરો આત્માનાં વિવેકધનને લૂંટી લે છે, એને લૂંટવા દેતા તારું પૌરુષત્વ શું ? દીક્ષાનો સમય થઈ ગયો છે, એમ કહેવા આવ્યો છું. દીક્ષા અંગીકાર કરીને માનવભવનું ફલ પ્રાપ્ત કર ! પૂર્વકાળમાં રાણીઓ રાજાના વાળ ઓળતી ને સફેદ વાળ દેખાય તો તરત કહે કે દૂત આવી ગયો, દીક્ષાનો સમય થઈ ચૂક્યો છે તેથી એ રાજાઓ દીક્ષા લેતા. પ્રભુ આદિનાથથી આ પરંપરા ચાલુ હતી. એક રાજા ઘરમાં ન મરે. અસંખ્ય પેઢી સુધી આ પરંપરા ચાલુ હતી, કોણે તોડી ? અસંખ્યનું માપ સાંભળી નહીં શકો તેવું છે. નળને પિતાએ આવીને પ્રતિબોધ કર્યાં. ભરતમહારાજાએ જાગૃતિ માટે સેંકડોને રાખ્યા હતા, તમે રાખ્યા છે એવા કોઈ ?

## નળ-દમયંતીના પૂર્વભવો :

***સભા : સાહેબ ! સલાહ લેવી નથી ગમતી***

ને આપવી બહુ ગમે છે. ચાન્સ મળે તો મહારાજ સાહેબને પણ આપવા આવો ને ? અહીં જ્ઞાનીગુરુ પધાર્યા. નળ-દમયંતી વંદન કરવા ગયા. દેશના સાંભળી, પછી કહ્યું - ભગવંત ! હવે સંસારમાં નથી રહેવું પણ આવી ઘટના કેમ બની ? તેનું કારણ પૂછ્યું. જ્ઞાની ભગવંતે પૂર્વભવ કહ્યો કે મમ્મણ નામના રાજા હતા, વીરમતી નામે રાણી. રાજા શિકારના શોખીન હતા. એક વાર બહાર જતા હતા ને અષ્ટાપદ પર્વત ઉપર જવા નીકળેલા મહામુનિ સામે મળ્યા. રાજાને અપશુકન લાગ્યું, તમને સાધુ મળે તો અપશુકન લાગે કે શુકન ? એક વાર કોઈ લગ્ન કરવા જતા હતા ને સામે સાધુ મળ્યા તો ગાડી પાછી વાળી, કોઈએ પૂછ્યું - કેમ ? તો સાધુના શુકનથી વૈરાગ્ય જાગી જાય ને દીક્ષા લઈ લે માટે. તમારી શું માન્યતા છે ? આ રાજાને અપશુકન લાગ્યા તેથી સાધુને અંદર પૂર્યા, બાર ઘડી પસાર થઈ ને પછી વિચાર આવ્યો કે આવું ન કરાય તેથી બહાર કાઢ્યા. મુનિ તો કેવા હોય ? અપકારીનો પણ ઉપકાર કરનારા હોય, ધર્મ સમજાવ્યો. રાજા-રાણીને પસંદ પડ્યો. શ્રાવક-શ્રાવિકા બન્યા ને અષ્ટાપદપર્વત ઉપર જઈને ૨૦-૨૦ આયંબિલથી આરાધના કરીને રાણીએ દરેક ભગવાનના તિલક બનાવરાવ્યા. ત્યાંથી મૃત્યુ પામી સ્વર્ગમાં ગયા. દેવલોક સહેલો છે. થોડું સારું કરો તો તમારા હાથમાં જ છે પણ તમને સારું કરવા કરતાં ખોટું-ખરાબ કરવામાં વધુ રસ છે.

નળ-દમયંતીનો જીવ સ્વર્ગમાંથી ચ્યવીને ગરબડનાં કારણે એક નગરમાં ધન્ય નામે ભરવાડ અને ધુસરી નામે ભરવાડણ થયા. એક વાર ભેંસને ચરાવા ગયા ત્યાં વરસાદ આવ્યો ને વરસાદમાં ધ્રુજતા એક મુનિને જોયા. વિચાર આવ્યો કે શરીર નબળું છે મહાત્માનું, ભક્તિ-સેવા કરવી જોઈએ, એમ વિચારી મહાત્માના મસ્તક ઉપર છત્ર ધરીને ઉભા રહ્યા. વરસાદ અટકવાનું નામ નથી લેતો. ૨ કલાક, ૪ કલાક, સાંજ સુધી વરસાદ આવ્યો તો ત્યાં સુધી છત્ર લઈને રહ્યો, કંટાળી ન જવાય ? એમને ત્યાં કંટાળો ન આવ્યો, પરંતુ ત્રણ ખંડના રાજપાટમાં કંટાળો આવ્યો. વરસાદ વરસી-વરસીને અટક્યો પછી ધન્ય ભરવાડે મહાત્માને પૂછ્યું-આપને ક્યાં જવું છે ? આ મારા પાડા ઉપર બેસી જાઓ ! હું આપને આપના સ્થાને મૂકી દઉં. મહાત્મા કહે-અમે કોઈ પણ પ્રકારના વાહનનો

ઉપયોગ ન કરીએ. પગે જ ચાલનારા હોય ને સાધુ ? મહાત્માએ ના પાડી તો ભરવાડનો આદર વધે છે. સજ્જન વ્યક્તિને ત્યાગીના દર્શન કરીને આદર થાય જ. વર્તમાનનું શિક્ષણ લેનારાઓને ભૌતિક જગતમાં જેનો સર્વશ્રેષ્ઠ ઉપકાર છે એવા મા-બાપ પ્રત્યે ભક્તિ ન હોય અને વિશ્વનું રક્ષણ કરનારા ટોચના ત્યાગીઓ પ્રત્યે આદર બહુમાનભાવ ન પ્રગટે.

આ ધન્ય અને ધુસરી મહાત્માના શુભયોગે ધર્મ પામ્યા, બોધ પામ્યા, શ્રાવકપણું અંગીકાર કર્યું, અંત સમયે દીક્ષા લઈ, સર્વસંગનો ત્યાગ કરી, સમાધિપૂર્વક કાળના ધર્મને પામ્યા. હિમવંતક્ષેત્રમાં યુગલિક તરીકે ઉત્પન્ન થયા. ત્યાં સુખ-સાહેબીમાં જીવન પૂર્ણ કરી દેવલોકમાં દેવ-દેવી તરીકે ઉત્પન્ન થયા. ૭ સાગરોપમ પર્યંત દેવલોકના સુખો ભોગવી ત્યારબાદ નળ-દમયંતી તરીકે અહીં જન્મ્યા. ક્યાં ભરવાડ-ભરવાડણ અને ક્યાં નળ-દમયંતી ? કઈ રીતે પ્રોગ્રેસ થાય છે, વિચારો ! ત્યાગી પ્રત્યે આદર જાગે, ત્યાગનો પ્રેમ પ્રગટે તો પ્રોગ્રેસ થવાનો જ છે. દમયંતીએ વીરમતીના ભવમાં અષ્ટાપદ ઉપર દરેક તીર્થંકર પરમાત્માને તિલક ચડાવ્યા હતા તેના પ્રભાવે તિલક મળ્યું, જે અંધકારમાં સૂર્યસમ પ્રકાશ ફેલાવતું હતું. નળે મમ્મણરાજાના ભવમાં ૧૨ ઘડી સુધી મહાત્માને હેરાન કર્યા હતા માટે ૧૨ વર્ષનો વિયોગ થયો.

***સભા : ભૂલ નળની જ હતી ને ! તો દમયંતીને પણ કેમ દંડ ?***

ચોરની સાથે ચોરીનો માલ લેનારને પણ પોલીસ પકડે ને ?

***સભા : તો કૃષ્ણનીસાથે વંદન કરનાર વીરકશાલવીને લાભ કેમ નહીં ?***

લાભ-નુકસાન જોડાણ અને નહીં જોડાણને આભારી છે. વીરકને જોડાણ નહોતું, સાધુ ગમતા ન હતા માટે લાભ ન મળ્યો અને દમયંતીને નળનું જોડાણ છે. માટે ભરવાડણનો ભવ કરવો પડ્યો, જોડાણ ન હોત તો આપત્તિ ન આવત. એટલે પ્રશ્ન શેનો છે, સમજો ! પ્રશ્ન જોડાણનો છે. એ બંને તો પાછળથી વાસ્તવિક ધર્મ પામી ચૂક્યા છે માટે ૧૨ વર્ષે ઠેકાણું પડી ગયું, બાકી ૧૨ લાખ વર્ષે પણ પૂરું ન થાય. ખોટું કરે એટલે આપત્તિ આવે, આપત્તિમાં પાછું ખોટું કરે, પાછી

આપત્તિ, આમ ચેનલ ચાલ્યા જ કરે, જો જીવ ધર્મ ન પામે તો ! આ તો ધર્મ પામી ચૂક્યા હતા માટે જ ધર્મ સૂઝ્યો, બાકી કૂબેર ઉપર ગુસ્સો ન આવે ?!

**ત્રણ ખંડના રાજવીની દીક્ષા :**

પૂર્વભવ સાંભળી ગુરુ પ્રત્યે અપાર ભક્તિ પ્રગટી. બહુમાનપૂર્વક વંદન કરીને રાજમહેલે આવ્યા. પુષ્કલ નામના દીકરાને રાજ્ય સોંપી દીક્ષા અંગીકાર કરી. આટલું સાંભળ્યા પછી ત્રણ ખંડ ગમે ? એમનું ચરિત્ર સાંભળી આપણે શું કરવાનું ? તમને સમજાય છે કાંઈ ? કોણ દીક્ષા લે છે ? ત્રણ ખંડનો રાજવી દીક્ષા લે છે, તમારી પાસે કેટલા ખંડ છે ?

*સભા : ત્રણ રૂમ.*

છોકરો કહે - પપ્પા ! મારી રૂમમાં નહીં આવવાનું. છોકરાનું ડ્રોવર બાપા અડી ન શકે. તેના રૂમમાં ફર્નિચર કેવું કરવાનું, એ પોતે નક્કી કરે, ગજબ કાળ આવ્યો છે ને ? ત્રણ ખંડના રાજાએ દીક્ષા લીધી, સાંભળ્યું, પછી શું ? મનમાં શું વિચાર ચાલે છે ? મહારાજ સાહેબ વાર્તા પૂરી કરે ને ઘેર જઈને ચા-પાણી ભેગા થઈએ, એમ ? બોલો ! શું વિચાર ચાલે છે ?

*સભા : નશો કેમ ઉતરતો નથી ?*

મહેનત કરવી પડે. ઘેર બેઠા કમાણી થાય ? નળ-દમયંતી બંનેએ દીક્ષા લીધી. દીક્ષાનું સુંદર પાલન કરી રહ્યા છે. દીક્ષાને આરાધતાં-આરાધતાં પાછી દમયંતી યાદ આવી. ખતરનાક છે રાગ !! રાગનો કીડો સળવળ્યો, આચાર્યભગવંતે બહુ સમજાવ્યું છતાં મન શાંત નથી થતું. સ્વર્ગમાંથી પિતાએ આવીને સમજાવ્યું. વધુ વ્રતપાલન માટેનું સામર્થ્ય નથી માટે અણસણ સ્વીકાર્યું. દમયંતીને ખબર પડી કે મારા પરના રાગથી અણસણ કર્યું છે તેથી તેણે પણ અણસણ કર્યું. કાળધર્મ પામીને બંને દેવ-દેવી થયા. દમયંતીનો જીવ ત્યાંથી ચ્યવી કનકવતી રાજપુત્રી તરીકે જન્મીને વસુદેવ સાથે તેના લગ્ન થયા. ત્યારબાદ દીક્ષા લઈ, કેવળજ્ઞાન પામી, કર્મો ખપાવી એ જ ભવે મોક્ષે ગઈ અને નળદેવનું આયુષ્ય લાંબું છે. કુબેર નામે દેવ છે, જે ભંડાર સાચવે તે. નળ દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી, મનુષ્યનો ભવ પ્રાપ્ત કરી, દીક્ષા લઈ, કર્મો-કષાયોનો ભુક્કો બોલાવી મોક્ષે જશે.

**ત્રણ ભવે મોક્ષ... :**

નળ-દમયંતીની કથા પૂરી થઈ, હવે આપણી કથા... ક્યાંથી આવ્યા ? ક્યાં જવાના ? તમારી વાર્તા બોલો, હું લખી લઉં ! ભવિષ્યની પેઢીવાળાને કામ લાગે. 'કોઈએ રૂપિયા દબાવ્યા તો'ય ઝઘડો, ક્લેશ, માથાકૂટ નથી કરી, શરીરમાં બિમારી આવી છતાં સમતાપૂર્વક સહી, દીકરો સામે બોલ્યો તો'ય ક્રોધ ન કર્યો, પત્ની વિચિત્ર મળી તો'ય આર્તધ્યાન ન કર્યું,' બોલો, શું છે તમારું ચરિત્ર ?

***સભા : આનાથી ઉંધું...***

તો નળથી ઉંધું પરિણામ આવશે ! એ દેવલોકમાં ને તમે નરકમાં... બોલો, પાછળવાળાને જણાવવા કામ લાગે તમારું ચરિત્ર ?

***સભા : કોઈ યાદ કરવાનું નથી.***

ના, એ રીતે યાદ કરે કે ગયા, હવે શાંતિ ! કેમ કે એમને નાળિયેર ચડાવ્યા વગર કોઈ કામ થતું નહોતું. અધિષ્ઠાયક દેવ હોય ને ! કોઈ ગામના, કોઈ ઉપાશ્રયના, નવો બચ્ચો આવે ઉપાશ્રયમાં ને નાળિયેર ચડાવવાનું ભૂલી જાય તો ધૂળ કાંઢી નાંખે ! તમારો નંબર આમાં નહીં લગાવતા. બોલો, આપણું ચરિત્ર ક્યારે પૂરું થવાનું ? આમનું ૩-૪ ભવમાં પૂરું થઈ ગયું તેમ ભગવાન આપણને પણ ગેરંટી આપે છે કે દેવ-ગુરુ-ધર્મને સમર્પિત થઈ જાય તેનો ત્રણ ભવમાં મોક્ષ થઈ જાય. કરવું છે પૂરું ત્રણ-ચાર ભવમાં ? ના, આપણે આપણું પૂરું કરવા માંગતા નથી માટે ઉંધા જઈએ છીએ પણ તમને ખબર નથી તમે ભૂતકાળમાં શું હતા ? ઉપમિતિ તમે વાંચ્યું નથી, નિગોદમાં હતો આપણો આત્મા, ત્યારે શ્વાસોશ્વાસ પણ પોતાની ઇચ્છાથી લઈ શકતા નહોતા, અનંતાની સાથે શ્વાસોશ્વાસ લેવાનો, પછી દૂધી બન્યા, કપાયા, કાકડી બન્યા કચુંબર થયું, પછી કીડી બન્યા સાકરના ડબ્બામાં ગયા ને સાકર સાથે ચામાં ઉકળી ગયા, મંકોડા બન્યા પગ નીચે ચગદાઈ ગયા, ગધેડો બન્યા માલિકે માર માર્યો, ઘોડો બન્યા ૪ ડિગ્રી તાવની માલિકે પરવા ન કરી, ચાબુક મારીને દોડાવ્યા ! - આ આપણો જ ભૂતકાળ હતો, હવે એને ભવિષ્ય નથી બનાવવું. આવા પરમાત્મા, પરમાત્માનું અદ્‌ભુત શાસન મળ્યા પછી આપણે આપણા ભવિષ્યને ઉજળું બનાવી દેવું છે. આ

જીંદગીમાં પ્રભુના ધર્મનું આરાધન... દેવલોક... પ્રભુ હાથે દીક્ષા... કેવળજ્ઞાન ને મોક્ષ...! ઉપમિતિમાં લખ્યું છે : શ્રાવકને કોન્ફિડન્સ હોય કે મારો ત્રીજા ભવે મોક્ષ થશે જ. આપણે આપણા આત્માને એ ભૂમિકા સુધી પહોંચાડી ત્રીજા ભવે મોક્ષ લઈને રહેવું છે એવી ભાવના સાથે પૂરું કરું છું.

પરમાત્માની આજ્ઞાવિરુદ્ધ કાંઈ પણ બોલાયું હોય તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિદુક્કડમ્...

(અવતરણમાં પૂજ્યપાદ ગુરુભગવંતશ્રીના આશયવિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિદુક્કડમ્ ...)

## प्रवचनसाहित्यश्रेणी (हिन्दी)

१. जैनशासन की दीक्षा
२. सच्चे सुख की खोज में
३. परिवार संस्कारीकरण
४. कर्म की हार धर्म की जीत
५. धर्म प्राप्ति के उपाय
६. तारकतत्त्व की पहचान
७. सज्जनता
८. साधना दे सफलता
९. जैनशासन की अहिंसा

## प्रवचनसाहित्यश्रेणी (विविध भाषा)

१. जैनशासनस्य दीक्षा (संस्कृत)
२. जैनशासनाची दीक्षा (मराठी)
३. जैनशासनरी दीक्षा (मारवाडी)
४. JainShasan's Diksha (English)
५. જૈનશાસન જી ડ઼િક્ષા (કચ્છી)

## વાચનાસાહિત્યશ્રેણી (ગુજરાતી)

૧. વાચનાનું વહેણ
૨. વાચનાની વાટે
૩. સુખનો સાગર
૪. ઉચિત વ્યવહાર
૫. મહાવ્રતનો મહિમા

- મહારાજા નળના જીવનમાં કેવી ચડતી-પડતી આવી ?
- એ વખતે તેમણે કઇ રીતે મન સ્વસ્થ રાખ્યું ?
- મહાસતી દમયંતીના લલાટે કુદરતી તિલક કેમ હતું ?
- મહાસતી દમયંતીએ પોતાના જીવનમાં કોને કોને પ્રતિબોધ આપ્યો ?

આ અને આવા પ્રશ્નોના સમાધાન માટે હૃદયને ભીંજવતા આ પ્રવચનો અચૂક વાંચવા રહ્યા.


પ્રવચન સાહિત્યશ્રેણી ૩૬ (ગુજરાતી)

સંયમ સુવાસ

સૂરિજિનચંદ્ર સંયમ અર્ધશતાબ્દીવર્ષ
૫૦
સ્વર્ણિમ સંયમ પર્વ
ફા.સુ.૪, વિ.સં.૨૦૭૧-૭૨